
# પિતૃઓ
# આપણા અદૃશ્ય સહાયકો



– શ્રીરામ શર્મા આચાર્ય

# પિતૃઓ
# આપણા અદૃશ્ય સહાયકો

લેખક

**શ્રીરામ શર્મા આચાર્ય**

**ડૉ. પ્રણવ પંડ્યા (એમ.ડી.)**

પ્રકાશક :

**યુગનિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ**

ગાયત્રી તપોભૂમિ, મથુરા

ફોન : (૦૫૬૫) ૨૫૩૦૧૨૮,૨૫૩૦૩૯૯

મો.૦૯૯૨૭૦૮૬૨૮૭,૦૯૯૨૭૦૮૬૨૮૯

ફેક્સ (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

પ્રાપ્તિસ્થાન :

**ગાયત્રી જ્ઞાનપીઠ**

પાટીદાર સોસાયટી, જૂના વાડજ

અમદાવાદ - ૩૮૦૦૧૩

ફોન (૦૭૯) ૨૭૫૫૭૨૫૨

પ્રથમ આવૃત્તિ ઓક્ટોબર - ૨૦૧૩ રૂ. ૧૯.૦૦

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૧. પરોક્ષજગત સાથેનો સંપર્ક દરેક રીતે લાભદાયક | ૩ |
| ૨ સહયોગ અને સહકારસભર દિવ્ય આત્માઓ | ૨૬ |
| ૩ પિતૃઓ : આપણા શુભચિંતક અને સાચા માર્ગદર્શક | ૫૭ |
| ૪ અનીતિની અવરોધક પરોક્ષ શક્તિઓ | ૯૧ |
| ૫ પિતૃઓ પ્રત્યે શ્રદ્ધા - કૃતજ્ઞતાની અભિવ્યક્તિ | ૯૮ |



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# પરોક્ષજગત સાથેનો સંપર્ક : દરેક રીતે લાભદાયક

જેવી રીતે મનુષ્ય ચેતના અને પદાર્થનું સમન્વિત સ્વરૂપ છે એવી જ રીતે આ બ્રહ્માંડ પણ વિરાટ પુરુષનું સુવિસ્તૃત સ્વરૂપ છે. તેમાં પણ સ્તરને અનુરૂપ અસીમ પદાર્થો અને અનંત ચેતના ભરેલાં છે. બંનેના સમન્વયથી જ આ સૃષ્ટિની વ્યવસ્થા ચાલી રહી છે. ઉત્પાદન, પાલન અને પરિવર્તનની ત્રિવિધ કાર્યપદ્ધતિ અપનાવનાર સર્જનહારનું આ સ્થૂળ શરીર એવો પદાર્થ સમુચ્ચય પોતાના ભાગે આવેલું કાર્ય પૂરું કરવામાં વ્યસ્ત છે. સર્જનહારનું સૂક્ષ્મ શરીર એવું છે, જેમાં સ્થૂળ જગતની પ્રત્યક્ષ ઘટનાઓ માટે જવાબદાર અદૃશ્ય ક્રિયા-પ્રક્રિયાઓ થતી રહે છે. તેને પરોક્ષ વાતાવરણ પણ કહી શકાય. તેને અનુરૂપ જ સંસારની અનેક પરિસ્થિતિઓ બનતી રહે છે. સૂક્ષ્મ જગતમાં ભૂત અને ભવિષ્યના બધા જ પ્રવાહો રહેલા છે, જેમને સમજી શકવાથી ભૂતકાળમાં કઈ ઘટના બની હતી અને ભવિષ્યમાં શું થવાનું છે તેની જાણકારી મળી શકે છે.

કેટલાંક લક્ષણો જોતાં જ વરસાદ, આંધી, તોફાન, હિમપાત, ઋતુઓ વગેરેની આગોતરી જાણકારી મળી જાય છે, એવી જ રીતે અદૃશ્યજગતમાં ચાલી રહેલી સચેતન હિલચાલોને જોતાં ભવિષ્યની સંભાવનાઓ, ભૂતકાળની ઘટનાઓ અને વર્તમાનની પરિસ્થિતિઓનો પૂર્વાભાસ મેળવી શકાય છે. સામાન્ય રીતે મનુષ્યની સમજણ પોતાનાં કાર્યો નક્કી કરવાના કામમાં જ આવે છે. તેને પરિસ્થિતિઓની પૃષ્ઠભૂમિ તથા સંભાવનાઓ વિશે કોઈ વધારે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જાણકારી હોતી નથી. જો સૂક્ષ્મજગત સાથે સંપર્ક સાધવો શક્ય બને તો અંધારી ગલીઓમાં ભટકતા રહેવાને બદલે પ્રકાશનું અવલંબન અવશ્ય મળી શકે છે. આવી સ્થિતિ જેમને પણ પ્રાપ્ત થાય તેઓ સંભાવનાઓને સમજીને પોતે એવાં યોગ્ય પગલાં ભરશે અને બીજાઓને પણ તકને અનુરૂપ સતર્ક રહેવાનું માર્ગદર્શન આપી શકશે.

અદૃશ્ય જગત પોતાની રીતે એક પરિપૂર્ણ સંસાર છે. મનુષ્યોની પોતાની દુનિયા, સમાજવ્યવસ્થા, રીતરિવાજો અને દિનચર્યા છે, એવી જ રીતે જળચરોની, કૃમિકીટકોની, વન્ય પશુઓની, પક્ષીઓની, ધૂળમાં રહેતાં જીવાણુઓની, વાયરસ-બેક્ટેરિયાઓની પણ પોતપોતાની એક દુનિયા હોય છે. તેમની સમસ્યાઓ, સુવિધાઓ, જરૂરિયાતો, મુશ્કેલીઓ તથા ઈચ્છાઓ મનુષ્યોની દુનિયા કરતાં સાવ જુદી હોય છે. પડોશમાં રહેવા છતાં પણ આ અનોખો સંસાર એકબીજાની પરિસ્થિતિઓથી મોટેભાગે અપરિચિત જ હોય છે. પાલતુ પશુઓ, પક્ષીઓ અને મનુષ્યોની વચ્ચે ઉદરપોષણ જેટલો જ સંબંધ હોય છે, બાકીનાનું એકબીજા સાથે કોઈ પણ જાતનું આદાનપ્રદાન પણ ચાલતું નથી કે ન તો કોઈ એકબીજા માટે ખાસ સહયોગી સાબિત થાય છે.

બિલકુલ એવી જ રીતે અદૃશ્ય લોકમાં સૂક્ષ્મ જીવધારીઓની એક અનોખી દુનિયા છે. શરીર છોડ્યા પછી નવો જન્મ મળવાની સ્થિતિ આવે ત્યાં સુધી મનુષ્યોએ આ ક્ષેત્રમાં જ રહેવું પડે છે. ભૂત - પ્રેતોની, દેવીદેવતાઓની, લોકલોકાંતરોની, સ્વર્ગ-નરકની ચર્ચાઓ મોટે ભાગે થતી જ રહે છે. એવાં પ્રમાણો અને ઉદાહરણો રોજેરોજ મળતાં રહે છે, જેનાથી દિવંગત આત્માઓએ સૂક્ષ્મ શરીર



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ધારણ કરીને દિવસો પસાર કર્યાની અને અવારનવાર મનુષ્યોને સહયોગ આપ્યાની કે હેરાન કર્યાની જાણકારી મળે છે. મનુષ્યોની જેમ તેમની પણ એક દુનિયા છે. તે બધા જ માણસો શરીર છોડીને એ ક્ષેત્રમાં જઈ પહોંચ્યા છે, તેથી સ્વાભાવિક રીતે આ સંસાર સાથે સંપર્ક સાધવાની તેમને ઇચ્છા થતી હશે. મુશ્કેલી એક જ છે કે જીવિત કે દિવંગત આત્માઓમાંથી કોઈને એવો અનુભવ નથી કે પરસ્પર સંપર્ક સાધવાની અને આદાનપ્રદાનની પરંપરા કેવી રીતે શક્ય બને. પ્રયત્નોમાં સફળતા ન મળવાથી અનેક પ્રેતાત્માઓ અણઘડ ઉપાયો અજમાવે છે. મૂળભૂત રીતે મનુષ્યો આ અનુભૂતિથી જ ભયભીત અને આતંકિત થાય છે. જો કે તેમનામાંથી કેટલાય પોતાના પ્રિયજનો સાથે સ્નેહ, સૌજન્ય અને સહયોગની પરંપરા ચલાવી શકે છે. એક દેશ બીજા દેશના, એક સમાજ બીજા સમાજના અને એક વ્યક્તિ બીજી વ્યક્તિના સ્નેહબંધનમાં બંધાઈ જતાં ઉપયોગી પરિણામો પ્રાપ્ત કરી શકતા હોય, તો કોઈ કારણ નથી કે થોડા સમય પહેલાં પોતાના જ જેવા મનુષ્ય રહી ચૂકેલા આત્માઓની તેઓ શરીર ખોઈ ચૂક્યા છે અને સૂક્ષ્મ શરીરમાં અંતરિક્ષમાં નિવાસ કરી રહ્યા છે એટલા માટે કોઈ ઉપેક્ષા કરે. આત્મવિજ્ઞાનમાં એવું સામર્થ્ય છે કે તે આ બંને લોકોની વચ્ચે ભાવનાત્મક તથા ક્રિયાત્મક સહયોગનાં દ્વાર ખોલી શકે.

ક્રોધિત, વિક્ષુબ્ધ, બીમાર, વ્યથિત, પીડિતોને સહકાર આપનારી ઉદાર માનવીય કરુણાવિહીન સ્થિતિમાં પડેલા પ્રેતાત્માઓને, ખાસ કરીને સહયોગની આશા-અપેક્ષા રાખનારા દિવંગત સંબંધીઓને મદદ કરવાનું તો સરળ છે. બીજાઓને નુકસાન પહોંચાડવામાં વ્યસ્ત અને ક્રોધિત રહેતા આત્માઓને સાંત્વના આપીને તેમના આક્રોશ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કે વેરભાવથી કષ્ટો ભોગવતા લોકોને રાહત અપાવી શકાય છે. ક્રોધિત, અસંતુષ્ટ તથા દુર્ગતિગ્રસ્ત આત્માઓને પ્રેત કહેવામાં આવે છે. જેઓ શ્રેષ્ઠ અને ઉન્નત જીવન જીવે છે તેમને પિતૃઓ કહેવામાં આવે છે. તેઓ જીવનકાળની જેમ મરણોત્તર સ્થિતિમાં પહોંચ્યા પછી પણ કોઈને મદદ કરવા અને પરિસ્થિતિઓને સારી બનાવવામાં યોગદાન આપવા માગે છે. આવા આત્માઓની મદદથી કેટલાય લોકોએ ઘણાં બધાં અનુદાનો પ્રાપ્ત કર્યાં છે. આ પ્રકરણ એવું છે, જેને અધ્યાત્મના આધારે વધારે સારી રીતે વધુ વ્યાપક અને યોજનાબદ્ધ ઉદ્દેશ્યો માટે રજૂ કરી શકાય છે. આ પ્રક્રિયાથી બંને પક્ષોને લાભ તથા સંતોષ મળશે એટલું ચોક્કસ છે.

પિતૃઓ ક્યાં હોય છે, કેવા દેખાય છે તથા તેમની સાથે સંપર્ક સ્થાપવાની પ્રક્રિયા કયા વૈજ્ઞાનિક આધારે પૂરી થઈ શકે તે સ્થૂળ બુદ્ધિથી સમજી શકાય તેમ નથી. તેના માટે ચિંતનને વ્યાપક બનાવીને સૂક્ષ્મજગતની રચનાને સમજવી પડશે.

શાસ્ત્રોમાં વિભિન્ન લોકોનું વર્ણન જોવા મળે છે, જેમાં જીવનમુક્ત આત્માઓ વિચરણ કરે છે અને શરીરધારી પૃથ્વીવાસીઓને મદદ કરવા માટે હંમેશાં તત્પર રહે છે. આ લોકોને ભૌતિકવિજ્ઞાનનાં પરિણામોના આધારે સમજી શકાય તેમ નથી કારણ કે સૂક્ષ્મ હોવાને કારણે તેમની સ્થિતિ ચોથા પરિમાણથી પણ પર હોય છે, પરંતુ સાધના પુરુષાર્થથી પ્રાપ્ત દિવ્યદૃષ્ટિસંપન્ન સાધકો પોતાને સૂક્ષ્મરૂપમાં બદલીને અથવા તો સ્થૂળ સ્થિતિમાં આ આયામોના રહસ્યમય સંસારનું દિગ્દર્શન કરી શકે છે. આ સંસારમાં સૂક્ષ્મ આત્માઓ પોતાનાં કર્મોને અનુરૂપ ફળ પામે છે તથા તેના જ આધારે એક ચોક્કસ સમય સુધી તેમને તેમાં જ રહેવું પડે છે. આ એક સુનિશ્ચિત સત્ય છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

શાસ્ત્રો પ્રમાણે જન્મમરણના ચક્રમાં ફરતો જીવ સ્વર્ગ-નરક, પ્રેત-પિશાચ, પિતૃ, કૃમિકીટક, પશુ તથા મનુષ્યયોનિને પ્રાપ્ત કરે છે. આ દરમિયાન તેને જે જે ગતિઓ પ્રાપ્ત થાય છે તેને જ શાસ્ત્રોમાં બે ભાગમાં વહેંચવામાં આવી છે - કૃષ્ણ અથવા શુક્લ ગતિ. તેને ધૂમયાન અને દેવયાન પણ કહેવાય છે. 'છાંદોગ્ય ઉપનિષદ'માં આ ગતિઓ અને જીવાત્માની જુદી જુદી સ્થિતિઓનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. ગીતાકારે પણ કહ્યું છે -

**ત્રૈવિદ્યા માં સોમપાઃ પૂતપાપા, યજ્ઞૈરિષ્ટ્વા સ્વર્ગતિં પ્રાર્થયન્તે।**
**તે પુણ્યમાસાદ્ય સુરેન્દ્રલોકમશ્નન્તિ, દિવ્યાન્દિવિદેવભોગાન્॥**
**તે તમ ભુક્તવા સ્વર્ગલોકં વિશાલં, ક્ષીણે પુણ્યે મર્ત્યલોકં વિશન્તિ॥**

(ગીતા-૯.૨૦-૨૧)

અર્થાત્ - વૈદિક સકામ કર્મકાંડ દ્વારા, યજ્ઞભગવાનની પૂજા દ્વારા યજ્ઞશેષના સોમપાનથી નિષ્પાપ બનીને શ્રેષ્ઠ વ્યક્તિ સ્વર્ગ તરફ પ્રયાણ કરે છે અને ત્યાં જુદા જુદા પ્રકારના દેવભોગોને ભોગવે છે. આ વિશાળ સ્વર્ગલોકમાં અનેક પ્રકારના ભોગોને ભોગવ્યા પછી જ્યારે પુણ્યકર્મ સમાપ્ત થઈ જાય છે ત્યારે જીવ ફરીથી આ મૃત્યુલોકમાં આવે છે. અત્રે યજ્ઞનો અર્થ પ્રાણાગ્નિનું સ્ફુરણ તથા વ્યક્તિત્વનું ઉદાત્તીકરણ છે. ભજનપ્રક્રિયાના કર્મકાંડ અનિવાર્ય તો છે, પરંતુ મુખ્ય નથી.

અધ્યાત્મવેત્તાઓના મત પ્રમાણે સૂક્ષ્મ દૃષ્ટિસંપન્ન વ્યક્તિ પૃથ્વી પર બેઠાંબેઠાં જ સમસ્ત લોકો તથા તેમાં નિવાસ કરી રહેલા સૂક્ષ્મ આત્માઓ સાથે સંપર્ક સાધનામાં સમર્થ હોય છે. તે ઉપરાંત કેટલીક સૂક્ષ્મ સત્તાઓ અંતરીક્ષ લોકોમાં જ નહિ, પરંતુ પૃથ્વી પર પણ નિવાસ કરે છે. તેઓ પોતાના તરફથી શરીરધારીઓ સાથે સંપર્ક સ્થાપિત



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરવાનો પૂરો પ્રયાસ કરે છે, પરંતુ સૂક્ષ્મજગતથી અજાણ મનુષ્ય સમુદાયથી ભયભીત થવાથી તેઓ સંકોચ કરે છે, જ્યારે દ્રષ્ટા સાધકો તેમનો પૂરેપૂરો સહયોગ લઈને પોતાને જ નહિ, પરંતુ જીવધારી સમુદાયને પણ પરોક્ષના વૈભવથી લાભાન્વિત કરતા રહે છે.

થિયોસોફી સોસાયટી મરણોત્તર જીવન પર પૂરો વિશ્વાસ ધરાવે છે તથા તેમના મતાનુસાર જીવાત્માનો સતત વિકાસ થતો રહે છે. આ કાર્યમાં ઈશ્વરની વિધિવ્યવસ્થામાં સહયોગ આપવા માટે મહાન સૂક્ષ્મ શરીરધારી આત્માઓનો એક સંઘ છે, જેનું કેન્દ્ર હિમાલયના હૃદય એવા ઉત્તરાખંડમાં આવેલું છે. આ દુર્ગમ ક્ષેત્રમાં સામાન્ય રીતે સ્થૂળ શરીરધારીઓ પહોંચી શકતા નથી, પરંતુ પોતાનાં શ્રેષ્ઠ કર્મો અનુસાર સૂક્ષ્મ જીવાત્માઓ પ્રવેશ કરતા રહે છે. જ્યારે પણ પૃથ્વી પર કોઈ સંકટ આવે છે ત્યારે શ્રેષ્ઠ વ્યક્તિઓને સહયોગ આપવા માટે તેઓ પૃથ્વી પર આવી જાય છે.

'મુંડકોપનિષદ'માં ઉલ્લેખ આવે છે –

**એહ્યેહીતિ તમાહુતયઃ સુવર્ચ્ચસઃ સૂર્ય્યસ્ય રશ્મિભિર્યજમાનં વહન્તિ પ્રિયાં વાચમભિવદન્ત્યોઽર્ચ્ચયન્ત્ય એષ વઃ પુણ્યઃ સુકૃતો બ્રહ્મલોકઃ ॥** (પ્ર.મુ.દ્વિ. ખં. મં -૬)

અર્થાત્ – યજ્ઞકર્મના ફળથી જેઓ દિવ્યલોકના અધિકારી હોય છે તેવા પુણ્યાત્મા પુરુષોને મૃત્યુલોકમાં જ્યોતિષ્મતિ આહુતિઓ 'આવો-આવો' કહીને પોકારે છે તથા સૂર્યકિરણોની મદદથી તેઓ દિવ્યલોકમાં જાય છે. ત્યાં મધુર વચનોથી તેમની અભ્યર્થના તથા અર્ચના કરે છે. આવા પુણ્યાત્માઓની દિવ્યલોકમાં ગતિ થાય છે.

આવી રીતે શાસ્ત્રવચનોમાં પરોક્ષજગત તથા ત્યાં રહેતા અદૃશ્ય સૂક્ષ્મ આત્માઓના અસ્તિત્વના સમર્થનનાં પ્રતિપાદનો મળે જ છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પૃથ્વી પર વસતા શ્રેષ્ઠ આત્માઓ દ્વારા તેમની સાથે સંપર્ક સ્થપિત કરીને આદાનપ્રદાનના પ્રસંગો પણ જોવા મળે છે. વૈજ્ઞાનિકોના મતાનુસાર સૂક્ષ્મ શરીરધારીઓમાં ઑક્ટોપ્લાઝમા નામનું એક સૂક્ષ્મ દ્રવ્ય હોય છે, જે પદાર્થના ચોથા પરિમાણથી ઉપરની સ્થિતિ છે. સંભવતઃ જીવાત્મા તેનો જ ઉપયોગ કરીને ભૌતિક આકાર ગ્રહણ કરે છે. અનેક ઉદાહરણોથી તે સાબિત થયું છે. તેને 'પરસોનીફિકેશન' નામ આપવામાં આવ્યું છે તથા પરામનોવૈજ્ઞાનિકો તેની પર સંશોધનો પણ કરી રહ્યા છે.

પ્રસિદ્ધ ભૌતિકશાસ્ત્રી માર્ટિન ગાર્ડનરે લખ્યું છે કે આ સંસારમાં રોજ હજારો વ્યક્તિઓની સાથે એવી નાની મોટી ઘટનાઓ બનતી રહે છે. તેમાંથી કેટલીકને સંજોગોવશાત્ થતી માની લેવામાં આવે, તો પણ કેટલીક એવી વિલક્ષણ હોય છે કે તેમને માત્ર યોગાનુયોગ કહી શકાય નહિ.

પ્રત્યક્ષવાદને જ મુખ્ય માનનારા અનેક વૈજ્ઞાનિકોની ટીકાઓની ઉપેક્ષા કરીને કેટલાક પરામનોવૈજ્ઞાનિકો તથા ભૌતિકશાસ્ત્રીઓએ એવી ઘટનાઓનું સંકલન કરીને વિશ્લેષણ કર્યું અને જોયું કે કોઈ અદૃશ્ય શક્તિ, જેની અત્યાર સુધી શોધ થઈ શકી નહોતી તે એવા પ્રસંગોનું કારણ બને છે, જેમને પરોક્ષ અનુદાન-મદદના રૂપમાં જોઈ શકાય છે, પરંતુ તેમને સંજોગ કે અપવાદ તરીકે ઠરાવવામાં આવે છે.

બ્રિટનના ભૌતિકશાસ્ત્રી તથા સુપ્રસિદ્ધ ગણિતજ્ઞ એડ્રિયન ડૉબ્સે જુદાંજુદાં પરીક્ષણો પછી તારણ કાઢ્યું છે કે આ વિશ્વબ્રહ્માંડમાં એવી સૂક્ષ્મ સંદેશવાહક શક્તિધારાઓ નિરંતર વહેતી રહે છે, જે માનવીય જ્ઞાનેન્દ્રિયો સાથે સંપર્ક કરે છે. આ તરંગોની વેવલેન્થ લગભગ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એકસરખી હોય છે. પોતાના પુસ્તક 'રૂટ્સ ઑફ કૉઈન્સીડેન્સ'માં ડૉ. ડૉબ્સની આવી શોધો પર ટિપ્પણી કરતાં આર્થર કોઈસ્લરે લખ્યું છે કે આ માધ્યમથી બ્રહ્માંડવ્યાપી અદૃશ્ય શક્તિઓ શરીરધારી મનુષ્યોનો સંપર્ક સાધે છે, તેમને પૂર્વાભાસ કરાવે છે તથા સંકટ સમયે મનોબળ વધારનારું ઉત્કૃષ્ટ ચિંતન આપે છે. તેમને જ અદૃશ્ય સહાયકોની ઉપમા પણ આપી શકાય છે. કદાચ ઉચ્ચસ્તરીય સહાયક આત્માઓ સૂક્ષ્મજગતનો પ્રત્યક્ષ જગત સાથે સંપર્ક જોડવા માટે આ જ માધ્યમ અપનાવતા હશે.

એવાં અનેક ઉદાહરણો મળે છે, જેમાં વ્યક્તિઓને એવા અસંખ્ય લાભો મળ્યા હોય કે જે પ્રયત્નો કરવા છતાં પણ કદાચ ન મળી શકે. તેમને દૈવી અનુગ્રહ, ભાગ્ય, અગાઉનું પુણ્ય અથવા વૈજ્ઞાનિકોની ભાષામાં સંયોગ કહેવાય, પરંતુ તે એવા છે, જેમની માનવીય પુરુષાર્થ સાથે ક્યાંય કોઈ સંગતિ બેસતી નથી. એવી આશા કે અપેક્ષા પણ ન રાખવી જોઈએ, પરંતુ જ્યારે વિચિત્ર સંજોગો સામે આવે છે ત્યારે એવો સવાલ થાય એ સ્વાભાવિક છે કે પ્રયત્નોના પરિણામવાળો સિદ્ધાંત અહીં કેમ ઉલટાઈ ગયો ?

## રહસ્યોથી ભરેલું પરોક્ષજગત :

આ એક સુનિશ્ચિત હકીકત છે કે અદૃશ્ય જગતના સૂક્ષ્મ શરીરધારી આત્માઓ સાથે સંબંધ સાધવાથી, આદાનપ્રદાનનાં દ્વાર ખોલવાથી મનુષ્યનું પોતાનું કાર્યક્ષેત્ર અને વિસ્તાર વધશે. આધાર વગરનો સંપર્ક જ ડરામણાં પરિણામો આપે છે; નહિતર સાપ, વાઘ, સિંહ, રીંછ, વાનર સુધ્ધાં પાલતુ બની જાય છે ત્યારે બંને પક્ષોને તેનાં સત્પરિણામો મળે છે. અદૃશ્ય આત્માઓ કોઈ આચારસંહિતાના આધારે મનુષ્યજગત સાથે સંપર્ક સાધશે, બે લોક વચ્ચે મહત્ત્વપૂર્ણ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રત્યાવર્તન ચાલુ થઈ જશે અને મૃતકો તથા જીવંતો વચ્ચે માત્ર નામનું જ અંતર રહી જશે. પાછલા અનુભવોનો લાભ લઈને મનુષ્ય સાથેના જૂના સ્નેહસંપર્કો જીવંત બનવાથી દિવંગત આત્માઓ પોતાના માટે એક ઉત્સાહવર્ધક આધાર બનવાની પ્રસન્નતા અનુભવશે. પ્રાચીનકાળમાં મૃતકો અને જીવતા લોકો વચ્ચે એવું જ ઉપયોગી પ્રત્યાવર્તન ચાલતું હતું. શ્રાદ્ધપરંપરામાં આ પ્રક્રિયાનાં બીજ રહેલાં છે.

દૃશ્યલોક ગમે તેટલો મહત્ત્વપૂર્ણ કેમ ન હોય, પણ અદૃશ્ય લોકોની વિશિષ્ટતા સાથે તેની કોઈ સરખામણી ન થઈ શકે. સંપદાની આવશ્યકતાને અવગણી શકાય તેમ નથી, પરંતુ ઉત્કૃષ્ટતાનું પણ મૂલ્ય છે. દૃશ્યજગતનો પુરુષાર્થ જરૂરી હોવા છતાં પણ પૂરતો નથી. એકાકી પૂર્ણ ત્યારે જ બની શકે, જ્યારે ચેતનાત્મક વિભૂતિઓનું ઉપાર્જન, સંચય તથા અભિવર્ધન કરવામાં આવે. વાસ્તવમાં આ આખું ક્ષેત્ર આત્મિક વિજ્ઞાનનું છે. તેની ઉપેક્ષા ન કરવી જોઈએ કે ન તો તેને આજની જેમ અસ્તવ્યસ્ત સ્થિતિમાં રહેવા દેવું જોઈએ.

વાસ્તવમાં અદૃશ્યજગત એક પરિપૂર્ણ રહસ્ય તથા રોમાંચથી ભરેલી એક દુનિયા છે. તે આપણી નિહારિકાઓ, સૌરમંડળ તથા બ્રહ્માંડના આ દૃશ્ય પરિકર જેટલી જ વિલક્ષણ પણ છે. મનુષ્યની પોતાની દુનિયા તથા સમાજવ્યવસ્થા છે, તેવી જ રીતે જળચર, સૂક્ષ્મજીવી, પરજીવી, કૃમિકીટક, વાયરસ, બેક્ટેરિયા વગેરેનું પણ એક આગવું વિલક્ષણ જગત છે. તેમની પણ રીતિનીતિ છે તથા મનુષ્યની દુનિયાથી જુદી જ તેમની આવશ્યકતાઓ તથા મુશ્કેલીઓ છે. જે દેખાતા નથી એવા અદૃશ્ય સૂક્ષ્મલોક મરણોત્તર જીવન જીવતા આત્માઓના પણ છે, જેનાં પ્રમાણો, ઉદાહરણો રોજબરોજ જોવા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મળે છે. પિતૃઓ તથા અદૃશ્ય સહાયકો અહીં જ રહીને નિર્ધારિત સમય પસાર કરે છે તથા સમય આવતાં સમાન ગુણધર્મી આત્માઓ સાથે સંપર્ક જોડીને સ્નેહસૌજન્ય તથા સહયોગનો ક્રમ ચલાવે છે. પિતૃગણ પોતાના શ્રેષ્ઠ જીવનકાળની જેમ મરણોત્તર સ્થિતિમાં પણ કોઈના કામમાં આવવા, મદદ પહોંચાડવા તથા હિતકારી પરિસ્થિતિઓ બનાવવામાં પોતાનું યોગદાન આપવા માગે છે. આત્મિક વિજ્ઞાનનો આ અધ્યાય રહસ્યપૂર્ણ તો છે જ, સાથે સાથે તે સંશોધનનો વિષય પણ છે.

## સતત અનુગ્રહ વરસાવતા સદાશયી પિતૃઓ :

મરણ અને પુનર્જન્મની વચ્ચેના સમયમાં જીવાત્માઓ શું કરે છે ? ક્યાં રહે છે ? વગેરે પ્રશ્નોના પણ જુદાજુદા જવાબો છે, પરંતુ તેમાં એક વાત સાચી જણાય છે કે તે સમયમાં તેને અશરીરી, પરંતુ પોતાનું માનવીય અસ્તિત્વ જાળવી રાખવું પડે છે. જીવનમુક્ત આત્માઓની વાત જુદી છે. તેઓ નાટકની જેમ જીવનનો ખેલ ખેલતા રહે છે અને ઇચ્છિત ઉદ્દેશ્ય પૂરો કર્યા પછી ફરીથી પોતાના લોકમાં પાછા ચાલ્યા જાય છે. તેમને વસ્તુઓ, સ્મૃતિઓ, ઘટનાઓ કે વ્યક્તિઓનો ન તો મોહ હોય છે કે ન તેની કોઈ છાપ તેમની પર રહે છે, પરંતુ સામાન્ય આત્માઓની બાબતમાં એવું હોતું નથી. તેઓ પોતાની અતૃપ્ત કામનાઓ, વિયોગ, સંવેદનાઓ કે રાગ-દ્વેષની પ્રતિક્રિયાઓથી ઉદ્વિગ્ન રહે છે. પરિણામે મૃત્યુ પહેલાંના જન્મકાળની સ્મૃતિઓ તેમની પર છવાયેલી રહે છે અને પોતાની અતૃપ્ત અભિલાષાઓને પૂર્ણ કરવા માટેના પ્રયત્નો કરતા રહે છે. પૂર્ણ શરીર ન હોવાથી તેઓ કંઈ ખાસ તો કરી શકતા નથી, પરંતુ સૂક્ષ્મ શરીરથી તેઓ અવારનવાર પોતાનો પરિચય આપતા રહે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. આ સ્તરના આત્માઓને ભૂત કહેવાય છે. તેઓ બીજાઓને ડરાવીને કે દબાણ કરીને પોતાની અતૃપ્ત અભિલાષાઓ પૂરી કરવામાં મદદ કરવાની ફરજ પાડતા રહે છે. ભૂતોનો અનુભવ મોટેભાગે ડરામણો અને નુકસાનકારક જ હોય છે, પરંતુ જે આત્માઓ જુદી પ્રકૃતિના હોય છે તેઓ ડરાવવા કે ઉપદ્રવ મચાવવાથી દૂર રહે છે. અમેરિકાના રાષ્ટ્રપતિભવનમાં અવારનવાર જે પિતૃઓનું અસ્તિત્વ અનુભવાય છે તેના આધારે એવી માન્યતા બની ગઈ છે કે ત્યાં પાછળના અનેક રાષ્ટ્રપતિઓના પ્રેતાત્માઓ નિવાસ કરી રહ્યા છે. તેમાં ઘણી વાર પોતાના અસ્તિત્વનો પરિચય આપનાર આત્મા અબ્રાહમ લિંકનનો છે. આ આત્માઓ ત્યાં નિવાસ કરનારાઓને ક્યારેય કોઈ કષ્ટ પહોંચાડતા નથી. વાસ્તવમાં ઉપદ્રવી આત્માઓ તો દુષ્ટોના જ હોય છે.

મરણ સમયે વિક્ષુબ્ધ મનઃસ્થિતિ લઈને મરનારા લોકો મોટેભાગે ભૂતપ્રેત યોનિને પામે છે, પરંતુ ઘણીવાર સદ્ભાવસંપન્ન આત્માઓ પણ શાંતિ અને સુરક્ષાના સદ્દેશ્યથી જીવનભર સંબંધિત વ્યક્તિઓને મદદ કરે છે, પરિસ્થિતિઓને સંભાળી લે છે તથા પ્રિય વસ્તુઓની સુરક્ષા માટે પોતાના અસ્તિત્વનો પરિચય આપતા રહે છે. માત્ર પિતૃવત્ સ્નેહ અને સહયોગ આપવો એ જ તેમનું કાર્ય હોય છે.

પિતૃઓ એવા જ ઉચ્ચ આત્માઓ હોય છે. તેઓ જન્મ અને મરણ વચ્ચેના સમયને પ્રેત બનીને પસાર કરે છે અને પોતાના ઉચ્ચ સ્વભાવ તથા સંસ્કારોના કારણે બીજાઓને બને તેટલી મદદ કરતા રહે છે. તેમનામાં મનુષ્યો કરતાં વધારે શક્તિ હોય છે. સૂક્ષ્મજગત સાથે સંબંધ હોવાના કારણે તેમની જાણકારીઓ પણ વધારે હોય છે. તેમનો જેમની સાથે સંબંધ થઈ જાય છે તેમને અનેક પ્રકારની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મદદ પહોંચાડે છે. ભવિષ્યનું જ્ઞાન હોવાથી તેઓ લાગતાવળગતા લોકોને સતર્ક પણ કરતા રહે છે અને અનેક પ્રકારની મુશ્કેલીઓને દૂર કરવાનો તથા સફળતાઓ માટે મદદ કરવાનો પણ પ્રયત્ન કરે છે.

આવા દિવ્ય આત્માઓ એટલે કે પિતૃઓ સદાશયી, સદ્‌ભાવસંપન્ન અને સહાનુભૂતિપૂર્ણ હોય છે. તેઓ કુમાર્ગે જવાથી અસંતુષ્ટ થાય છે તથા સન્માર્ગ પર ચાલનારાઓ પર પ્રસન્ન રહે છે.

પિતૃઓ વાસ્તવમાં દેવતાઓથી જુદા, પરંતુ સામાન્ય મનુષ્યથી ઉચ્ચ શ્રેણીના શ્રેષ્ઠ આત્માઓ છે. તેઓ અશરીરી હોય છે, દેહધારીઓ સાથે સંપર્ક કરવાની તેમની કેટલીક મર્યાદાઓ હોય છે. દરેક સાથે તેઓ સંપર્ક સાધી શકતા નથી. કોમળતા અને નિર્ભીકતા, શ્રદ્ધા અને વિવેક બંનેનું જ્યાં યોગ્ય સંતુલન તથા સામંજસ્ય હોય તેવી ભાવભૂમિ જ પિતૃઓના સંપર્ક માટે અનુકૂળ હોય છે. સામાન્ય લોકો તેમની છાયાથી ડરી શકે છે. જો કે તેમનો ઉદ્દેશ્ય ડરાવવાનો હોતો નથી. આથી તેઓ બધાને પોતાની ઉપસ્થિતિનો આભાસ થવા દેતા નથી. તેઓ ઉપયુક્ત મનોભૂમિ તથા વ્યક્તિત્વ જોઈને જ પોતાની હાજરી પ્રગટ કરે છે અને સત્પરામર્શ, સહયોગ, સહાયતા તથા માર્ગદર્શન આપે છે.

અનિચ્છનીયતાના નિવારણ તથા અનીતિના નિરાકરણની સત્પ્રેરણા પેદા કરવાનું તથા તે દિશામાં આગળ વધનારાઓને મદદ કરવાનું કામ પણ આવા ઉચ્ચ સદાશયી પિતૃઓ જ કરે છે. આથી જ્યાં ભૂતપ્રેતથી દૂર રહેવાની, તેમની ઉપેક્ષા કરવાની અને તેમના ખરાબ પ્રભાવને દૂર કરવાની આવશ્યકતા છે, તો બીજી બાજુ પિતૃઓ પ્રત્યે શ્રદ્ધાભાવ દૃઢ રાખવામાં, તેમને સદ્‌ભાવનાભરી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શ્રદ્ધાંજલિ આપવામાં તથા તેમના પ્રત્યે અનુકૂળ ભાવ રાખીને તેમની મદદથી લાભાન્વિત થવામાં પાછળ રહેવું જોઈએ નહિ.

પિતૃઓના અનેક સ્તર હોય છે અને તેને અનુરૂપ જ તેઓ મદદ કરતા હોય છે. શ્રી સી. ડબલ્યુ. લેડવીટરે તેમના પુસ્તક 'ઇનવિઝિબલ હેલ્પર્સ' માં લખ્યું છે કે સાત લોકોમાંથી ઉપરના છ લોકો સાથે સંબંધિત છ જાતના પ્રેતાત્માઓ હોય છે અને દરેકના સ્તરની જવાબદારીઓ તથા પ્રવૃત્તિઓ જુદીજુદી હોય છે. પ્રકૃતિ, સંસ્કાર, યોગ્યતા તથા અભિરુચિને અનુરૂપ આ પિતૃઓ મદદ તથા માર્ગદર્શનનું કામ કરે છે.

શ્રી લેડવીટરે પોતાના ઉપરોક્ત પુસ્તકમાં વિશ્વના વિભિન્ન સમુદાયોમાં પ્રચલિત પિતૃઓ સંબંધી ધારણાઓનું વિવરણ રજૂ કરીને એ સ્પષ્ટ કર્યું છે કે પ્રાચીન યુનાની અને રોમન સભ્યતામાં આવી આસ્થાઓ ધૂંધળી અને અસ્પષ્ટ ધારણાઓના રૂપમાં હતી, તો સાથે સાથે ઇજિપ્ત તથા ચીનની સાંસ્કૃતિક આસ્થાઓમાં પિતૃઓ સંબંધિત વિસ્તૃત કથાઓ તથા કર્મકાંડો જોવા મળે છે. ઇજિપ્તની સભ્યતાના ધર્મગ્રંથોનો સાર 'ધ બુક ઑફ ડેડ' નામના ગ્રંથમાં સંગ્રહિત છે. તેમાં પિતૃઓની પ્રવૃત્તિઓ તથા તેમના દ્વારા કરવામાં આવેલી સહાયતાની અનેક ઘટનાઓ વિસ્તારથી આપવામાં આવી છે, પરંતુ પિતૃઓની પ્રવૃત્તિઓનું નિરૂપણ કરતા નિયમો તથા પ્રક્રિયાઓ સ્પષ્ટ રૂપમાં આપવામાં આવ્યાં નથી.

શ્રી લેડવીટરે પોતાના પુસ્તકમાં કહ્યું છે કે હિંદુઓમાં શ્રાદ્ધની જે પ્રક્રિયા જોવા મળે છે તથા તે અંગેનું જે વિવરણ છે તે સૌથી પ્રામાણિક તથા વૈજ્ઞાનિક છે, પરંતુ આજે તે માત્ર કર્મકાંડના રૂપમાં જ રહેલું છે અને પરંપરાગત રીતરિવાજ બની ગયું છે. તેની પાછળ રહેલા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તત્ત્વજ્ઞાનને મોટાભાગના હિંદુઓ ભૂલી ગયા છે આથી જ તો તેઓ પોતે તે પ્રક્રિયા દ્વારા પિતૃઓ પાસેથી યોગ્ય અને પૂરતા લાભો મેળવી શકતા નથી કે ન તો પિતૃઓ તથા સ્વર્ગીય આત્માઓને પણ પોતાની શ્રદ્ધાભાવનાનો યોગ્ય લાભ પહોંચાડી શકે છે.

શ્રી લેડવીટરે સ્પષ્ટ કર્યું છે કે આવા અશરીરી આત્માઓ સાથે સંપર્કનો મૂળ આધાર સંકલ્પ તથા વિચારો જ છે. જડ વસ્તુઓ અને નિષ્પ્રાણ કર્મકાંડોના માધ્યમથી પિતૃઓ સાથે આદાનપ્રદાનનો ક્રમ ચાલી શકતો નથી કેમ કે તે આખો ભાવનાત્મક અને વિચારપરક વ્યાપાર છે. કર્મકાંડની પ્રક્રિયાઓ તો જરૂરી છે જ, પરંતુ તે માત્ર સાધનો જ છે. તેમનો ઉપયોગ કરવામાં આવે છે. તે પોતે આવા પ્રયોગોના સંચાલન તથા પરિણામો મેળવવામાં અસમર્થ છે. જ્ઞાન વિનાનાં સાધનોનો યોગ્ય પ્રયોગ અને સારાં પરિણામોની પ્રાપ્તિ અશક્ય છે. આથી પિતૃઓની સત્તાના સાચા સ્વરૂપને સમજવાની અને તેમના સંપર્કની પાત્રતા પોતાનામાં કેળવવાની જરૂર છે. આવું જો થઈ શકે તો તેમની પાસેથી દેવ સ્તરનો સહયોગ પ્રાપ્ત કરીને જીવનને વધારે સમૃદ્ધ, સાર્થક અને સફળ બનાવી શકાય છે.

દિવ્ય પ્રેતાત્માઓ સાથે ક્યારેક કોઈકનો સીધો સંબંધ તેમના પૂર્વજોના સ્નેહ-સદ્ભાવના આધારે થઈ જાય છે. ઘણી વાર તેઓ યોગ્ય સત્પાત્રોને અનાયાસે જ સહજ ઉદારતાવશ મદદ કરવા લાગે છે, પરંતુ એવું પણ બને છે કે કોઈ વ્યક્તિ પોતાની જાતને સાધના દ્વારા પ્રેતાત્માઓની કૃપાને પાત્ર બનાવી લે અને પોતાની સાથે અદૃશ્ય સહાયકોનો અનુગ્રહ જોડીને પોતાની શક્તિને અસામાન્ય બનાવી લે તથા મહત્ત્વપૂર્ણ સફળતાઓ પ્રાપ્ત કરવાનો માર્ગ મોકળો કરી શકે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પિતૃઓના અનેક વર્ગો છે અને દેવસત્તાઓની જેમ જ તેમનાં કાર્યક્ષેત્રો પણ જુદાંજુદાં છે. તેમની પાસેથી પ્રત્યક્ષ માર્ગદર્શન, ગૂઢ સંકેત, દિવ્ય પ્રેરણાઓ તથા આકસ્મિક મદદ પ્રાપ્ત થઈ શકે છે. વિપત્તિમાંથી મુક્તિ મેળવવી, સન્માર્ગ પર આગળ વધવામાં તથા માનવીય ક્ષેત્રને વિસ્તૃત બનાવવામાં અને સામાજિક પ્રગતિનો માર્ગ મોકળો કરવામાં તેમનાં દિવ્ય અનુદાનો દૈવી વરદાન બનીને સામે આવે છે. આમેય તેઓ સૂક્ષ્મ શક્તિઓના રૂપમાં તો ક્રિયાશીલ રહે જ છે અને અનીતિ, અત્યાચાર તથા અન્યાયના ક્રમને આકસ્મિક અને અચાનક જ બદલી નાખવાની ચમત્કારિક પ્રક્રિયા ઘણીવાર તેમના અનુગ્રહથી જ સંપન્ન થતી રહે છે. આવા શ્રેષ્ઠ પિતૃઓ ખરેખર શ્રદ્ધાને પાત્ર છે.

આ સંદર્ભમાં બીજો એક નવો પક્ષ પણ છે, જેમાં જીવસત્તા પોતાની સંકલ્પશક્તિનું એક સ્વતંત્ર પરિકર બનાવીને ઊભું કરી દે છે અને બીજો જન્મ મળ્યા પછી પણ તે સંકલ્પસત્તા પોતાના પ્રાણનો કેટલોક અંશ લઈને પોતાનો એક સ્વતંત્ર એકમ બનાવી લે છે અને જાણે કોઈ દીર્ઘજીવી પ્રેત બનીને ઊભું થઈ ગયું હોય એવી રીતે રહે છે. અત્યંત પ્રચંડ શક્તિ ધરાવતા આવા કેટલાય આત્માઓનો પરિચય અવારનવાર થતો રહે છે. લોકો તેમને પિતૃઓના નામથી દેવસ્તરની સંજ્ઞા આપીને પૂજતા જોવા મળે છે. તેઓ પોતાના અસ્તિત્વનું પ્રમાણ અવારનવાર આપતા રહે છે તેનાથી આશ્ચર્યચકિત થઈ જવાય છે. આટલા જૂના સમયમાં પેદા થયેલા આ આત્માઓએ હજુ સુધી પોતાનું અસ્તિત્વ જાળવી રાખ્યું છે એ પ્રેતવિદ્યાના લોકો માટે અચરજની વાત છે કારણ કે તેઓ પણ પ્રેતયોનિને અલ્પકાલીન માને છે. હવે તેમણે એક નવા પિતૃ- વર્ગને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

માન્યતા આપવી પડી છે, જેઓ માત્ર ભૂતપ્રેત નથી હોતા, પરંતુ પોતાની પ્રચંડ શક્તિનો લાંબા સમય સુધી પરિચય આપતા રહે છે.

હજારો વર્ષો પહેલાં પેદા થયેલા આ આત્માઓ હજુ સુધી પ્રેત અવસ્થામાં જ હોય એવું માનવું આમ તો અસંગત જણાય છે. તેઓ અત્યારે સુધી નવો જન્મ લઈને નવી પ્રવૃત્તિઓમાં જોતરાઈ ગયા હશે. આવી સ્થિતિમાં એટલું તો સ્પષ્ટ થાય છે કે પ્રચંડ સંકલ્પસત્તા જીવાત્માની પ્રાણશક્તિનો એક અંશ લઈને એક નવો જ શક્તિશાળી એકમ બનાવી દે છે. આ પ્રાણાગ્નિથી ભરપૂર સત્સંકલ્પવાળો એકમ પોતાના આવેગના સામર્થ્ય પ્રમાણે જ એક ચોક્કસ સમય સુધી સક્રિય રહે છે. તે સમય તે પ્રાણસત્તા માટે વધારે ન હોવા છતાં પણ આપણા માટે હજારો વર્ષોનો હોવાથી આપણને ચમત્કારિક લાગી શકે છે. સંકલ્પસત્તાના સાક્ષાત્ સ્વરૂપ એવા આ પિતૃઓ પોતાની સંરચનામાં સમાયેલાં તત્ત્વોને અનુરૂપ જ પ્રવૃત્તિઓ કરે છે, બીજી નહિ. એટલે કે કેટલાંક મર્યાદિત પ્રયોજનોમાં જ મદદરૂપ થઈ શકે છે. પ્રયોજનોના જે માળખા સાથે આ સંકલ્પસત્તાઓને વધારે આકર્ષણ હોય છે તેમની પૂર્તિમાં તેઓ વિશેષ સહાયક સાબિત થઈ શકે છે. પ્રાર્થના-ઉપાસના, ઈશ્વર આરાધના, સામાજિક વિશેષ કર્તવ્ય વગેરેમાં આકસ્મિક સહાયતાના રૂપમાં આવી જ પિતૃ-સત્તાઓનો અનાયાસ સહયોગ વરસતો રહે છે.

## પિતૃલોકની નિરાળી ઝલક -

એક વાર વૉશિંગ્ટનના કોઈ ચર્ચમાં શ્રીયુત રેવરન્ડ આર્થર ફોર્ડનું ભાષણ હતું. મૃતાત્માઓને બોલાવવામાં અને તેમનો જીવિત માણસો સાથે સંબંધ સ્થાપિત કરાવવામાં ફોર્ડની તે દિવસોમાં અમેરિકામાં એટલી બધી ખ્યાતિ હતી, જેવી રીતે ભારતવર્ષમાં અહમદનગરના



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શ્રી બી.ડી. ઋષિ અને તેમનાં ધર્મપત્નીની હતી. શ્રીમતી રૂથ મોન્ટગોમેરીએ ફોર્ડની બાબતમાં અનેક વાતો સાંભળી હતી. તે પોતે પણ અમેરિકાની પ્રખ્યાત મહિલા હતી અને જીન ડિક્સનના સંપર્કમાં આવ્યા પછી આત્મા, મૃત્યુ, પરલોક, પુનર્જન્મ વગેરે પર વિસ્તૃત સંશોધન કરી રહી હતી. એક દિવસ એક લાઈબ્રેરીમાં તેમણે શ્રી શેરવુડ એડીનું પ્રસિદ્ધ પુસ્તક 'તમે મૃત્યુ પછી પણ જીવતા રહેશો' (યુ વીલ સરવાઈવ આફટર ડેથ) વાંચ્યું. તેમાં ફોર્ડની ઉપલબ્ધિઓની વિસ્તૃત ચર્ચા હતી. શ્રી એડી આ વિષયના વિશ્વ વિખ્યાત લેખક ગણાય છે. અગાઉ તેઓ વાય.એમ.સી.એ.ના સંસ્થાપક પણ હતા, આથી શ્રીમતી રૂથ મોન્ટગોમેરીએ નિશ્ચય કર્યો કે હવે તો એડીએ પણ ફોર્ડની ઉપલબ્ધિઓને સત્ય અને પ્રામાણિક માની છે ત્યારે તેમને મળીને ચોક્કસપણે અનેક હકીકતોની માહિતી મેળવી શકાય તેમ છે. ત્યારથી તે ગમે તેમ કરીને ફોર્ડ સાથે મુલાકાત થાય એની ફિરાકમાં હતી. સૌભાગ્યવશ આજે ફોર્ડ પોતે કોઈ આધ્યાત્મિક ભાષણ આપવા માટે વૉશિંગ્ટન પધાર્યા હતા. શ્રીમતી રૂથ મોન્ટગોમેરીને તે તક ગુમાવવી પોષાય તેમ નહોતી. તે ફોર્ડને મળ્યાં અને વિસ્તૃત વિચારવિમર્શ માટે સમય માગ્યો. ફોર્ડે બે દિવસ પછી આવવાની સ્વીકૃતિ આપી દીધી.

બે દિવસ પછી શ્રીમતી રૂથ મોન્ટગોમેરી નિર્ધારિત સ્થળે ફરીથી ફોર્ડને મળ્યાં અને તેમને પૂછ્યું, "શું એ નિશ્ચિત છે કે મૃત્યુ પછી જીવનનો અંત આવતો નથી, પરંતુ આત્માઓ પોતાની પ્રવૃત્તિઓ અને કાર્યો જીવતા મનુષ્યની જેમ ચાલુ જ રાખે છે ?"

ફોર્ડે જવાબ આપ્યો, "મૃત્યુ પછી પણ આત્માઓ બીજા લોકમાં જઈને બરાબર આધ્યાત્મિક પ્રગતિ માટેના પ્રયત્નો કરતા રહે છે,



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જ્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ ન થઈ જાય ત્યાં સુધી તેમના પ્રયત્નો સતત ચાલતા જ રહે છે. આધ્યાત્મિક ઉન્નતિ માટે આ આત્માઓ બીજા લોકોને ખાસ કરીને પોતાનાં પ્રિયજનોને પણ સંદેશો પહોંચાડવા ઈચ્છતા હોય છે, પરંતુ આવા સૂક્ષ્મ સંકેતોને બધા લોકો પકડી શકતા નથી, આથી તેમના સંદેશાઓ નિરર્થક ચાલ્યા જાય છે, પરંતુ ઘણા આત્માઓ એટલા બળવાન હોય છે કે તેઓ પોતાની વાત કોઈકના માધ્યમથી વ્યક્ત કરી કે લખી પણ શકે છે."

શ્રીમતી રૂથ સહેલાઈથી વાતને માની લે એવાં નહોતાં. દરેક મનુષ્યના જીવનમાં આવી જિજ્ઞાસા જાગે છે, પરંતુ ચિંતનના અભાવમાં, વિશ્લેષણો અથવા પ્રમાણોના અભાવમાં તે રહસ્યો વણઉકલ્યાં જ રહી જાય છે. એક વાર બાળક નચિકેતાને પણ એવી જ પ્રબળ જિજ્ઞાસા થઈ હતી. તેણે યમાચાર્યને આવો જ પ્રશ્ન કર્યો હતો -

**યે યં પ્રેતે વિચિકિત્સા મનુષ્યે ડસ્તીત્યેકે નાયમસ્તી ચૈકે ।**
**એતદ્વિદ્યામનુશિષ્ટસ્ત્વયાહં વરાણામેષ વરસ્તૃતીયઃ ।।**

- કઠોપનિષદ ૧.૧.૨૦

"હે આચાર્યદેવ ! મૃત્યુ પામેલા મનુષ્ય વિશે ઘણો બધો ભ્રમ છે. કેટલાક લોકો કહે છે કે મૃત્યુ થયા પછી પણ જીવનું અસ્તિત્વ રહે છે, જ્યારે કેટલાક લોકો કહે છે કે તેનો નાશ થઈ જાય છે. તો આપ મને તેનો ચોક્કસ નિર્ણય કરી જણાવો કે સાચું શું છે ?"

યમાચાર્યે નચિકેતાને ત્યારે યોગાભ્યાસ કરાવ્યો અને તે દ્વારા તેણે એ જાણ્યું કે જીવ કઈ રીતે મૃત્યુ પછી યમલોક, પ્રેતલોક, વૃક્ષ, વનસ્પતિ વગેરે યોનિઓ, ભુવઃ લોક વગેરેમાં જાય છે અને ત્યાંની પરિસ્થિતિઓનો અત્યારની જેમ ઉપયોગ કરે છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પોતાની વાત ફોર્ડે પૂરી કરી ત્યારે શ્રીમતી રૂથ મોન્ટગોમેરીએ તેમને પૂછ્યું  કે શું તમે આવા આત્માઓને બોલાવીને મારી સાથે પરિચય કરાવી શકો છો, જેમને હું પહેલાંથી જાણતી હોઉં, જેથી હું સાચાખોટાની ખાતરી કરી શકું ?

ફોર્ડ એક સોફા પર આરામથી બેસી ગયા. બંને આંખો એક કાળા રૂમાલથી બાંધી દીધી. રૂથે પૂછ્યું કે લાઈટ બંધ કરી દેવી છે ? પરંતુ ફોર્ડે કહ્યું કે તેની કોઈ જરૂર નથી. થોડીક વાર પછી એક અવાજ આવવા લાગ્યો. જોકે આ અવાજ ફોર્ડના મોઢામાંથી જ આવતો હતો, પરંતુ તેમના અવાજથી સાવ જુદો જ હતો. તેમણે જણાવ્યું કે  લો શ્રીમતી રૂથ, તમારા કાકા તમારી સાથે મુલાકાત કરવા માગે છે. તેમનું નામ ફ્રેન્ડ બેનેટ છે. ઘણા સમય પહેલાં તેઓ આફ્રિકામાં પાદરી (પ્રીચર) હતા.

શ્રીમતી રૂથ તરત જ બોલ્યાં કે ના ના, આ સાવ ખોટું છે. આ નામના મારા કોઈ કાકા નહોતા કે ન તો આ નામની કોઈ વ્યક્તિને હું ઓળખું છું. ત્યાર પછી માધ્યમે (ફોર્ડે) ફરી બોલવાનું શરૂ કર્યું - "તે પણ તમને ઓળખતા નથી, પરંતુ તેમનું કહેવું છે કે તમારા પતિ તેમને ખૂબ સારી રીતે ઓળખે છે. તમારા પતિનું નામ 'બૉબ' છે. તમે ઘેર જઈને તેમને પૂછજો અને હા, હવે લો તમારા પિતાજી હાજર છે. તેઓ પોતાનું નામ વિલિયમ ટૉસ જણાવી રહ્યા છે. શ્રીમતી રૂથ આ સાંભળતાં જ ચોંકી ઉઠ્યાં.  ખરેખર તેમના પિતાનું એ જ નામ હતું.

માધ્યમે આગળ બોલવાનું શરૂ કર્યું,  "શ્રીમતી રૂથ ! તમારા પિતાજી તમને અને તમારી માતાને પ્રેમ પાઠવે છે. તેઓ જણાવે છે કે જ્યારે તેમનું મૃત્યુ થયું હતું ત્યારે તમે તેમની પાસે નહોતાં. તેઓ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ખૂબ બીમાર હતા અને એકાએક તેમનું મૃત્યુ થઈ ગયું. મર્યા પછી થોડીવારમાં તેમને પોતાના રોગની ખબર જ ના રહી. તેઓ પોતાને સ્વસ્થ અનુભવી રહ્યા છે અને કહી રહ્યા છે કે અહીંયાં કોઈ પણ જાતની બીમારી નથી. મનુષ્ય હંમેશાં એક જ અવસ્થામાં રહે છે. તે ન તો ઘરડો થાય છે કે ન તો બાળક કે યુવાન. અને હા, જુઓ તમારાં માતાજી અહીંયાં નથી. તેઓ તમારાથી ઘણાં દૂર છે અને ઘણા દિવસો સુધી અહીં આવશે પણ નહિ. તેમના એક પગમાં ઘણા દિવસોથી દર્દ થઈ રહ્યું છે."

ઉપરોક્ત બંને વ્યક્તિઓ સિવાય બીજા અનેક જાણીતા-અજાણ્યા આત્માઓ સાથે શ્રીમતી રૂથનો પરિચય કરાવવામાં આવ્યો. પોતાના પુસ્તક 'સત્યની શોધ'માં તેઓ સ્વયં લખે છે – "ઘણા ઓળખીતા આત્માઓની વાતો એટલી સાચી હતી કે હું આશ્ચર્યચકિત થઈ ગઈ. મારા પિતાજીએ જે જે વાતો જણાવી તે બધી જ સાચી હતી. ખરેખર તેઓ જ્યારે બીમાર હતા ત્યારે સમાચારપત્રના કામે હું ઈજિપ્ત ગઈ હતી. મને ઈજિપ્તમાં જ તાર દ્વારા તેમના નિધનના સમાચાર આપવામાં આવ્યા હતા. જ્યારે હું પાછી આવી ત્યારે બે દિવસ પસાર થઈ ચૂક્યા હતા. પિતાજી કઈ બીમારીથી મર્યા હતા તે મને સારી રીતે ખબર છે."

"સાંજના સમયે એકાએક મેં મારી માતાને ટેલિફોન કર્યો તો તેમણે જણાવ્યું કે ખરેખર તેમના એક પગમાં ઘણા દિવસથી ખૂબ જ પીડા થાય છે અને તેમને પાછા આવવામાં ઘણો સમય લાગશે. એવી જ રીતે બૉબે મને જણાવ્યું કે મારી માસી ફ્રેન્ડ બેનેટ નામના એક પાદરી સાથે પરણી હતી. તેઓ કોંગો (પ.આફ્રિકા)માં રહેતાં હતાં."



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ બંને ઘટનાઓમાં શ્રીમતી રૂથે વર્તમાનનાં સત્યોનો સ્વીકાર કર્યો છે અને સાથે લખ્યું પણ છે કે "જો મૃતાત્માઓ દ્વારા જણાવેલી ભૂતકાળ અને વર્તમાનની વાતો સાચી હોય, તો તેઓ મૃત્યુ પછી પોતાના અસ્તિત્વની બાબતમાં જે પણ કંઈ કહેતા હોય તેને સાચું માનવાનો ઇન્કાર કરવો એ નર્યો દુરાગ્રહ જ ગણાશે. તેને સત્ય ન માનીને માનવસમાજ પોતાનું અહિત જ કરે છે, કારણ કે તેનાથી એક અત્યંત જરૂરી અને ઉપયોગી વાસ્તવિકતા પર પડદો પડી જાય છે."

'માધ્યમ' દ્વારા મારા પિતાજીએ કહ્યું હતું - "હું એક એવા રહસ્યનું ઉદ્‌ઘાટન કરું છું કે જે વિશ્વની સૌથી મોટી આવશ્યકતા છે અને તે એ છે કે અમે એક એવા સંસારમાં રહીએ છીએ કે જેમાં સ્થૂળની જેમ બધું જ દૃશ્યમાન છે, બધું જ અનુભવગમ્ય છે, જ્યાં નિરંતર પ્રગતિ થતી રહે છે. અમે શૂન્યમાં રહેતા નથી. અહીં સૌને મનોરંજનનાં સાધનો પણ મળે છે. અહીંયાં નવરા બેસીને કોઈ પ્રસન્ન રહી શકતું નથી. શરીરથી જેટલું કામ કરી શકતો હતો તેનાથી વધારે કામ હું અત્યારે પણ કરી શકું છું. તું જાણતી હોઈશ કે મને ગાવાનો શોખ હતો. હું અત્યારે પણ સંગીતનો અભ્યાસ કરી રહ્યો છું."

આ બધી વાતો સાંભળનારાઓને જરૂર અટપટી લાગતી હશે, પરંતુ લાંબા સમય સુધી અધ્યયન અને સંશોધનો કર્યા પછી તેની સત્યતામાં મને હવે કોઈ અવિશ્વાસ રહ્યો નથી. આ હકીકત શ્રીમતી રૂથ મોન્ટગોમેરીએ સ્વીકાર કરી છે અને તેની સાથે અમેરિકાની એક જબરદસ્ત ઘટનાને પણ જોડી છે, જેના વિશે ત્યાં ઘણા દિવસો સુધી વ્યાપક હલચલ મચી ગઈ હતી.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એકવાર જ્યારે શ્રીમતી રૂથનો મૃતાત્માઓ સાથે પરિચય કરાવવામાં આવી રહ્યો હતો ત્યારે માધ્યમે (ફોર્ડ, જે મૃતાત્માઓને બોલાવીને તેમની પાસેથી સંકેત પ્રાપ્ત કરીને રૂથને જણાવતા હતા) જણાવ્યું - "તમારી સાથે કોઈ જજ વાત કરવા માગે છે. તેઓ લેપટે શહેરમાં તમારા ઘરની નજીક રહેતા હતા. એક દિવસ અચાનક ક્યાંક ગાયબ થઈ ગયા પછી ડૂબી જવાથી તેમનું મૃત્યુ થયું હતું. તેમનું સડી ગયેલું હાડપિંજર અત્યારે પણ ત્યાં પડેલું જોઈ શકાય છે."

શ્રીમતી રૂથે ત્યાં તો એવું જ કહ્યું કે મને એવા કોઈ પડોશીની જાણ નથી, પરંતુ ઘેર જઈને તેમણે લેપટે કુરિયર જનરલના સંપાદકને ટેલિફોન પર પૂછ્યું તો તેમણે જણાવ્યું કે હા હા ! તમારા મકાનની પાસે પાર્કિન્સન નામના એક સજ્જન રહેતા હતા. તેઓ 'યુનાઈટેડ કોર્ટ ઑફ અપીલ્સ' માં જજ હતા. તેઓ એક વાર અચાનક ગાયબ થઈ ગયા હતા. સાત રાજ્યોના સંયુક્ત પ્રયાસો પછી પણ તેમનો ક્યાંય પત્તો મળ્યો નહિ. લેક શોર હોટલની નજીક મિશિગન સરોવરના કિનારે તેમની એક હેટ અને છત્રી જરૂર મળ્યાં હતાં, પરંતુ તેમના ડૂબીને મરી જવાનું કોઈ પ્રમાણ ન મળવાને કારણે તેમના સ્થાને કોઈ કાયમી જજની નિમણૂક થઈ શકી નહોતી. તેમનું વેતન તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવતું રહે છે."

સૌથી વધારે આશ્ચર્યજનક વાત તો એ હતી કે થોડા દિવસ પછી તેમની સડી ગયેલી લાશ પાણી પર તરતી જોવા મળી. આ ઘટનાથી એ વાતની પુષ્ટિ થાય છે કે જીવાત્મા નહિ, પરંતુ શરીર જ જીવે કે મરે છે અને મૃત્યુ પછી પણ જીવનનો વિકાસક્રમ બંધ થતો નથી. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે પણ અનેક સ્થાને જણાવ્યું છે. તેમણે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આત્માને ક્યારેય નાશ ન પામનારો કહ્યો છે અને અર્જુનને વારંવાર કહ્યું છે કે વ્યક્તિના શબસંસ્કાર સંપન્ન થયા પછી આ જ અક્ષય આત્મા તેના મરણ પછીના સમયમાં 'પિતૃ' ના રૂપમાં ક્રિયાશીલ રહે છે અને પોતાની આત્મોન્નતિ માટે પ્રયાસ કરતા રહેવાની સાથે સાથે આ પૃથ્વી પ્રત્યે રાગાત્મક સંબંધ રાખવાને કારણે અહીં પણ પોતાનાં સ્વજનો અથવા સત્પાત્રોના આત્માની ઉન્નતિમાં મદદ કરવા માટે હંમેશાં તત્પર રહે છે. પિતૃઓ સાથે સંપર્ક કરવાથી વ્યક્તિને હંમેશાં લાભ જ થાય છે, કશું નુક્સાન થતું નથી.

*



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# સહયોગ - સહકારભર્યા દિવ્ય આત્માઓ

મનુષ્યોમાં દરેકનો સ્વભાવ એક સરખો હોતો નથી. કોઈ ઉપકારી પ્રકૃતિના હોય છે અને કેટલાક કષ્ટપીડિતોની, દુઃખી લોકોની કોઈ પણ જાતની અપેક્ષા વગર સેવાસહાયતા કરે છે. આવી જાતની પરોપકારવૃત્તિના લોકોની બહુમતી હોય છે, તો બીજી બાજુ જેમને બીજાઓને અકારણ દુખ પહોંચાડવામાં મજા આવે છે એવા દુષ્ટ પ્રકૃતિના લોકોની સંખ્યા પણ ઓછી નથી હોતી. બીજાઓને દુઃખ પહોંચાડીને ખુશ થતા લોકોને પરપીડક કહેવામાં આવે છે. આવી જાતની પ્રકૃતિના લોકો મર્યા પછી ભૂત તથા પિશાચ સ્તરના બને છે અને તેઓ તે યોનિમાં રહીને પણ બીજાઓને દુઃખ પહોંચાડ્યા કરે છે.

અદૃશ્ય જગતના સૂક્ષ્મ શરીરધારી આત્માઓથી કોઈએ ભય પામવાની જરૂર નથી. જીવિત કે દિવંગત બંને પ્રકારના આત્માઓના પારસ્પરિક સંપર્કનો અનુભવ ન હોવાથી લોકો ક્યારેક ગભરાઈ જાય તે સ્વાભાવિક છે, પરંતુ આ એક એવું પ્રકરણ છે, જેને આત્મિક વિજ્ઞાનના આધારે સુનિયોજિત રીતે, વધારે સારી રીતે વધારે વ્યાપક અને યોજનાબદ્ધ ઉદ્દેશ્યો માટે ખોલી શકાય તેમ છે. જો અદૃશ્ય આત્માઓ કોઈ ચોક્કસ આચારસંહિતાના આધારે માનવીય જગત સાથે સંપર્ક સાધે તો બે લોકો વચ્ચે મહત્ત્વપૂર્ણ આદાનપ્રદાન થઈ શકે તેમ છે. મૃતકો અને જીવિતો વચ્ચે પુરાતનકાળમાં પણ આવું જ પરસ્પર ઉપયોગી પ્રત્યાવર્તન ચાલતું હતું. આજે પણ એવાં અનેક ઉદાહરણો જોવા મળે છે, જેનાથી પિતૃઓના અદૃશ્ય સહાયક સ્વરૂપમાં સહયોગી બનવાના સિદ્ધાંતની પુષ્ટિ થાય છે. તેનાથી જનમાનસમાં ખોટી રીતે ફેલાયેલી કેટલીક ભ્રાંતિઓને દૂર કરવામાં મદદ તો મળી શકે જ છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મોટેભાગે ભૂતપ્રેતો દ્વારા ડરાવવાની, કષ્ટ પહોંચાડવાની અનેક ઘટનાઓ રોજબરોજ પ્રકાશમાં આવતી રહે છે. ડરામણી અને નીચ પ્રકૃતિનાં ભૂતપ્રેતોનું અસ્તિત્વ એક સત્ય હકીકત છે, તો સાથે સાથે અશરીરી આત્માઓ મનુષ્યનું કલ્યાણ કરવામાં, તેમને સહયોગ આપવામાં વ્યસ્ત રહે છે તે પણ એટલું જ સત્ય છે. આવી જાતના અશરીરી આત્માઓનું અસ્તિત્વ પણ છે. સામાન્ય રીતે ઉચ્ચ આત્માઓ મનુષ્યોને સહાયતા જ કરે છે અને પોતાની સદાશયી વૃત્તિના કારણે બીજાઓને આગળ વધવા તથા જોખમોથી બચાવવા માટે પૂર્વસંકેતો પણ આપે છે. જેવી રીતે ઉદાર વ્યક્તિ અકારણ બીજાઓની સેવા તથા સહાયતા કરવા માટે તત્પર રહે છે, એવી જ રીતે સૂક્ષ્મ શરીરધારી આત્માઓ લોકોને ઉપયોગી જ્ઞાન આપવા તથા શરીર ન રહેવા છતાં પણ આત્માનું અસ્તિત્વ જળવાઈ રહે છે, એવો વિશ્વાસ અપાવવા માટે થોડોક વ્યાવહારિક અને ઉપયોગી સહયોગ આપતા રહે છે.

દૃશ્ય તેમજ અદૃશ્ય જગતની વચ્ચે સંપર્ક તથા આદાનપ્રદાનના એવા ઘણા પ્રસંગો અનેક વિખ્યાત વિભૂતિઓની સાથે જોડાયેલા છે, જેનાથી તે વિવાદાસ્પદ હોવાની કોઈ સંભાવના રહેતી નથી. આ બધા ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે આવી વ્યક્તિઓને દેવસ્તરના આત્માઓએ અનુદાનો આપ્યાં અને તેમણે તેમની પાસેથી લાભ મેળવ્યો.

મહર્ષિ અરવિંદની બાબતમાં એ પ્રસિદ્ધ છે કે તેઓ જ્યારે અલીપુર જેલમાં હતા ત્યારે સતત બે અઠવાડિયાં સુધી સ્વામી વિવેકાનંદના આત્માએ તેમની સાથે સંપર્ક કર્યો હતો. સ્વયં અરવિંદે લખ્યું છે – "જેલમાં મને બે અઠવાડિયાં સુધી ઘણી વાર વિવેકાનંદનો આત્મા ઉદ્‌બોધિત કરતો રહ્યો છે અને મને તેમની ઉપસ્થિતિનો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અનુભવ થતો રહ્યો છે. આ ઉદ્‌બોધનથી મને આધ્યાત્મિક અનુભૂતિ થઈ. ભાવિ સાધનાક્રમ માટે મહત્ત્વપૂર્ણ નિર્દેશો મળ્યા.''

સન ૧૯૦૧માં જ્યારે અરવિંદ પ્રેતાત્માઓ સાથે સંપર્કનો અભ્યાસ કરતા હતા ત્યારે એક અભ્યાસમાં એક વાર શ્રીરામકૃષ્ણ પરમહંસના આત્માએ પણ શ્રી અરવિંદને સમષ્ટિની સાધના માટે કેટલાક મહત્ત્વપૂર્ણ નિર્દેશો આપ્યા હતા. અરવિંદ જે દિવસોમાં વડોદરામાં હતા ત્યારનો એક અનુભવ જણાવતાં તેમણે લખ્યું છે કે એક વાર તેઓ કેમ્પ રોડ તરફ જઈ રહ્યા હતા ત્યારે એક દુર્ઘટનાથી કોઈ જ્યોતિપુરુષે તેમને બચાવ્યા હતા.

શ્રી અરવિંદના જીવનચરિત્રના 'શ્રી મા' પ્રકરણમાં આવી જાતની ઘટનાઓનું વિવરણ આપતાં લખવામાં આવ્યું છે - તેઓ (શ્રી મા) જ્યારે નાની બાળકી હતાં ત્યારે તેમને બરાબર એવો અનુભવ થતો રહેતો હતો કે તેમની પાછળ કોઈ અતિમાનવીય શક્તિ છે, જે અવારનવાર તેમના શરીરમાં પ્રવેશ કરી જાય છે ત્યારે તેઓ મોટાંમોટાં અલૌકિક કાર્યો કરે છે. આ પ્રકરણમાં તે દિવ્ય-શક્તિ દ્વારા શ્રી માનાં અનેક કાર્યો આશ્ચર્યજનક રીતે પૂરાં થયાની ઘટનાઓનું વર્ણન છે. પોંડીચેરી આવીને રહેવાનો તથા યોગીરાજ સાથે સંપર્ક સ્થાપિત કરવાનો નિર્દેશ પણ તેમને એક અદૃશ્ય જ્યોતિ-સત્તા પાસેથી જ મળ્યો હતો.

પ્લેટો, જેનોફેન, પ્લુટાર્ક વગેરે વિદ્વાનોએ મહાન દાર્શનિક સોક્રેટિસના જીવનની પ્રામાણિક ઘટનાઓ પર પ્રકાશ પાડ્યો છે અને તે બધાએ સ્વીકાર કર્યો છે કે સોક્રેટિસે અનેક વાર એવું કહ્યું છે કે મારી અંદર એક રહસ્યમય દેવતા 'ડેમન' નિવાસ કરે છે અને તે અવારનવાર મને પૂર્વસૂચનાઓ આપ્યા કરે છે. આ હકીકત સાચી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હોવાનાં અનેક પ્રમાણ પણ ઉપરોક્ત લેખકોએ રજૂ કર્યાં છે. પ્લુટાર્કે પોતાના પુસ્તક 'ધી જેનિયો સોક્રેટિસ'માં એક એવી ઘટનાનો ઉલ્લેખ કર્યો છે. એક વાર સોક્રેટિસ પોતાના કેટલાક મિત્રો સાથે એક રસ્તા પર જઈ રહ્યા હતા. અચાનક તેઓ અટકી ગયા અને કહ્યું કે આપણે આ રસ્તે ન જવું જોઈએ, ત્યાં જવામાં જોખમ છે. કેટલાકે તેમની વાત માની લીધી અને તે રસ્તો છોડી દીધો, પરંતુ કેટલાક એ સાફસૂથરો રસ્તો છોડવા માટે તૈયાર ન થયા. તેઓ સોક્રેટિસની ધૂનને નિરર્થક સાબિત કરવા માગતા હતા. જે લોકો તેમની ઉપેક્ષા કરીને તે રસ્તે ગયા તેઓ થોડેક જ દૂર ગયા હશે ત્યાં જંગલી સૂવરોનું આખું ઝુંડ ક્યાંકથી આવી ચઢ્યું અને તેમાંના અનેકને ઘાયલ કરી દીધા.

પ્લેટોએ પોતાના પુસ્તક 'થ્રીવિજ'માં પણ સોક્રેટિસ વિશેનો એક પ્રસંગ વર્ણવ્યો છે, જેમાં લખ્યું છે "એક દિવસ તિમાર્ક્સ નામનો  એક યુવક સોક્રેટિસ પાસે આવ્યો. ચાપાણી કર્યા પછી થોડી વાતચીત કરી અને જ્યારે જવા લાગ્યો ત્યારે સોક્રેટિસે રડતાં રડતાં કહ્યું કે તું જઈશ નહિ. તારી ઉપર મોટું જોખમ છે. ત્રણ વાર તેણે જવાનો પ્રયાસ કર્યો, પણ ત્રણેય વાર તેને પકડીને રોકી લીધો. છેલ્લે તે ના માન્યો અને હાથ છોડાવીને ચાલી નીકળ્યો. તે જ સાંજે એક અજાણ્યા માણસ સાથે તેને ઝઘડો થઈ ગયો અને તેણે પેલા માણસનું ખૂન કરી નાંખ્યું. આ હત્યાના ગુના બદલ તેને ફાંસીએ લટકાવી દેવામાં આવ્યો."

આવી અનેક ઘટનાઓ છે, જેમાં સોક્રેટિસના સહચર દેવતા 'ડેમન' દ્વારા પૂર્વાભાસ આપવાનાં તથા મદદ કરવાનાં પ્રમાણો મળે છે. સોક્રેટિસ પર જ્યારે ખટલો ચાલ્યો અને દેહાંતદંડ મળ્યો ત્યારે તેની પાસે એવાં અનેક પ્રમાણો અને સાધનો હતાં, જેનાથી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેઓ બચી શકે તેમ હતા. કેસમાંથી બચવા માટેના પૂરતા પુરાવા તેમની પાસે હતા. એથેન્સની જેલમાંથી તેમના મિત્રો અને શિષ્યો તેમને ભગાડી જવા માટેની પૂરી તૈયારી કરી ચૂક્યા હતા, પરંતુ તેમણે તે બધાનો સાફ ઈન્કાર કર્યો અને બચવા માટે તેમનો સહયોગ ન લીધો. ભરી અદાલતમાં તેમણે સ્વીકાર કર્યો કે હમણાં જ મારા દેવતા 'ડેમન' મારા કાનમાં કહી ગયા છે કે મૃત્યુદંડ મળવાનો છે, તેનાથી ડરવાની કોઈ જરૂર નથી. આવું મૃત્યુ મનુષ્ય માટે શ્રેયસ્કર જ હોય છે.

મનુષ્ય આ જ લોક તથા આ શરીરને જ સર્વસ્વ માની બેસે છે અને તાત્કાલિક સુખોપભોગ માટે દૂરવર્તી ભવિષ્યને અંધકારમય બનાવવામાં લાગેલો રહે છે. તેનું એક કારણ પરલોક અંગેનું, મરણોત્તર જીવન વિશેનું તેનું અજ્ઞાન પણ છે. જો ઊંડાણથી અને ગંભીરતાથી થોડોક વિચાર કરવામાં આવે કે મર્યા પછી પણ આપણું શરીર જળવાઈ રહેશે અને તે સ્થિતિમાં તેના શુભ-અશુભ વિચારો તથા કાર્યો જ સુખ કે દુઃખનો આધાર હશે, તો ચોક્કસપણે મનુષ્ય પોતાના પગ ઉપર કુહાડો મારતાં અટકશે અને સન્માર્ગ પર ચાલવાનો તેનો ઉત્સાહ વધશે. પરલોક અંગેના જ્ઞાન અને વિશ્વાસના પ્રભાવથી મનુષ્યના દૃષ્ટિકોણ તથા આચરણને પરિષ્કૃત કરવામાં મદદ મળે છે. આ દૃષ્ટિથી અશરીરી આત્માઓ અવારનવાર લોકોને પોતાનો પરિચય આપતા રહે છે. સાથે સમયે સમયે તેમને એવી મદદ પણ કરતા રહે છે, જેનાથી પરોક્ષ જીવન પ્રત્યે સર્વસાધારણની નિષ્ઠાનો વિકાસ થઈ શકે.

પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા રોમાન નેવારી એક વાર એક હોટલમાં ઊતર્યા હતા. હૉટલના માલિકને મર્યાને થોડા જ દિવસો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

થયા હતા. તેના દીકરાઓમાં સંપત્તિની વહેંચણી બાબતે ખૂબ મોટો ઝઘડો ચાલી રહ્યો હતો. બાપે મરતાં પહેલાં જે વસિયતનામું લખ્યું હતું તેનાથી તો વધારે ગૂંચવાડો ઊભો થઈ ગયો. નેવારીએ પણ આ આખું વૃત્તાંત સાંભળ્યું, પરંતુ તે બિચારો પરદેશી આખરે કરી પણ શું શકે ? તેમ છતાં તેની હાર્દિક ઇચ્છા હતી કે આટલી મોટી અને પ્રસિદ્ધ હૉટલ આ દીકરાઓના ઝઘડામાં બરબાદ ન થઈ જાય તે માટે હું કંઈક કરું.

કેવી રીતે આ ઝઘડો ઉકલે તેની પર વિચાર કરતાં કરતાં તે રાત્રે સૂઈ ગયો. નેવારીએ રાત્રે સ્વપ્ન જોયું કે એક વૃદ્ધ વ્યક્તિ વારંવાર તેના ઓરડામાં આવીને કબાટને લાકડીથી ખખડાવતી હતી. એક વાર તો તેને લાગ્યું કે કોઈ ઉંદર હશે, પરંતુ વારંવાર એ જ સ્વપ્ન, એ જ અવાજ. તે ઉઠ્યો અને હૉટલનું તે કબાટ ખોલ્યું. આમતેમ જોયું તો તેમાં પેલું વસિયતનામું મૂકેલું હતું. જે ન મળવાથી બંને ભાઈઓ ઝઘડી રહ્યા હતા. બીજા દિવસે નેવાડીએ આ વસિયતનામું તેમને સોંપ્યું અને સરળતાથી ઝઘડો ઉકલી ગયો.

ફ્રાન્સના સમ્રાટ હેનરી ચોથાની હત્યાના થોડાક સમય પહેલાં એક અદૃશ્ય આત્માએ તેને સ્વપ્નમાં આવીને કહ્યું હતું કે હવે તારો અંત સમય નજીક આવી ગયો છે. આ વાત સમ્રાટે દરબારીઓને જણાવી તો તે બધાએ કહ્યું કે આવાં સ્વપ્નો નિરર્થક હોય છે. તે દિવસોમાં એવી કોઈ સંભાવના પણ નહોતી, પરંતુ જ્યારે ખરેખર થોડા સમય પછી હેનરીની હત્યા થઈ ગઈ ત્યારે તે પૂર્વાભાસ સૌને સાચો જણાયો.

સ્કોટલેન્ડનો રાજા જેમ્સ ચોથો અવારનવાર ઇંગ્લેન્ડ પર આક્રમણ કરતો હતો. અંતિમ આક્રમણ પછી તેને એક અદૃશ્ય



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આત્મા જોવા મળ્યો. તેણે કહ્યું કે જો ભવિષ્યમાં તું બીજું આક્રમણ કરીશ તો યાદ રાખજે, તારા જીવનું જોખમ છે. રાજાએ તે ચેતવણી પર ધ્યાન ન આપ્યું, તે વાતની ઉપેક્ષા કરી અને ખરેખર જ્યારે તેણે ફરીથી આક્રમણ કર્યું તો યુદ્ધસ્થળે જ તેનું મૃત્યુ થઈ ગયું.

ભૂતપ્રેતના વળગાડમાં ઘણા તાંત્રિકો તેનું નિવારણ કરવા માટે સદાશયી આત્માઓની મદદ લેવામાં કાબેલ હોય છે. જોકે આવી જાતની ઘટનાઓમાંથી મોટા ભાગનામાં માનસિક કારણો જ હોય છે. લોકો નાનીમોટી શારીરિક મુશ્કેલીઓને પણ ઘણી વાર ભૂત-પ્રેતનો વળગાડ માની લે છે અને ખોટા લોકોના શરણે જઈ પોતાની જાતને છેતરાવે છે, પરંતુ ખરેખર વળગાડ જેવી કોઈ વસ્તુ હોતી જ નથી એવું પણ એકદમ ન કહી શકાય.

કઈ જાતની મુશ્કેલી વળગાડ છે અને કઈ જાતની મુશ્કેલી શારીરિક છે તેનું કોઈ સ્પષ્ટ વિભાજન કરી શકાય તેમ નથી. આ વિવાદાસ્પદ વિષયને અહીં જ પડતો મૂકીએ, પરંતુ પ્રસંગવશ એવી ચર્ચા અનુચિત નથી કે કેટલાક લોકો ઉદાર આત્માઓની મદદથી મુશ્કેલ શારીરિક રોગોનું પણ નિવારણ કરવામાં સિદ્ધહસ્ત હોય છે. પ્રખ્યાત લેખિકા મેરી કાર્ડિંગટને પોતાના પુસ્તક 'ઇન સર્ચ ઑફ હીલિંગ પાવર'માં આવી જાતના અનેક આફ્રિકી તાંત્રિકોનું વર્ણન આપ્યું છે, જેઓ આત્માઓની મદદથી તૂટેલાં હાડકાંને સાંધી દે છે. તાંત્રિકો દ્વારા પ્રયુક્ત કરેલા મારણ પ્રયોગોને પણ નિષ્પ્રભાવી બનાવી દે છે.

'વર્લ્ડ ઑફ પેરેડાઈઝ' પુસ્તકના લેખકે આફ્રિકાના સહારા ક્ષેત્રમાં રહેતી જનજાતિઓ (જે પાછળથી હવાઈ ટાપુ પર જઈને રહેવા લાગી) વિશે લખ્યું છે કે આ લોકો કેટલાક સદાશયી આત્માઓને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રસન્ન કરી લે છે અને તેમની પાસે રોગીઓને સાજા કરાવવાનું કામ લે છે. તે ક્ષેત્રમાં રહેતા તાંત્રિકોને કાહુન કહેવામાં આવે છે. આ તાંત્રિકો ઘણીવાર પોતાના વશમાં કરેલા દુષ્ટ આત્માઓ દ્વારા બીજા લોકો પર મારક પ્રયોગો પણ કરે છે. બીજા તાંત્રિકો કોઈ સદાશયી અને શક્તિશાળી આત્માઓ દ્વારા તેવા આત્માઓને પરાસ્ત પણ કરી દે છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકનને પ્રેતાત્માઓ પર એટલો બધો વિશ્વાસ હતો કે તેઓ પ્રેતવિદ્યા વિશારદ કુમારી નેટિકોલ બર્ગને અવારનવાર વ્હાઈટ હાઉસમાં બોલાવતા હતા અને તેના માધ્યમથી પ્રેતાત્માઓ સાથે સંપર્ક સાધીને મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેતા હતા. ગૃહયુદ્ધના દિવસોમાં તો પ્રેતાત્માઓ તેમના એટલા બધા વિશ્વાસુ થઈ ગયા હતા કે તેમની મદદથી લિંકનને ઉપદ્રવીઓના એવાં એવાં રહસ્યોની માહિતી મળી, જેને જાસૂસી વિભાગ દ્વારા પ્રાપ્ત કરવી પણ શક્ય નહોતી. એ તો એક જાણીતી હકીકત છે કે પોતાના જીવનના દુઃખદ અંતને તેમણે પોતાના પ્રેત રૂપ દ્વારા ગોળી મારવાના રૂપમાં સ્વપ્નમાં જોયું હતું. રાષ્ટ્રપતિનું શાસકીય નિવાસસ્થાન વ્હાઈટ હાઉસ આવા જ સંદેશા આપનારા પ્રેતાત્માઓની કથાઓ સાથે આજે પણ જોડાયેલું છે.

થિયોસોફિકલ સોસાયટીનાં સ્થાપક મેડમ બ્લેવેટસ્કીને ચાર વર્ષની ઉંમરમાં જ જીવાત્માઓનો સહયોગ તથા સાંનિધ્ય મળવા લાગ્યાં હતાં. તેઓ અચાનક આવેશમાં આવી જઈને એવી બાબતો જણાવવા લાગતાં હતાં, જેને કહી શકવી કોઈ વિશેષજ્ઞ માટે જ સંભવ હોય. મેડમ બ્લેવેટસ્કીના કહેવા પ્રમાણે તેમના અદૃશ્ય સહાયકોની એક આખી મંડળી હતી, જેમાં સાત પ્રેતાત્મા હતા.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેઓ અવારનવાર તેમને ઉપયોગી સલાહ આપતા અને મદદ કરતા હતા. તેમના બાળપણથી જ આવા પ્રસંગો તેમની સાથે એવા જોડાઈ ગયા હતા કે તેમને 'ઓકલ્ટ'ના પર્યાયવાચી જ માનવામાં આવતાં હતાં.

એકવાર જ્યારે તેઓ સૂતાં હતાં ત્યારે એક પ્રેતાત્માએ તેમના શરીરનાં કપડાંને મજાકમાં પથારી સાથે જ સીવી લીધાં. પછી જ્યારે તે સિલાઈ ખોલવામાં આવી ત્યારે જ તેઓ ઉઠી શક્યાં. આ પ્રસંગે તેમના સહયોગી કર્નલ હેનરી આલ્કોટ તેમને મળવા આવ્યા ત્યારે બ્લેવેટસ્કી મશીન પર ટુવાલ સીવી રહ્યાં હતાં અને થોડી થોડી વારે ધરતી પર પગ પછાડતાં હતાં. આલ્કોટને તેમની આ ક્રિયા કંઈક વિચિત્ર જણાઈ. તેમણે તેનું કારણ પૂછતાં બ્લેવેટસ્કીએ જણાવ્યું કે એક નાનકડો પ્રેતાત્મા વારંવાર મારાં કપડાં ખેંચે છે અને કહે છે કે મને પણ કંઈક કામ આપો. કર્નલે એવી જ મજાકમાં કહ્યું કે તેને કપડાં સીવવાનું કામ કેમ નથી આપતાં ? ત્યારપછી તેમણે કપડાં ભેગાં કરીને કબાટમાં મૂકી દીધાં અને કર્નલ સાથે વાતચીત કરવામાં મશગૂલ થઈ ગયાં. વાતચીત પૂરી થતાં જ્યારે કબાટ ખોલવામાં આવ્યું તો બધાં જ કપડાં સીવેલાં મળ્યાં. કર્નલ આલ્કોટે પોતાના અનુભવોમાં આવા કેટલાય પ્રસંગો વર્ણવ્યા છે.

સર ઓલીવર લૉજ બ્રિટનના ખ્યાતનામ વૈજ્ઞાનિકોમાંના એક હતા. તેમને અનેક યુનિવર્સિટીઓની ઘણી બધી ડિગ્રીઓ મળી હતી તથા સુવર્ણચંદ્રકો પણ પ્રાપ્ત થયા હતા. તેઓ વિજ્ઞાન માટે આત્માના અસ્તિત્વને એક જરૂરી અન્વેષક પાસું માનતા હતા અને પોતે પણ આગળ જતાં આ દિશામાં મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું. આ માટે તેમણે 'સાઈકિક રિસર્ચ સોસાયટી'ની સ્થાપના કરી અને આત્મા તથા મરણોત્તર જીવન વિશે વિશદ્ સંશોધનો કરીને તેની યથાર્થતા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સ્વીકારવાની સ્થિતિએ પહોંચી ગયા હતા. સાથે સાથે તેમણે અનેક પ્રેતાત્માઓ સાથે સંબંધ જોડી મરણોત્તર સંસાર વિશે અનેક નવી જાણકારી મેળવી. આ મૃતાત્માઓમાં તેમનો પ્રિય પુત્ર રેમન્ડ પણ સામેલ હતો, જેનું પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન મુત્યુ થઈ ગયું હતું.

ડૉ. ઓલીવર લૉજે એક પુસ્તકમાં ઈંગ્લેન્ડના રાજપરિવારમાં અશરીરી પ્રેતાત્માઓના અસ્તિત્વ પર પ્રકાશ પાડ્યો છે, જેઓ અવારનવાર રાજપરિવારના સદસ્યોને મદદ કરતા હતા. જયોર્જ પંચમના સમયમાં તેમની મોટી બહેન લુઈસ લગનના થોડાક જ દિવસો પછી વિધવા થઈ ગઈ. લુઈસને તેના પતિ ડ્યુક ઑફ ક્લિક પ્રત્યે ખૂબ આસક્તિ હતી. દિવંગત આત્માએ મૃત્યુ પછી પણ લુઈસ સાથે સંબંધ જાળવી રાખ્યો. એલિજાબેથ ગોર્ડને જાતે કેટલીય વાર લુઈસ અને પ્રેતાત્મા ડ્યુકની વાતચીત સાંભળી હતી. સમ્રાટ એડવર્ડ સાતમાની પત્ની મહારાણી એલેકઝાન્ડ્રાને પ્રેતોના અસ્તિત્વ પર પૂર્ણ વિશ્વાસ હતો. તેઓ મંત્રો દ્વારા પ્રેતાત્માઓનું આહ્વાન પણ કરતાં હતાં. એક સાધારણ બીમારીને લીધે સમ્રાટનું અવસાન થઈ ગયું, પરંતુ પતિના મૃત્યુ પછી પણ તેના આત્મા સાથેનો સંપર્ક જળવાઈ રહ્યો. મહારાણી વિકેટોરિયાના વિષયમાં પણ એવો જ ઉલ્લેખ મળે છે કે એક પ્રેતવિદ્યા વિશેષજ્ઞના માધ્યમથી તેમના પતિ સાથે મૃત્યુ પછી પણ સંબંધ જોડાયેલો રહ્યો હતો.

અશરીરી આત્માઓના કોઈક માધ્યમ દ્વારા કહેવામાં આવેલા સંદેશની અવહેલના અંતે નુકસાનકારક જ સાબિત થાય છે. એક પાદરી જેરેન્સી ટેલર ઘોડા પર સવાર થઈને બેલફાસ્ટથી ગેટો જઈ રહ્યા હતા. રસ્તામાં અચાનક કોઈ અપરિચિત વ્યક્તિ ઘોડાની પાછળ બેસી ગઈ. પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ હેડક જેમ્સ જણાવ્યું



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને પોતાનો પરિચય આપતાં કહ્યું કે હું પ્રેતયોનિમાં છું. મારી જીવિત પત્નીને કૃપા કરીને એક સંદેશો પહોંચાડી દો કે તારો નવો પતિ તારી હત્યા કરાવી નાખવાનો છે. પાદરીએ બતાવેલા સરનામે સંદેશો પહોંચાડી દીધો, પરંતુ પત્નીને વિશ્વાસ ન આવ્યો. ચોક્કસ સમય પછી તેના બીજા પતિ દ્વારા તેની હત્યા કરી દેવામાં આવી.

સર લૉજ દ્વારા સ્થાપિત સાઈકિક રિસર્ચ સોસાયટીએ મરણોત્તર જીવન પરનું અનુસંધાન સતત ચાલુ રાખ્યું છે અને એવા તમામ પ્રસંગોને પ્રકાશિત કરવાનો પ્રયાસ કર્યો છે, જેમાં અદૃશ્ય આત્માઓ સાથે સહયોગ સ્થાપિત કરવાનો દાવો કરવામાં આવ્યો હતો.

મહાકવિ વિલિયમ બ્લેકની બાબતમાં એવું પ્રસિદ્ધ છે કે તેઓ મધ્યરાત્રે મૃતાત્માઓનો સંપર્ક કરીને તેમની સાથે વાર્તાલાપ કરતા હતા. આ આત્માઓ તેમને અનેક વિષયો પર મહત્ત્વપૂર્ણ સલાહ તથા માર્ગદર્શન આપતા હતા. અમેરિકાની શ્રીમતી રૂથ મોન્ટગોમેરીના મતાનુસાર તેમનું પ્રસિદ્ધ પુસ્તક 'ધ વર્લ્ડ બિયોન્ડ' એ તેમની પોતાની રચના નહોતી, પરંતુ સ્વર્ગીય આર્થર ફોર્ડના આત્મા દ્વારા લખાવવામાં આવી છે. તેમણે તો ફક્ત તેને લિપિબદ્ધ જ કરી છે.

આર્થર એડવર્ડ સ્ટિલ બેક એ અમેરિકાનો એક ગરીબ માણસ હતો અને કુલીનું કામ કરી સામાન્ય કમાણીથી પોતાનું ગુજરાન ચલાવતો હતો. તે કહેતો હતો કે છ પ્રેતોની એક મંડળી વીસ વર્ષની ઉંમરથી દરેક કામમાં મને મદદ કરે છે. તેમાં એન્જિનિયર, લેખક, કવિ તથા અર્થશાસ્ત્રીઓના આત્માઓ પણ સામેલ છે. પ્રેતોએ કહ્યું કે તું જો અમારું કહ્યું માનીશ તો ખૂબ મોટો માણસ બની જઈશ. તેમણે તેની નોકરી પણ છોડાવી દીધી અને કહ્યું કે તું તારી પોતાની રેલવે લાઈન નાખ, નહેર ખોદાવ અને બંદરો બનાવ. તેનાથી તને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ખૂબ જ લાભ થશે. બિચારો આર્થર તો સ્તબ્ધ થઈ ગયો કે આવી કંગાળ ગરીબીમાં આવું કેવી રીતે બની શકે? પરંતુ જ્યારે પ્રેતોએ આશ્વાસન આપ્યું ત્યારે તેણે માત્ર કઠપૂતળીની જેમ બધાં જ કામો કરતા રહેવાની સંમતિ આપી અને અસંભવ જણાતાં સાધનો એકઠાં કરવામાં લાગી ગયો. આર્થર પૂર્ણ રીતે પ્રેતાત્માઓ પર જ આશ્રિત હતો. તેની પાસે ન તો જ્ઞાન હતું, ન અનુભવ હતો કે ન સાધનો હતાં, તેમ છતાં તેનાં શેખચલ્લી જેવાં સ્વપ્નો એક પછી એક પૂરાં થતાં ગયાં. જ્યારે તે મર્યો ત્યારે અબજોની સંપત્તિ મૂકતો ગયો.

## સત્પ્રયોજનો માટે તત્પર –

માતૃભૂમિનું રક્ષણ જેવાં માનવીય કર્તવ્યો તથા શ્રેષ્ઠ કાર્યો માટે અદૃશ્ય આત્માઓ સતત સહયોગ આપવા માટે તત્પર રહે છે.

સાચી શ્રદ્ધા અને ભક્તિભાવનાની સાથે પિતૃઓનું સ્મરણ કરવામાં આવે તો તે અતિ સમર્થ સત્તાઓ ચોક્કસ સત્પ્રયોજનો માટે મદદ કરવા આગળ આવે જ છે. આ સંદર્ભમાં બીજા વિશ્વયુદ્ધની ઘટના તેનું વિલક્ષણ પ્રમાણ છે. આ યુદ્ધમાં મોન્સની લડાઈનો એક પ્રામાણિક અને સુરક્ષિત યુદ્ધ દસ્તાવેજ છે.

આ યુદ્ધમાં બ્રિટિશ સૈન્ય ખૂબ ખરાબ રીતે હણાઈ ગયું. કુલ ૫૦૦ સૈનિકો જ બચ્યા હતા. જર્મન સૈન્ય તેમને પણ કાપી નાખવાની તૈયારીમાં જ હતું. તેમની સંખ્યા તે વખતે દસ હજાર જેટલી હતી. બ્રિટિશ સૈનિકોમાંથી એક સિપાઈએ ક્યારેક સેન્ટ જ્યોર્જનું ચિત્ર એક હોટલમાં જોયું હતું. આ ચિત્ર એક પ્લેટમાં કોતરેલું હતું, જેની નીચે લખ્યું હતું – 'સેન્ટ જ્યોર્જ ઈંગ્લેન્ડની મદદ કરવા માટે ઉપસ્થિત થાઓ.' તે ઈંગ્લેન્ડના પ્રખ્યાત સેનાપતિ હતા અને પોતાના હજારો સૈનિકો સાથે યુદ્ધમાં માર્યા ગયા હતા. તેમની યાદ આવતાં



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જ સૈનિકોએ પોતાની સંપૂર્ણ ભાવનાઓ અને આત્મશક્તિ સાથે સેન્ટ જ્યોર્જનું સ્મરણ કર્યું અને બીજી જ ક્ષણે સ્થિતિ બદલાઈ ગઈ. જાણે વીજળી ચમકી અને ૫૦૦ સૈનિકોની પાછળ હજારો શ્વેત વસ્ત્રધારી સૈનિકોની આભા દેખાવા લાગી. બીજી જ ક્ષણે દસ હજારની જર્મન સેના મેદાનમાં મરેલી પડી હતી. રહસ્ય તો એ હતું કે કોઈ પણ સૈનિકના શરીરમાં કોઈ પણ અસ્ત્રનો કોઈ ઘા કે નિશાની સુધ્ધાં નહોતી. આ ઘટનાએ ઈંગ્લેન્ડમાં તરખાટ મચાવી દીધો કે ખરેખર મૃત્યુ પછી આત્માનું અસ્તિત્વ નાશ પામતું નથી, પરંતુ તેનું રૂપાંતરણ થાય છે અને તે આત્માઓ અદૃશ્ય હોવા છતાં પણ સ્થૂળ રીતે મદદ પહોંચાડે છે.

સને ૧૯૬૫નું ભારત-પાકિસ્તાનનું યુદ્ધ ચાલી રહ્યું હતું. ૧૩મી નવેમ્બરે ભારતીય સૈનિકોની એક નાની ટુકડી નકશાની મદદથી જમ્મુ કાશ્મીરની ખીણ તરફ આગળ વધી હતી હતી. વાયરલેસ દ્વારા 'કમાન્ડ પોસ્ટ' સાથે તે ટુકડી સંપર્કમાં જ હતી, પરંતુ નકશા અથવા પોસ્ટ તરફથી નિર્દેશો મળવા છતાં પણ આગળનો રસ્તો સ્પષ્ટ થતો નહોતો. પાછા ફરવું પણ જોખમી હતું. આગળની ભારતીય ચોકી હજુ ૧૫ માઈલ દૂર હતી, જ્યાં સવાર થતાં પહેલાં પહોંચવાનું હતું. નહિતર નજીકના જ ક્ષેત્રમાં ચોકી કરી રહેલા પાકિસ્તાની સૈનિકો સાથે મૂઠભેડ થઈ જવાનો ડર પણ હતો. ભયંકર હિમવર્ષાને કારણે રસ્તાઓ પણ ધૂંધળા થઈ ગયા હતા. સૌ ઊંડી ચિંતામાં ડૂબી ગયા અને દિશાહીન બનીને ઊભા રહી ગયા. એટલામાં ગીચ ઝાડીમાંથી પગરવ સંભળાયો. સૈનિકોએ જોયું તો સામે એક ભારતીય લેફ્ટેનન્ટ ઊભા હતા. તે લેફ્ટેનન્ટના ખમીસમાં પીઠ પર ગોળ નિશાન હતું. એટલો ભાગ બળી ગયો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હોય તેવું લાગતું હતું. લેફ્ટેનન્ટે જણાવ્યું કે ગઈકાલના પાકિસ્તાની ગોળીબારથી પીઠ પાછળનો ભાગ દાઝી ગયો છે. વાતને બદલવા માટે લેફ્ટેનન્ટે કહ્યું કે ક્યારેક ક્યારેક મૃતાત્માઓ પણ મુશ્કેલ પરિસ્થિતિમાં પોતાનાં પ્રિયપાત્રોને મદદ કરતા હોય છે. આ વિષય પર વાતચીત ચાલી રહી હતી એટલામાં જ તેઓ ચોકી નજીક આવી પહોંચ્યા. લેફ્ટેનન્ટે ચોકી તરફ ઈશારો કર્યો તથા કહ્યું કે હું ત્યાં સુધી આવી નહિ શકું. સૈનિકો ચોકી તરફ આગળ વધ્યા. વીસપચીસ ફૂટ ચાલ્યા પછી તેમણે પાછળ નજર કરી, તો જોયું કે ત્યાં લેફ્ટેનન્ટ સાહેબ નહોતા. એક મિનિટ કરતાં પણ ઓછા સમયમાં તેમના દૂર જતા રહેવાની કોઈ શક્યતા નહોતી. કેટલાક સૈનિકોએ થોડે દૂર સુધી જઈને તેમની તપાસ કરી, પરંતુ તેઓ દેખાયા નહિ. ચોકી પર પહોંચતાં સૈનિકોએ કમાંડરને બધી વાત કરી. એ સાંભળીને કમાંડર આશ્ચર્યચકિત થઈ ગયો. તેણે જણાવ્યું કે ગઈકાલના બોમ્બમારામાં પીઠ પર ગોળો વાગવાથી તે લેફ્ટેનન્ટનું મૃત્યુ થઈ ગયું હતું. તેમના અગ્નિસંસ્કાર પણ કરી દેવામાં આવ્યા હતા. લેફ્ટેનન્ટના રૂપમાં તેમના પ્રેતે જ સહાયકના રૂપમાં પ્રગટ થઈને સૈનિકોની ટુકડીને મદદ કરી હતી.

## આત્મીયજનોને ચેતવણી -

ક્યારેક ક્યારેક અદૃશ્ય આત્માઓ પોતાના અસ્તિત્વનો પરચો આપીને નીતિસદાચારનું પ્રતિપાદન કરીને આસ્તિકતાવાદી માન્યતાને મજબૂત બનાવે છે ત્યારે કર્મફળની પ્રતિક્રિયાનો સિદ્ધાંત સાચો જણાય છે.

પશ્ચિમ જર્મનીના એક અનાથાશ્રમના સંચાલક એડવર્ડ નેપલ્સ એક ઈમાનદાર માણસ હતા, પરંતુ જીવનનાં અંતિમ વર્ષોમાં તેમણે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આશ્રમની સંપત્તિનો મોટો ભાગ ચૂપચાપ પોતાના નામે કરી દીધો હતો. મરતી વખતે તેમને તે વાતનો ખૂબ પસ્તાવો થયો. ત્યાં સુધીમાં તેમની અપ્રામાણિકતાનો ભેદ પણ ખૂલી ગયો હતો. આશ્રમના ટ્રસ્ટીઓએ તેમના મર્યા પછી કોર્ટમાં દાવો કર્યો, પરંતુ કોઈ સાબિતી મળતી નહોતી, જેનાથી સાબિત થઈ શકે કે એડવર્ડના પુત્રને મળેલી સંપત્તિ આશ્રમની માલિકીની છે. પુત્રને પણ એ વાતની માહિતી હતી. અદાલતમાં જુબાની આપતી વખતે તેણે સ્પષ્ટ ઇન્કાર કર્યો કે તેને વારસામાં મળેલી સંપત્તિ આશ્રમની છે. જુબાની આપતી વખતે એક વિલક્ષણ ઘટના બની. કોર્ટમાં એક જોરદાર અવાજ ગૂંજી ઉઠ્યો અને છોકરાના ગાલ પર જોરથી એક તમાચો પડ્યો. સૌ એ જોઈને નવાઈ પામ્યા. છોકરો સમજી ગયો કે આ તમાચો મારા પિતાએ જ માર્યો છે. તેણે પોતાની ભૂલ સ્વીકારી અને આશ્રમની સંપત્તિ પાછી આપી દીધી.

સ્ટોબર્ગની જૂન ૧૯૬૧ની વાત છે. જેની કેલેધન નામનો એક માણસ દારૂના નશામાં લથડિયાં ખાતો અડધી રાત્રે પોતાના ઘર તરફ જઈ રહ્યો હતો. એટલામાં પાછળથી અવાજ આવ્યો કે ઊભો રહે. પાછા ફરીને તેણે જોયું, પણ ત્યાં કોઈ દેખાયું નહિ. તે આગળ વધતો હતો એટલામાં ફરી પાછો એ જ સ્ત્રીનો અવાજ સંભળાયો. કેલેધનનો નશો ઊતરી ગયો. એ અવાજ થોડો પરિચિત લાગ્યો. તેને સમજાયું કે આ અવાજ મારી માતાનો છે, જે થોડાં વર્ષો પહેલાં મૃત્યુ પામી હતી. તેણે કહ્યું, “બેટા ! તું આ ખરાબ કામ છોડી દે. તને ખબર નથી કે તારાં આ કારસ્તાનો જોઈને મર્યા પછી મને કેટલું બધું દુખ થઈ રહ્યું છે.” માતાની આ વેદનાપૂર્ણ વાત સાંભળીને કેલેધન પોતાનાં કુકર્મો વિશે વિચારવા લાગ્યો. ખરેખર તેણે પિતાની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તમામ સંપત્તિ દારૂમાં વેડફી નાખી હતી અને પોતે અનેક દુર્ગુણોનો શિકાર બની ગયો હતો. તેણે સંકલ્પ કર્યો કે આજથી હું મારા જીવનને સુધારી લઈશ. હું ક્યારેય દારૂ નહિ પીઉં. માતાની ઉપસ્થિતિની ખાતરી કરવા માટે તેણે કહ્યું કે હું બધી જ કુટેવો છોડી દઈશ, પરંતુ જો તું મારી માતા હોય તો તારા સ્પર્શ દ્વારા મને ખાતરી કરાવ. આટલું કહેતાં જ માતાએ પોતાનો મમતાભર્યો હાથ કેલેધનના માથે મૂક્યો અને તેની પીઠ થપથપાવી. તેના હાથનાં નિશાન ખમીસ પર અંકિત થઈ ગયાં. લંડનના પરગેટી મ્યુઝિયમમાં કેલેધનનું એ ખમીસ આજે પણ સચવાયેલું છે, જેની પર પ્રેતાત્માના હાથનાં નિશાન છે.

આ વિદેશી ઉદાહરણો અહીં જાણીજોઈને આપવામાં આવ્યાં છે કારણ કે મરણોત્તર જીવન વિશે સૌથી વધારે ભ્રાંતિ ત્યાં જ ફેલાયેલી છે. બહારથી આસ્તિકતાનું સમર્થન કરવા છતાં તેઓ મરણોત્તર જીવનની બાબતમાં હઠાગ્રહ કરે છે.

ઈટાલીની એક પ્રખ્યાત નાયિકા જુલિયેટના મૃત્યુ પછી પણ આવતા હજારો પત્રોના જવાબ લોકોને મળતા રહેતા હતા. જેમને પત્રોના જવાબ મળ્યા તે અગાઉના પત્રો સાથે બિલકુલ સુસંગત હતા. કેટલાકમાં તો આગળના પત્રોનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો હતો. જુલિયેટની સમાધિથી થોડે દૂર બે ટપાલપેટીઓ ટાંગવામાં આવી હતી. એકમાં પત્રો આવતા હતા તથા બીજીમાં તેના જવાબીપત્રો નાખવામાં આવતા હતા. ટપાલી તે નિયમિત રીતે લઈ જતો હતો. સમાધિનો ચોકીદાર ઈટોરે સોલોમિની જવાબ લખતો હતો. તેનું કહેવું હતું કે પત્રોના જવાબ જુલિયેટનો આત્મા લખાવતો હતો. તે સમય દરમ્યાન તેને કંઈ પણ ભાન રહેતું નહોતું.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વિશ્વવિખ્યાત ભવિષ્યવક્તા કીરોના પિતાનું મૃત્યુ થઈ ગયું. થોડાક મહિના પછી તેમના આત્માનો સંદેશો મળ્યો. કીરો કેટલાક દસ્તાવેજો ખોવાઈ જવાના કારણે ખૂબ પરેશાન હતા. પ્રેતાત્માએ તેમને જણાવ્યું કે તે દસ્તાવેજ લંડનના ડેવિસ એન્ડ સન્સ સોલિસીટરને ત્યાં મૂકેલા છે. તેની કચેરી સ્ટ્રેન્ડમાં ચર્ચની પાસેના એક સાંકડા રસ્તા પર આવેલી છે. કીરો તે માણસને મળ્યા, તો ખરેખર તેમના દસ્તાવેજો ત્યાંથી મળી આવ્યા. કીરોએ આ ઘટનાનો પોતાના પુસ્તકમાં ખાસ ઉલ્લેખ કર્યો છે.

આવા એક નહિ, પરંતુ અનેક પ્રસંગો છે, જે અદૃશ્ય લોકની જાણકારી આપે છે. અદૃશ્ય આત્માઓ સાથે આદાનપ્રદાન કરીને તેમનો લાભ લઈ શકાય છે. જેટલું દેખાય છે એટલું જ સત્ય નથી. આ બ્રહ્માંડ વિરાટ પુરુષનું વિશાળ કલેવર છે, જેમાં અસંખ્ય પદાર્થો અને અનંત ચેતનસામગ્રી ભરેલી છે. એ બંનેના સમન્વયથી જ આ સૃષ્ટિની વ્યવસ્થા ચાલી રહી છે. પરોક્ષજગતના આ સૂક્ષ્મ વૈભવનો પરિચય આપવા માટે અવારનવાર એવી ઘટનાઓ બનતી રહે છે. જે મૃતાત્માઓ પૃથ્વી પર રહેલા પોતાના પ્રિયજનો સાથે સ્નેહ, સૌજન્ય તથા સહયોગનો સંબંધ રાખવા માગે છે તેમનો આશય મનુષ્યને ડરાવવાનો હોતો નથી એ સમજી લેવું જોઈએ.

એ એક સત્ય હકીકત છે કે અશરીરી આત્માઓ સાથે સંબંધ સ્થાપી શકાય છે અને તેમનો સહયોગ મેળવી શકાય છે. વિકસિત અંતઃચેતના ધરાવતી વ્યક્તિઓ જ એમાં સફળ થાય છે. અદૃશ્ય આત્માઓ સાથે સંબંધ સ્થાપવાની વિધિનું વિશ્લેષણ કરતાં એમા હાર્ડિંજે પોતાના પુસ્તક 'પાઇન અમેરિકન સ્પિરિચ્યુઆલિઝમ' માં લખ્યું છે કે મનનું કાર્ય માત્ર ઇચ્છા, કલ્પના અને નિર્ણય કરવા સુધી જ સીમિત નથી. તેમાં કેટલીક વિલક્ષણ શક્તિઓ પણ રહેલી છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેનાથી બીજાઓને પ્રભાવિત કરી શકાય છે. બીજાઓનો અર્થ પદાર્થ પણ છે અને ચેતના પણ છે. અતીન્દ્રિય વૈજ્ઞાનિકો આ શક્તિને સાઇકોકાઇનેસિસ કહે છે. આ વિષયમાં ચાલી રહેલું સંશોધન દર્શાવે છે કે મનુષ્યની ચેતના દ્વારા પદાર્થોને જ નહિ, પરંતુ અશરીરી આત્માઓને પણ પ્રભાવિત કરી શકાય છે અને તેમનો સહયોગ પ્રાપ્ત કરી શકાય છે.

ફ્રેડરિક માયર્સના મત અનુસાર એ કક્ષાનો વિકાસ માણસને અતીન્દ્રિય અનુભૂતિઓ કરાવી શકે છે. આ જાતની અદ્‌ભુત અને વિલક્ષણ કહેવાતી ક્ષમતા માણસમાં બીજરૂપે રહેલી છે. તેને સબલિમિનલ સેલ્ફ કહેવામાં આવે છે. તેમણે પોતાના અંગત અનુભવો, પ્રયોગો અને કારણોની ચર્ચા કરતાં જણાવ્યું છે કે મનુષ્યમાં એક એવું તત્ત્વ છે, જેના આધારે દૂરની અજ્ઞાત અને ભવિષ્યમાં બનનારી ઘટનાઓની માહિતી મળી શકે છે. અપ્રગટ રહસ્યોના પ્રગટીકરણ અને અશરીરી આત્માઓ સાથે સંબંધ સ્થાપવાની શક્યતાને તેમણે ચેતન સ્તરના લોકો માટે સહજ અને સુલભ જણાવી છે.

ફ્રેડરિક માયર્સને મનોવિજ્ઞાનના જન્મદાતાઓમાંના એક માનવામાં આવે છે. તેમણે કહ્યું છે કે દરેક વ્યક્તિમાં અંતઃચેતનાનો એક વિશેષ સ્તર હોય છે. તેને તેઓ સુપરાલિમિનલ સેલ્ફ કહે છે. આ સ્તરનો વિકાસ જ અશરીરી આત્માઓના સહયોગનું માધ્યમ બને છે. દરેક વ્યક્તિ પોતાના સબલિમિનલ સેલ્ફને વિકસિત કરીને, પ્રસુપ્ત શક્તિઓને જાગ્રત કરીને સોક્રેટિસની જેમ પોતાના 'ડેમોન' પાસેથી એવાં જ અનુદાનો તથા સહયોગ મેળવી શકે છે.

## સહયોગી મૃતાત્માઓના પોતપોતાના સ્તર –

સામાન્ય મૃતાત્માઓ તેમના આત્મીયજનો પ્રત્યે ઉત્સુક રહે છે. તેમની દુનિયા સીમિત હોય છે. તેમની આત્મીયતા ઘરપરિવાર



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સુધી સીમિત રહે છે. તેમની કામનાઓ પણ સીમિત અને સાધારણ હોય છે. પરિજન કે પ્રિયજનના મૃત્યુ પછી થોડા દિવસ સુધી મળતા રહેવું, તેમને નાનીમોટી જાણકારી આપવી, પ્રેમ વ્યક્ત કરવો, થોડોક સમય સાથે રહેવું અથવા મરતા પહેલાંની પોતાની કોઈ ઇચ્છા કે વાસનાને આવા સંપર્ક દ્વારા પૂરી કરવી એ જ તેમનો ઉદ્દેશ્ય હોય છે.

પિતૃ આત્માઓ તેમનાં કરતાં જુદાં હોય છે. તેમનો ઉદ્દેશ્ય આત્મકલ્યાણ માટે માર્ગદર્શન તથા સલાહસૂચન આપવાનો હોય છે. તેમની કોઈ અંગત વાસના હોતી નથી કે તેમના સંપર્ક પાછળ કોઈ તુચ્છ હેતુ હોતો નથી. તેઓ તો ફક્ત સન્માર્ગ બતાવવા માટે જ સંપર્ક કરતા હોય છે.

આત્મચેતનાના વિસ્તારની દૃષ્ટિએ આ પિતૃ આત્માઓ પણ બે પ્રકારના હોય છે. એક પ્રકારના પિતૃઓ પોતાના કુળ તથા વંશના સગાસંબંધીઓને જ આત્મીય માને છે અને તેમને જ સલાહસૂચન કે માર્ગદર્શન આપી લાભ પહોંચાડે છે. બીજા પ્રકારના પિતૃઓ ઉદાર આત્માઓ હોય છે. તેમની આત્મીયતાની સીમા ખૂબ વિશાળ હોય છે. તેઓ સત્પ્રવૃત્તિઓ તથા સદ્‌ભાવનાના આધારે સગપણ માને છે. અગાઉના કોઈ પરિચય કે સંબંધની તેમને સહેજ પણ અપેક્ષા હોતી નથી. જેઓ સન્માર્ગે ચાલનારા અને સદ્‌ભાવસંપન્ન હોય તેઓ જ તેમના આત્મીય હોય છે. આવા પિતૃ આત્માઓ દરેક ઉત્કૃષ્ટ વ્યક્તિને મદદ કરવા માટે હંમેશાં તત્પર રહેતા હોય છે. તેઓ કોઈ પણ સુપાત્ર સાથે સંપર્ક સાધવામાં સંતોષ તથા આનંદનો અનુભવ કરે છે.

## સંગીતકાર પિતૃઓ -

થોડા સમય પહેલાં લંડનની એક આધેડ સંગીતકાર મહિલા રોઝમેરી બ્રાઉનનો મામલો ચમક્યો હતો, જેના વિશે કહેવાય છે કે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેને બાખ, બિથોવાન, શોપો, દેબુસીલિજટ, શૂવર્ટ વગેરે મહાન સંગીતકારોના આત્માઓ સંગીતનું શિક્ષણ આપે છે અને અભ્યાસ કરાવે છે. અત્રે એ યાદ રહે કે આ સંગીતકારોનું દેહાવસાન થયે ઘણાં વર્ષો વીતી ચૂક્યાં છે.

શ્રીમતી બ્રાઉન જ્યારે સાત વર્ષની હતી ત્યારે તેણે રાત્રે જોયું કે કાળો કોટ પહેરેલો કોઈ પડછાયો તેની પથારી તરફ ધસી રહ્યો છે. આ દૃશ્ય જોઈને તે એટલી ભયભીત થઈ ગઈ કે તેના મોઢામાંથી ચીસ પણ નીકળી શકી નહિ. તે કાળા પડછાયાએ બ્રાઉનની પીઠ પર વહાલથી હાથ ફેરવ્યો. આશ્ચર્યની વાત છે કે ચારે બાજુથી બંધ એ ઓરડામાં તે પડછાયો કેવી રીતે પ્રગટ થયો અને કોઈ પણ જાતનો અવાજ કર્યા વગર રોઝમેરી સુધી પહોંચી ગયો ! વળી તેનાં માતાપિતા તેની બાજુમાં જ સૂતાં હતાં. તે કાળા પડછાયાનો ચહેરો સ્પષ્ટ દેખાવા લાગ્યો અને તે રોઝમેરીને સાંત્વના પણ આપી રહ્યો હતો. તેણે કહ્યું – "ગભરાઈશ નહિ મારી દીકરી ! હું તને એક પ્રસિદ્ધ સંગીતકાર બનાવીશ અને તને સંગીત શીખવીશ."

ત્યાર પછી વર્ષો સુધી તે કાળા પડછાયા સાથે કોઈ સંપર્ક થયો નહિ. તે દરમ્યાન રોઝમેરીનું લગ્ન થઈ ગયું, તે બાળકોની માતા પણ બની ગઈ અને દુર્ભાગ્યવશ સને ૧૯૬૧માં તેના પતિનું નિધન થઈ ગયું. બાળપણમાં તેને સંગીત શીખવાનો શોખ પેદા થયો હતો, પરંતુ તે સંગીતનું સામાન્ય શિક્ષણ જ પ્રાપ્ત કરી શકી હતી. પતિનું નિધન થયા પછી રોઝમેરીને પોતાની અને બાળકોના ગુજરાનની ચિંતા રહેતી હતી. ઘરની સ્થિતિ પણ કંઈ સારી નહોતી, જેથી તે અંગે નિશ્ચિંત રહી શકાય. આથી તેનો બધો જ સમય ગુજરાનની વ્યવસ્થામાં પસાર થઈ જતો હતો. આવી ગરીબીમાં તેને સંગીત



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શીખવાનો કે સંગીત સભાઓમાં જવા માટેનો સમય મળતો નહોતો. પૈસાનો અભાવ હતો, પરંતુ તેનામાં સંગીત શીખવાની તીવ્ર લાલસા હતી. સાત વર્ષની ઉંમરે જે કાળો પડછાયો દેખાયો હતો તે અચાનક ફરીથી દેખાયો. એટલું જ નહિ, તેની સાથે બીજા પડછાયા પણ હતા. અત્યાર સુધી રોઝમેરી બ્રાઉને સંગીત શાખાનું જે અધ્યયન કર્યું હતું અને જે સંગીતકારો વિશે વાંચ્યું હતું તેમને જોઈને તે ઓળખી ગઈ કે આ આત્મા વિખ્યાત પિયાનોવાદક ફૉન્જ લિઝ્ટનો છે. ફોન્જ લિઝ્ટની સાથે બીજા અનેક સંગીતકારોના આત્માઓ પણ હતા.

આ ભૂત સંગીતકારોએ તેને અત્યાર સુધીમાં લગભગ ૪૦૦ સંગીત રચનાઓ શીખવી છે. તેમાં શૂવર્ટના ૪૦૦ પાનના સોનારા, શોપાની ૧૫ ગીતોની રચના તથા બિથોવનના બે સોનારા સામેલ છે. કહેવાય છે કે રોઝ બ્રાઉનને સંગીત શીખવવામાં અને નવી રચનાઓ તૈયાર કરવામાં લિઝ્ટનો આત્મા તેનો હાથ પકડીને માર્ગદર્શન આપે છે. કઈ ધુન કઈ રીતે ગાવી જોઈએ તે શીખવવા માટે સંગીતકારોના આત્માઓ તે ગાઈને પણ સમજાવે છે. આ દાવા સાવ પાયા વગરના હોય તેવું નથી. તેની સત્યતા ચકાસવા માટે કેટલાક પત્રકારો અને પરામનોવૈજ્ઞાનિકોએ શોધખોળ પણ કરી, તે આત્માઓનાં ચિત્રો પણ લેવામાં આવ્યાં અને એ દાવાઓ સાચા જણાયા.

બ્રિટનના પ્રસિદ્ધ સંગીતકાર સર ડોનાલ્ડ ટૉસનો આત્મા પણ રોઝમેરીની પાસે આવે છે. અત્રે એ યાદ રહે કે ડોનાલ્ડ ટૉસનું અવસાન ૧૯૪૦માં જ થઈ ગયું હતું, પરંતુ તેનો આત્મા હજી પણ રોઝમેરીને સંગીતનું શિક્ષણ આપે છે. તે દરરોજ કામથી પરવારીને દસ વાગ્યાથી સાંજના ચાર વાગ્યા સુધી સંગીતનું શિક્ષણ પ્રાપ્ત કરે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. મૃત સંગીતકારોના આત્માઓ આ દરમ્યાન છ કલાક સુધી તેની પાસે રહે છે.

રોઝમેરીનું જીવન ગરીબી અને મુશ્કેલીઓથી ભરેલું હતું. તે એક શાળામાં રસોઇયણનું કામ કરતી હતી. તેમાંથી તેણે સમય કાઢીને પોતાના અદૃશ્ય સહાયકોની મદદથી સંગીતસાધનાનો ક્રમ ચલાવ્યો. લોકોને તેની વાત સાચી જણાઈ તો તેમણે સ્વર્ગીય આત્માઓ દ્વારા નિર્દેશિત કેટલીક સંગીત નિર્દેશાવલીઓ લખાવવાની વિનંતી કરી, જેનો તેણે સ્વીકાર કર્યો. પરિણામે ૩૦૦૦ શબ્દોની એક સંગીત નિર્દેશમાળા પ્રકાશિત થઈ. તેનું નામ છે 'ટેન કમાન્ડમેન્ટ્સ ફોર મ્યુઝિશિયન્સ.' આ નિર્દેશોના આધારે ગ્રામોફોન રેકર્ડ બની છે. સ્વર્ગીય આત્માઓના સંગીતથી પરિચિત લોકોને આ ઘટનાએ ખૂબ જ પ્રભાવિત કર્યા છે.

મનોવિજ્ઞાનશાસ્ત્રના સુપ્રસિદ્ધ શોધકર્તા શ્રી મોરિશ બાર્બનેલની માન્યતા છે કે રોઝમેરીને અતીન્દ્રિય શ્રવણ અને દર્શનની વિલક્ષણ શક્તિઓ મળેલી છે અને તેની જ મદદથી તે પ્રગતિ કરી રહી છે.

સન ૧૯૩૬માં ન્યુયોર્કથી પેરિસ આવેલી એક મહિલા શ્રીમતી બીજરૂથની સાથે પણ એક એવી ઘટના બની. સો વર્ષ પહેલાં દિવંગત થઈ ચૂકેલા ચિત્રકાર ગોયાએ તેને ચિત્રકળા શીખવી. બીજરૂથ ચિત્રકળા શીખવાના ઉદ્દેશ્યથી જ પેરિસ આવી હતી. તેને વિશ્વાસ હતો કે પેરિસમાં રહીને કલાકારો સાથે સારી રીતે સંપર્ક સાધી શકાશે તથા તેમનો લાભ લઈ શકાશે, પરંતુ કલાકારો સાથે સંપર્ક સાધવા અને તેમની પાસેથી કંઈક શીખવા માટે પણ થોડોઘણો અભ્યાસ તથા કલાનું જ્ઞાન હોવું જોઈએ. બીજરૂથમાં આમાંનું કશું જ નહોતું. તેણે ચિત્રકળાનો થોડોક અભ્યાસ કરીને પોતાને ચિત્રકાર બનાવવા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

માટે પ્રયત્નો કર્યા હતા, પરંતુ અભ્યાસ કરવા છતાં તેને એમાં ખાસ સફળતા મળી નહિ.

ઘણા દિવસો સુધી અભ્યાસ કર્યા પછી પણ તેને કોઈ સફળતા ન મળતાં તે નિરાશ થઈ ગઈ. તેને લાગ્યું કે મારા પેરિસ આવવાનો કોઈ અર્થ સર્યો નહિ. અહીં આવ્યે ઘણા મહિના થઈ ગયા, છતાં પણ સર્જનની પ્રેરણાનું કોઈ મૂર્ત રૂપ પ્રગટ થયું નહિ. પેરિસ આવતી વખતે તેણે વિચાર્યું હતું કે ત્યાંના કલાત્મક વાતાવરણમાં ઘણા વિષયો મળશે, પરંતુ એવું કશું થયું નહિ. તે હાથમાં પીંછી લઈને કલાકો સુધી બેસી રહેતી અને છેવટે તેને મૂકી દેતી. એક દિવસ તે ખૂબ જ નિરાશ અને ઉદાસ થઈ ગઈ.

આવી નિરાશા અને હતાશા વચ્ચે તેને ક્યારે ઊંઘ આવી ગઈ તેની ખબર ના રહી. તે ગાઢ ઊંઘમાં હતી ત્યારે તેને લાગ્યું કે કોઈ અજ્ઞાત શક્તિ તેને ઢંઢોળી રહી છે. ઊંઘમાં જ તે સ્ટુડિયો તરફ ચાલી નીકળી. તેને સમજાતું નહોતું કે આ બધું શું અને કેવી રીતે થઈ રહ્યું છે. સ્ટુડિયોમાં જઈને તેણે અંધારામાં જ કાગળ પર પીંછી ફેરવવા માંડી. તેના હાથ ખૂબ ઝડપથી ચાલી રહ્યા હતા, પરંતુ તેને પોતાના ચિત્ર વિશે કંઈ જ ખબર નહોતી. તેને લાગ્યું કે કોઈ અજ્ઞાતશક્તિ તેના માધ્યમથી પોતાની ઇચ્છિત કલાકૃતિનું સર્જન કરાવી રહી છે. જે કાંઈ બની રહ્યું હતું તેની પર તેનો કોઈ જ કાબૂ નહોતો. થોડીક વાર પછી બીજરૂથના હાથ આપમેળે જ અટકી ગયા. તેને લાગ્યું કે ચિત્ર પૂરું થઈ ગયું છે. જેવી રીતે તે પથારીમાંથી ઊઠીને સ્ટુડિયોમાં આવી હતી તેવી જ રીતે તે પોતાના રૂમમાં પહોંચી ગઈ અને સૂઈ ગઈ.

સવારે ઊઠતાં જ બીજરૂથને રાત્રે બનેલી ઘટના યાદ આવી. તેણે સ્ટુડિયોમાં જઈને જોયું તો દંગ થઈ ગઈ. તે સમજી ના શકી કે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કોઈ પણ પ્રેરણા વગર, વિચાર્યા વગર તથા કોઈ અનુભવ વગર આટલું સુંદર ચિત્ર કેવી રીતે બની ગયું. ચિત્ર ખરેખર એટલું શ્રેષ્ઠ અને સુંદર હતું કે તેની માગો તેટલી કિંમત મળે, પરંતુ બીજરૂથ માટે એ જાણવું વધારે જરૂરી હતું કે આ કલાકૃતિનું નિર્માણ કેવી રીતે થયું. આખો દિવસ તેણે એ જ ગડમથલમાં પસાર કર્યો. બીજી રાત્રે ફરી એવી જ ઘટના બની. હવે તેના આશ્ચર્યની કોઈ સીમા ના રહી. તેને લાગ્યું કે જરૂર કોઈ અદૃશ્ય શક્તિ મને ચિત્રકળાનો અભ્યાસ કરાવી રહી છે.

એવામાં બીજરૂથને એવી એક મહિલા વિશે માહિતી મળી કે જે કોઈપણ વસ્તુ જોઈને કે તેને અડકીને તેના વિશે જાણીતી કે ગુપ્ત બાબતો કહી શકતી હતી. બીજરૂથે તે સ્ત્રીનો સંપર્ક સાધ્યો. તેણે કલાકૃતિઓને સ્પર્શ કરીને તેમના વિશે માહિતી આપી. તેના કહેવા મુજબ બીજરૂથને ઊંઘમાંથી ઉઠાડીને ચિત્રકલા શિખવાડનાર વ્યક્તિ સ્પેનના પ્રખ્યાત ચિત્રકાર ગોયાનો આત્મા હતો. તેમનું મૃત્યુ સન ૧૯૨૮માં થયું હતું. જીવનના અંતિમ દિવસોમાં સ્પેનમાં રહેતા તેમના દુશ્મનોથી છુટકારો મેળવવા માટે ગોયાએ ફ્રાંસના દક્ષિણ ભાગમાં આવેલા બીજરૂથના પતિના પૂર્વજોના ઘરમાં આશરો લીધો હતો. તે વખતે તે ખૂબ જ લાચાર હતા અને મરતા પહેલાં તથા મર્યા પછી પણ તેમની હાર્દિક ઇચ્છા હતી કે હું મિ.રૂથના પૂર્વજોના ઉપકારનો બદલો ગમે તે રીતે વાળીશ. તેમના જ વંશની બીજરૂથને મુશ્કેલીમાં જોઈને ગોયાએ તેને મદદ કરવાનો નિશ્ચય કર્યો. એના જ ભાગરૂપે નિદ્રાવસ્થામાં બીજરૂથને માર્ગદર્શન આપીને મદદ કરી.

અશરીરી આત્માઓનું અસ્તિત્વ અને તેમના દ્વારા લોકોને સહયોગ મળવો તે એક હકીકત છે. ડરામણી અને નીચ પ્રકૃતિનાં



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભૂતપ્રેત ખૂબ ઓછાં હોય છે. ઉચ્ચ આત્માઓ મનુષ્યોને મદદ જ કરતા હોય છે. તેમની ઉચ્ચ પ્રકૃતિના કારણે બીજાઓને આગળ વધારવા તથા મુશ્કેલીઓથી બચાવવા માટે પૂર્વસંકેતો પણ આપતા રહે છે. જેવી રીતે ઉદાર માણસો કોઈપણ જાતના સંબંધ વગર બીજાઓને મદદ કરવા માટે તૈયાર રહે છે તેવી જ રીતે સૂક્ષ્મ શરીરધારી આત્માઓ લોકોને ઉપયોગી જ્ઞાન આપવા માટે અથવા તો મૃત્યુ પછી પણ આત્માનું અસ્તિત્વ જળવાઈ રહે છે તેની ખાતરી કરાવવા માટે મદદ કરતા રહે છે.

ઉદાત્ત આત્માઓ પિતૃઓના રૂપમાં બધા જ સત્પાત્ર લોકોને મદદ કરવા આતુર રહે છે. તેમની આત્મીયતાની સીમા ખૂબ વિશાળ હોય છે. એ પિતૃસત્તાઓ મનુષ્યની પાત્રતા જુએ છે, સંબંધ નહિ. તેઓ એવા લોકોને કલ્યાણના માર્ગે વાળી દેવાને જ પોતાનું કર્તવ્ય માને છે. ગોસ્વામી તુલસીદાસજીને એક પિતૃસત્તાએ શ્રીહનુમાનજી અને ભગવાન રામનાં દિવ્યદર્શનની વિધિ જણાવી હતી અને તેમને એક અનાથ બાળકમાંથી એક ભક્ત મહાકવિ અને સંત બનાવવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી.

## ભયાનક પ્રેતાત્માએ મદદ કરી –

ઈંગ્લેન્ડના ડફરીન અને અવા રજવાડાંના સામંત લોર્ડ ડફરીન એકવાર ભારતમાં વાઈસરૉય રહી ચૂક્યા હતા. તેમને કેનેડાના ગવર્નર જનરલ અને રોમના રાજદૂત બનવાનું સૌભાગ્ય પણ મળ્યું હતું. સન ૧૮૯૧માં તેઓ ફ્રાંસના રાજદૂત નિયુક્ત થયા હતા. એક દિવસ તેમના એક મિત્રે તેમને આયર્લૅન્ડમાં ભોજન માટે નિમંત્રણ આપ્યું. રાત્રે બાર વાગ્યા સુધી ભોજનસમારંભ ચાલ્યો. તેમના માટે ખૂબ સજાવેલા એક ઓરડામાં વિશ્રામની વ્યવસ્થા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરવામાં આવી હતી. ડફરીન હજુ તો આડા જ પડ્યા હતા એટલામાં આખો ઓરડો એકાએક તીવ્ર પ્રકાશથી ભરાઈ ગયો. તે દિવસે પૂર્ણિમા હતી. બહાર ચંદ્રમા પ્રકાશ વેરી રહ્યો હતો, પરંતુ રૂમના બધા જ દરવાજા અને બારીઓ પર પડદા હતા, તેથી અંદર પ્રકાશ આવવાની કોઈ શક્યતા નહોતી. લાઈટો પણ બંધ હતી. આથી શંકા જતાં ડફરીન ઉઠ્યા અને ચારેય બાજુ જોયું કે ક્યાંય કોઈ ગરબડ તો નથી ને. વળી પાછા આવીને સૂતા ત્યાં તો પહેલાંના જેવો જ પ્રકાશ દેખાયો. તેમણે પોતે જાગે છે તથા હોશમાં છે તેની ખાતરી કરી. પછી ઊભા થઈને બારીમાંથી બહાર ડોકિયું કર્યું તો થોડેક દૂર એક આકૃતિ પોતાના ખભે શબની પેટી જેવો ભાર ઊંચકીને ઊભેલી દેખાઈ. તે કણસી રહી હતી. તેને વજન ઊંચકવામાં તકલીફ પડતી હોય તેવું લાગ્યું.

તે દિવસોમાં પ્રયોગશાળાઓ માટે શબોની ઘણી જરૂર પડતી હતી. વૈજ્ઞાનિકો મોં માગી રકમ આપતા હતા, આથી ફ્રાંસમાં મડદાંની ચોરીઓ થતી હતી. ડફરીને વિચાર્યું કે તે કોઈ મડદાચોર હશે, આથી તેઓ સાહસ કરીને બહાર આવ્યા અને તેની પાસે જતાં પડકારીને પૂછ્યું કે કોણ છે ? આકૃતિએ તેમની તરફ નજર નાખતાં જ તેઓ સ્તબ્ધ થઈ ગયા. તેમણે એટલો ભયાનક ચહેરો અગાઉ ક્યારેય જોયો નહોતો, તેમ છતાં સાહસ કરીને પેલા પર આક્રમણ કરવા આગળ વધ્યા તો તે આકૃતિ એકદમ ગાયબ થઈ ગઈ. ટોર્ચની મદદથી દૂર સુધી જોયું, પરંતુ કોઈ દેખાયું નહિ. જમીન પર પગલાંનાં પણ કોઈ નિશાન નહોતાં. ડફરીન થોડાક ડરી ગયા. તે એક ભૂલી ન શકાય તેવી ઘટના હતી. તેઓ ઓરડામાં ગયા અને જે કાંઈ જોયું તે બધું ડાયરીમાં નોંધી લીધું. તેઓ આખી રાત સૂઈ ના શક્યા. થોડાક દિવસ પછી વાત ભૂલાઈ ગઈ.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

થોડાંક વર્ષો પછી લોર્ડ ડફરીન પેરિસના રાજદૂત જ હતા. એક દિવસ બધી રાજકીય વ્યક્તિઓને તેમણે ભોજન માટે નિમંત્રણ આપ્યું. પેરિસની ગ્રાંડ હોટલમાં તેની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમય છતાં બધા લોકો હોટલની નીચે ભેગા મળ્યા. ઉપરના માળે આવેલી હોટલ સુધી જવા લિફ્ટ હતી. તેઓ ડફરીનના આવવાની રાહ જોતા હતા.

ડફરીન આવતાં તેઓ બધા લિફ્ટ પાસે ગયા. ડફરીને વર્ષો પહેલાં જોયેલી પેલી ભયાનક આકૃતિને ત્યાં ઊભેલી જોઈ. એક સેકંડમાં તેમને તે દિવસની ઘટના તાજી થઈ ગઈ. તેઓ પાછા વળી ગયા અને હોટલના મેનેજર પાસે જઈને પૂછ્યું કે લિફ્ટ પર કોને નિયુક્ત કરવામાં આવ્યો છે. તેઓ પૂછતા હતા એટલામાં જ ધડામ દઈને લિફ્ટ અધવચ્ચેથી તૂટી પડી. અંદર બેઠેલા અતિથિઓના ફૂરચા ઊડી ગયા. ડફરીન સિવાયના બધા જ લોકો મરી ગયા હતા. આ સમાચાર ફ્રાંસનાં બધાં જ અખબારોમાં છપાયા. તેમણે સ્વીકાર કર્યો કે ભૂતપ્રેત જેવી સત્તાનું અસ્તિત્વ છે. લુઈ આન્સ્પેચરે આ ઘટના 'રીડર્સ ડાઈજેસ્ટ'માં પણ છપાવી હતી.

પેલી ભયાનક આકૃતિને ડફરીને આયર્લેન્ડમાં શબ લઈ જવાની અશુભ સ્થિતિમાં જોઈ હતી, છતાં તેણે તેમનું કોઈ અનિષ્ટ ન કર્યું. તેનાથી એક વાત સાબિત થાય છે કે બીજાઓ માટે તે આકૃતિ કદાચ અશુભ હશે, પરંતુ ડફરીન પ્રત્યે તેના મનમાં આત્મીયતાની લાગણી હતી.

પેરિસની ગ્રાંડ હોટલમાં લિફ્ટમેનની બાજુમાં છાયારૂપે ઊભેલી તે ભયાનક આકૃતિ બીજા લોકોને ન દેખાઈ. તેમને તો ત્યાં ફરજ બજાવતો લિફ્ટમેન જ જોવા મળ્યો. ફક્ત ડફરીનને જ તે આકૃતિ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દેખાઈ. એનો અર્થ એ છે કે તે કોઈ નિયમના કારણે પોતાની ભયાનક પ્રવૃત્તિમાં જોડાયેલો હોવા છતાં ડફરીનને મૂક ચેતવણી આપવા માગતો હતો. પ્રેતવિદ્યાના વિશારદોના કહેવા પ્રમાણે તે કોઈ લોર્ડ કુટુંબનો જ ક્રૂરકર્મી પૂર્વજ હશે. મૃત્યુ પછી પણ તેને કઠોર જવાબદારીઓ સોંપવામાં આવી હશે. શ્રી લેડવિટરે પણ 'ઇન - વિઝિબલ હેલ્પર્સ' માં આવું જ લખ્યું છે. જે આત્માને જે કામ વધારે અનુકૂળ હોય તેને પરલોકમાં પણ એવી જ જવાબદારીઓ નિભાવવાનું પ્રશિક્ષણ આપીને એવી જ ભૂમિકા સોંપવામાં આવે છે. પોતાની જવાબદારીમાં પ્રવૃત્ત હોવા છતાં પણ તે ક્રૂરકર્મી પિતૃએ ડફરીનને ચેતવણી આપીને તેનું હિત જ કર્યું હતું. ડફરીન પણ તે ગુપ્ત સંકેતને સમજી ગયા, તેની ઉપેક્ષા ના કરી. પરિણામે તેમનો જીવ બચી ગયો.

વાસ્તવમાં દરેક પ્રેતાત્મા ડરાવવા આવતો નથી. તેમનાથી ભયભીત થવાની જરૂર નથી. તેઓ એક યા બીજી રીતે મદદરૂપ થવા માટે જ પ્રગટ થાય છે.

પશ્ચિમી જગતની બીજી પણ એવી જ પ્રસિદ્ધ ઘટના છે. સન ૧૯૬૭ના ડિસેમ્બરની ઠંડી રાત હતી. શ્રીમતી એકલે હડસન નદીના કિનારે આવેલા પોતાના મકાનની અગાશીમાં ઊભી રહીને પોતાના પતિને રવાના થતો જોઈ રહી હતી. એ મકાન વિક્ટોરિયાના સમયનું હતું, જે વર્ષોથી ખાલી પડ્યું હતું. તેમાં ભૂતો રહે છે એવું લોકો કહેતા હતા. એક દિવસ ખેતરમાં જતી વખતે મિ. એકલેની નજર તે મકાન પર પડી. તે ભૂતપ્રેતમાં માનતો નહોતો. તે રોજ વિચારતો કે આટલું ભવ્ય મકાન ખાલી પડી રહ્યું છે. તે રોજ તેને ખરીદવાનો વિચાર કરતો અને અંતે એક દિવસ તેણે તે ખરીદી જ લીધું.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તે જ રાત્રે શ્રીમતી એકલેને એવું લાગ્યું કે કોઈ મારી પાસે ઊભું છે. તેનો શ્વાસ પણ જાણે તેની ગરદનને સ્પર્શી રહ્યો હતો. ભૂતપ્રેત સાથે જોડાયેલી તમામ કલ્પનાઓ તેના મગજમાં ફરી વળી. ભયભીત થઈને ભાગવા માટે જેવી તે પાછી ફરી તો તેણે જોયું કે સામે એક પડછાયો ઊભો છે. તે પડછાયામાંથી ધીમો અવાજ સંભળાયો, "તું ગભરાઈને ભાગીશ નહિ. અત્યાર સુધી જે લોકો આ મકાનમાં આવ્યા છે તે બધા ભયભીત થતા રહ્યા છે. અમારો ઉદ્દેશ્ય તો માણસોને મદદ કરવાનો તથા તેમની સહાનુભૂતિ મેળવવાનો છે." આવા શબ્દોથી શ્રીમતી એકલેનો ભય ઓછો થઈ ગયો. તેણે પૂછ્યું કે તમે લોકો કોણ છો, કેટલા જણ છો અને આ રૂપમાં તમારે શાથી ભટકવું પડે છે? પેલા પડછાયાએ જવાબ આપ્યો કે અમે ત્રણ જણ છીએ અને તમારા વંશના જ છીએ. તમારું આ મકાન ખરીદવું અને અહીં આવવું એ માત્ર સંયોગ નથી. અમે એકલેને આપેલી પ્રેરણાથી જ તેણે આ મકાન ખરીદ્યું છે. મર્યા પછી એક યોનિ એવી હોય છે, જેમાં ઉચ્ચ આત્માઓ સહાયક આત્માઓના રૂપમાં સૂક્ષ્મજગતમાં ભ્રમણ કરતા રહે છે તથા સૌને મદદ કરે છે.આ મકાનને ભૂતબંગલો ગણવામાં આવ્યો ત્યારે તમને જ અહીં બોલાવી લેવાનું અમને યોગ્ય લાગ્યું. શ્રીમતી એક્લે ઘણીવાર સુધી પોતાના પૂર્વજ પિતૃ સાથે વાતો કરતી રહી. પેલા પ્રેતે વાતનો વિષય બદલીને હડસન નદીના સુંદર દૃશ્યની ચર્ચા શરૂ કરી. શ્રીમતી એક્લે એટલી તલ્લીનતાથી નદીને જોઈ રહી કે પેલો પડછાયો ક્યારે ત્યાંથી ગાયબ થઈ ગયો તેની તેને ખબર જ ના પડી.

તે દિવસોમાં અખબારોમાં ખૂબ ચર્ચાયેલી આ ઘટના 'રીડર્સ ડાયજેસ્ટ'ના મે ૧૯૭૭ના અંકમાં પણ છપાઈ હતી. તેમાં આ પહેલી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મુલાકાત પછી એ સહયોગી આત્માઓ તરફથી મળેલાં અનુદાનોની ચર્ચા છે. તેમાં લખ્યું છે કે એક્લે પરિવારે પડોશીઓની આશાથી વિપરીત તે મકાન ખરીદવાનો નિર્ણય કર્યો. અવારનવાર તે ઘરના કોઈ ને કોઈ સભ્યની એ અદૃશ્ય આત્માઓ સાથે મુલાકાત થતી રહેતી. તેઓ પોતાની મદદરૂપ થવાની વૃત્તિનો પરિચય આપતા રહેતા.

ઘણીવાર તે પિતૃઓ મજાકના મૂડમાં પણ રહેતા. હાથથી મોઢામાં જઈ રહેલો નાસ્તો કોઈ અજ્ઞાત પડછાયો પોતે ખેંચી લેતો એ જોઈ બધાં હસી પડતાં. પેલાં પ્રેતોને એક્લેની મોટી દીકરી સિંથિયા પ્રત્યે વધારે લાગણી હતી. જો તે સવારે નિશાળે જવા માટે વહેલી ના ઊઠે તો તેનો પલંગ જોરજોરથી હાલવા લાગતો. જ્યાં સુધી તે ઊઠી ન જાય ત્યાં સુધી પલંગ હાલતો જ રહેતો. રજાઓમાં સિંથિયા સૂતી વખતે પ્રાર્થના કરતી કે મહેરબાની કરીને મને મોડે સુધી સૂવા દેજો. પેલા આત્માઓ તેની વાત માની લેતા અને સિંથિયા મોડે સુધી સૂઈ રહેતી. સિંથિયાએ કેટલીયવાર રાજસી પોશાકમાં ફરી રહેલી મહિલાના પડછાયાને પોતાના ઓરડામાં જોયો હતો. ૧૯૭૬માં સિંથિયાનાં લગ્ન થયા પછી શ્રીમતી એક્લેએ ઓરડામાં પ્રવેશ કરતાં જ અવાજ સાંભળ્યો કે અમારા તરફથી પણ સિંથિયા માટે એક ભેટ છે, જે આશીર્વાદ સ્વરૂપે તેને આપી દેજો. તેણે કબાટ ખોલ્યું તો તેમાં નકશીકામ કરેલા ચાંદીના ચમચાની જોડ જોવા મળી. સિંથિયાને પુત્ર જન્મ્યો ત્યારે બીજા લોકોએ તેને ભેટો આપી. તેની સાથે સાથે પેલા પિતૃ આત્માઓ તરફથી પણ તેને સોનાની વીંટી મળી.

આ ઘટનાઓ દર્શાવે છે કે ઉદાર અને સહૃદયી વ્યક્તિઓ મર્યા પછી પણ પોતાના સ્વભાવની વિશેષતાને અનુરૂપ બીજાઓનું હિત જ કરતી રહે છે, જ્યારે દુષ્ટ આત્માઓ પોતાના કુસંસ્કારો, દુષ્ટતા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને પરપીડન વૃત્તિના કારણે મર્યા પછી પણ ભૂતપ્રેત બનીને બીજા લોકોને દુખ પહોંચાડતા રહે છે. ઉદાર, સહૃદયી અને સદ્ભાવસંપન્ન આત્માઓને જ તત્ત્વદર્શીઓએ પિતૃઓ તથા દેવાત્મા કહ્યા છે. તેમનો સહયોગ અને માર્ગદર્શન સૌ કોઈ પ્રાપ્ત કરી શકે છે. તેઓ તો સહયોગ આપવા માટે આતુર અને ઉત્સુક જ રહે છે.

અશરીરી આત્માઓ સાથે સંબંધ સ્થાપવાની અને તેમને પોતાના સહચર બનાવી તેમનો સહયોગ પ્રાપ્ત કરવાની વિદ્યા ભારતમાં પહેલાં ખૂબ પ્રચલિત હતી. આજે પણ આ વિદ્યાના જાણકારો છે, પરંતુ તેઓ પ્રકાશમાં આવતા નથી. પોતાને આવી શક્તિથી સંપન્ન કહેનારાઓમાંથી મોટાભાગના લોકો આ વિદ્યાનો ખોટી રીતે લાભ લેતા હોય છે. જેમની અંતઃચેતના વિકસિત અને પવિત્ર હોય તેવા લોકોને મદદ કરવા માટે આવા શુભ આશયવાળા, ઉદાર અને પરોપકારી વૃત્તિના આત્માઓ પોતે જ આતુર રહે છે. વાસ્તવમાં આત્મિક વિજ્ઞાન એટલું શક્તિશાળી છે કે તે પ્રત્યક્ષ તથા પરોક્ષ બંને લોકોમાં ભાવનાત્મક સહયોગનો માર્ગ ખોલી શકે છે. તેનાથી બંને પક્ષોને લાભ તથા સંતોષ પ્રાપ્ત થશે. મનુષ્યની પોતાની કાર્યક્ષમતા વધશે અને પરસ્પરના આદાનપ્રદાનનો એક મહત્ત્વપૂર્ણ ક્રમ શરૂ થશે.

*



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

## પિતૃઓ : આપણા શુભચિંતક તથા સાચા માર્ગદર્શક

વ્યાવહારિક જીવનમાં લોકો એકબીજાને મદદ કરતા રહે છે. આ સહકારી વૃત્તિના કારણે જ મનુષ્ય બુદ્ધિમાન બન્યો છે અને પ્રાકૃતિક સંપત્તિ પર પોતાનું આધિપત્ય સ્થાપી ચૂક્યો છે. સાવ એકાકી માણસ તો તેની શક્તિને જોતાં બીજાં પ્રાણીઓ કરતાં સાવ કમજોર અને અસમર્થ સાબિત થાય છે. સહકારના કારણે જ મનુષ્ય ધીમેધીમે ઉન્નતિ કરતો ગયો અને આગળ વધતો રહ્યો.

મનુષ્યોમાં પણ જેઓ હલકટ હોય છે તેઓ સંકુચિત તથા સ્વાર્થપરાયણ હોય છે. તેમને પોતાના કામથી જ કામ અને પોતાના મતલબથી જ મતલબ હોય છે. બીજાઓનાં દુખદર્દ સમજવાની અને તેમને મદદ કરવાની ભાવના તેમનામાં પેદા થતી જ નથી કે એવી સમજણ પણ આવતી નથી. કોઈ દુખી કે જરૂરિયાતવાળું છે કે નહિ એવું વિચારવાની પણ તેમને ફુરસદ હોતી નથી. બૌદ્ધિક પછાતપણાની જેમ આવું ભાવનાત્મક પતન ઘણા લોકોમાં જોવા મળે છે, પરંતુ બધા જ એવા હોતા નથી. અનેક લોકોના સ્વભાવમાં માનવીય ગૌરવને અનુરૂપ ખૂબ આત્મીયતા તથા ઉદારતા હોય છે. તેઓ હળીમળીને ખાવાની નીતિમાં માનતા હોય છે. બીજાઓના દુખમાં સહભાગી બનવાની તથા પોતાનું સુખ વહેંચવાની ઇચ્છા તીવ્ર બનતાં તેઓ સેવા કરવાની તક શોધતા જ રહે છે અને જ્યાં તથા જ્યારે એવી તક મળે ત્યારે પોતાની ઉત્કૃષ્ટતાનો પરિચય આપે છે. સેવાધર્મ અપનાવનારાઓને દેવતા કહેવામાં આવે છે. દેવો જેવું અંતઃકરણ પ્રાપ્ત કરવું તેને મનુષ્યનું સર્વશ્રેષ્ઠ સૌભાગ્ય માનવામાં આવે છે.

શરીર ન હોવા છતાં આત્માનું અસ્તિત્વ ટકી રહે છે. મૃત્યુ અને જન્મની વચ્ચે એવી જ સ્થિતિ રહે છે. તે વખતે પંચભૌતિક



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શરીર ન હોવા છતાં તેમનામાં એવી શક્તિ હોય છે કે જેનાથી તેઓ પોતાની ઉદારતાનો પરિચય આપી શકે અને બીજાઓની મદદ તથા તેમની સેવા કરી શકે. એવા આત્માઓ દેવતા કહેવાય છે. તેઓ લોકકલ્યાણ માટે પોતાનાથી બનતું બધું જ કરતા રહે છે.

પિતૃઆત્માઓને પણ દેવતાઓ જેવા જ ગણી શકાય. તેઓ અવારનવાર જીવિત અવસ્થાની જેમ જ બીજાઓને મદદ કરીને પોતાનો ધર્મ નિભાવતા રહે છે. આવી પરોક્ષ મદદને ભલે દૈવી અનુદાનનું નામ આપવામાં આવે,પરંતુ ખરેખર તો તે એવા શ્રેષ્ઠ આત્માઓ દ્વારા સુપાત્રોને મળતી હોય છે.

સન ૧૬૮૫માં ફ્રાંસના રાજા લુઈ ચૌદમા વિરુદ્ધ જનતાએ બળવો કર્યો. ૧૭૦૨માં ઠેરઠેર ગેરીલા યુદ્ધો થવા લાગ્યાં. ક્લેરિસ નામનો એક સેનાપતિ પ્રોટેસ્ટન્ટ હતો. રાજાને હરાવવા અને પોતાને શ્રેષ્ઠ સાબિત કરવા માટે તેણે અગ્નિપરીક્ષા આપવાની વાત કરી.

લાકડાં ગોઠવીને ઊંચી ચિતા બનાવવામાં આવી. ક્લેરિસ ભાવસમાધિની સ્થિતિમાં તેની ઉપર ચઢીને ઊભો રહ્યો. ચિતામાં આગ લગાડવામાં આવી. આગની જવાળાઓએ ક્લેરિસને ચારેય બાજુથી ઘેરી લીધો અને ક્લેરિસ મેદાનમાં હાજર રહેલા છસો લોકોને સંબોધન કરતો રહ્યો. લાકડાં બળીને રાખ થઈ ગયાં અને આગ હોલવાઈ ગઈ ત્યાં સુધી ક્લેરિસનું ભાષણ ચાલતું રહ્યું. ક્લેરિસને ઊની આંચ પણ ન આવી. તે અગ્નિપરીક્ષામાં વિજયી નીવડ્યો.

સન ૧૮૬૭ની ઘટના છે. બેલ્જિયમના પિયરે ડેરુવિયર નામના એક માણસનો પગ ઝાડ પરથી પડી જવાને કારણે ભાગી ગયો. હાડકું સંધાયું નહિ. તેમાં સડો થઈ ગયો. કોઈપણ રીતે તે ઘા રુઝાતો નહોતો. મહામુશ્કેલીએ તે થોડુંક ચાલી શકતો હતો. પગ ભાંગ્યો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હતો તે જગ્યા વાંકીચૂંકી થઈ ગઈ હતી. આવી સ્થિતિમાં પહોંચી ગયેલા તે દર્દીને સાજો કરવા કોઈ સર્જન તૈયાર નહોતો.

નિરાશ થઈ ગયેલા પિયરેના મનમાં એક દિવસ વિચાર આવ્યો અને તે સંત લોરેન્સની સમાધિ સુધી ઘસડાતો ઘસડાતો પહોંચી ગયો. ઘૂંટણિયે પડીને આખો દિવસ તે રડતો રહ્યો અને મદદ કરવા માટે સંતના આત્માને પ્રાર્થના કરતો રહ્યો.

સાંજ થઈ ગઈ. ઘેર પાછા જવાનો સમય થઈ ગયો ત્યારે તે સામાન્ય માણસોની જેમ ઊભો થયો. તેનો પગ સાજો થઈ ગયો હતો. તે ઘેર પરત ફર્યો. તેના પરિચિતોમાંથી કોઈને એ ઘટના પર વિશ્વાસ ના બેઠો. તેને જોવા આવનારા લોકોની ભીડ ભેગી થઈ ગઈ. બધા અદૃશ્ય વરદાનની ચર્ચા કરવા લાગ્યા.

દક્ષિણ ઈટાલીના ફોગિયા કસબામાં એક દંપતીને ત્યાં નવ વર્ષનો બાળક જિયોવેનિયા- લીટલ જહોન કરોડરજ્જુની બીમારીના કારણે નાનાં બાળકોની જેમ હાથપગના બળે ઢસડાઈને ચાલતો હતો. એક દિવસ આ રીતે તે રસ્તા પર ઢસડાઈ રહ્યો હતો ત્યારે અચાનક તેની પીઠ પર તેને એક દિવ્યસ્પર્શનો અનુભવ થયો. નજર ઊંચી કરીને તેણે જોયું તો ત્યાં પાદરી પેડ્રોપિયો ઊભા હતા. તે કંઈ પૂછે એ પહેલાં જ પાદરી ચાલ્યા ગયા. જિયોવેનિયા ખૂબ કૃતજ્ઞતાપૂર્વક પાદરીની કૃપાને મનોમન વંદન કરતો રહ્યો. તેની અપંગતા દૂર થઈ ગઈ હતી. તે ઊભો થયો અને દોડતો દોડતો પોતાને ઘેર આવ્યો. પાદરી પેડ્રોપિયોની કૃપાથી તે સાવ સાજોનરવો થઈ ગયો હતો.

## પરોપકારી ચિકિત્સક પિતૃઓ -

સન ૧૯૫૮ની ઘટના છે. અમેરિકાના પ્રખ્યાત પત્રકાર તથા લેખક બર્નાર્ડ હટને પોતાની સાથે બનેલી એક ઘટનાનો ઉલ્લેખ તેમના



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

'હિલિંગ હેન્ડ્સ' નામના પુસ્તકમાં કર્યો છે. તેઓ ન્યુરાઇટિસ નામના રોગથી પીડાતા હતા. સાથે સાથે તેમની આંખોની જોવાની શક્તિ પણ લગભગ નષ્ટ થઈ ગઈ હતી. આંખોના નિષ્ણાત ડૉ. હડસન તેમની સારવાર કરી રહ્યા હતા. તેમણે હટનની આંખોનો ઈલાજ અશક્ય હોવાનું જણાવ્યું અને કહ્યું કે જો બીજું ઑપરેશન કરીશું તો કદાચ આંખોની જ્યોતિ સાવ જ જતી રહેશે.

તેવામાં હટનની પત્ની પર્લ હટનને જાણવા મળ્યું કે વીસમી સદીની શરૂઆતમાં થઈ ગયેલા આંખોના નિષ્ણાત સ્વર્ગસ્થ ડૉ. લેન્ગનો પ્રેતાત્મા એલિસબરીના મિ. ચેપમેનના શરીરમાં આવે છે અને તે ચેપમેનના માધ્યમથી આંખના સેંકડો દર્દીઓની સફળતાપૂર્વક સારવાર કરી ચૂક્યા છે. શ્રીમતી પર્લે તેમના પતિને એલિસબરી જવાનો આગ્રહ કર્યો ત્યારે બર્નાર્ડ હટને એ બધો અંધવિશ્વાસ અને ભ્રમ હોવાનું કહ્યું, પરંતુ શ્રીમતી પર્લે વિનંતી કરતાં કહ્યું કે આપણે ત્યાં જઈએ તો ખરાં. એલિસબરી ફરવા ગયાં હતાં એમ માની લઈશું. આમ શ્રી હટન પોતાની પત્રકારત્વવાળી બુદ્ધિ લઈને એલિસબરી ગયા.

મિ. ચેપમેનને ત્યાં તેમની જ રાહ જોવાઈ રહી હતી. તે વખતે યુવક ચેપમેન પર ડૉ. લેન્ગના આત્માનો પ્રભાવ સ્પષ્ટ દેખાતો હતો. તેમનો ચહેરો તથા હાવભાવ બિલકુલ વૃદ્ધ ડૉક્ટર લેન્ગ જેવા જ લાગી રહ્યા હતા. તેમણે બર્નાર્ડ હટનને ગાડીમાંથી ઊતરતાં જ પોતાના ઓરડામાં બોલાવ્યા. તેમના ખભા ઉપર હાથ મૂકીને કહ્યું કે આવો મિસ્ટર હટન, તમે આંખોની બીમારીથી પીડાઓ છો. હું ડૉ. લેન્ગ છું. હું તમને બની શકે તેટલી મદદ કરીશ.

બર્નાર્ડ હટન એ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા હતા કે યુવક ચેપમેનના વ્યક્તિત્વમાં આશ્ચર્યજનક પરિવર્તન કેવી રીતે થઈ ગયું.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મિ. ચેપમેન એ બધું આંખો બંધ કરીને તંદ્રા જેવી અવસ્થામાં જ કહી રહ્યા હતા. મિ. હટનની તર્કબુદ્ધિ તેને ક્યારેક સંમોહન, ક્યારેક ટેલિપથી, ક્યારેક થૉટ ટ્રાન્સફર્મેશન તો ક્યારેક દિવ્યદૃષ્ટિ હોવાનું વિચારતી હતી. તેમના મનમાં અવનવા વિચારોની ગડમથલ ચાલી રહી હતી. ચેપમેનના માધ્યમથી ડૉ. લેન્ગ હટનની ખુરશી પાસે પહોંચ્યા અને તેમની બંધ આંખોને હટનની આંખો પાસે લાવીને બોલ્યા કે તમે માઈનસ ૧૮ નંબરનાં ચશ્માં પહેરો છો. તે વખતે મિ. હટન ખરેખર માઈનસ ૧૮ નંબરનાં ચશ્માં પહેરતા હતા. બર્નાર્ડ હટનની આંખોને બેત્રણવાર આંગળીઓથી સ્પર્શ કરીને લેન્ગે જણાવ્યું કે તમારી આંખોનું બાળપણમાં જે ઑપરેશન થયું હતું તે બિલકુલ બરાબર હતું. હટન ભૂલી ગયા હતા કે ભૂતકાળમાં તેમની આંખોનું ઑપરેશન થયું હતું, પરંતુ હવે તેમને યાદ આવ્યું કે છ વર્ષની ઉંમરે તે વખતના એક પ્રસિદ્ધ ડૉક્ટરે તેમની આંખોનું ઑપરેશન કર્યું હતું. તે ડૉક્ટરનું મૃત્યુ થઈ ચૂક્યું હતું.

મિ. હટનની આંખોને બીજીવાર આંગળીઓથી સ્પર્શ કરી ડૉ. લેન્ગે કહ્યું કે તમારી આંખોની લિમ્ફ ડ્રેનેજ સિસ્ટમ બરાબર કામ કરતી નથી. ગ્લુકોમા થઈ ગયો છે. હટનની સમજમાં કંઈ જ આવતું નહોતું. તેઓ તો સ્વર્ગસ્થ ડૉ. લેન્ગની જાણકારી તથા પ્રશ્નોથી જ હતપ્રભ થઈ ગયા હતા. ત્યાર પછી ડૉ. લેન્ગે જણાવ્યું કે જે બીમારીના વાયરસ તમને પીડા આપી રહ્યા હતા તે તો તમારા ડૉક્ટરની સારવારથી નાબૂદ થઈ ગયા છે, પરંતુ તેના બદલે એક નવી જ ભયંકર બીમારી થઈ ગઈ છે. હિપેટાઈટિસ વાયરસના આક્રમણના કારણે તમારા લીવરમાં નુકસાન થયું છે અને પીડા વધી રહી છે. તમારી શક્તિ ક્ષીણ થતી જાય છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હટનને લેન્ગની વાતો તથા રોગની વ્યાખ્યા એક કોયડા જેવી લાગતી હતી. તેમની પત્રકાર બુદ્ધિની સમજમાં કશું જ આવતું નહોતું. અંતે ડૉ. લેન્ગે કહ્યું કે મિ. હટન, હું તમારી આંખોનું એક ઑપરેશન કરીશ. એનાથી તમને કોઈ કષ્ટ નહિ થાય કારણ કે આ ઑપરેશન સૂક્ષ્મ શરીરનું હશે, સ્થૂળનું નહિ. તમે અમારી વાતો અને સાધનોનો પ્રયોગ અનુભવી શકશો, પરંતુ જોઈ નહિ શકો. બીજા પ્રેતાત્માઓ પણ મારા મદદનીશ છે.

આટલું કહીને ડૉ. લેન્ગે પોતાનું કામ શરૂ કરી દીધું. મિ. હટન તેમની આંગળીઓને ચાલતી તથા ઑપરેશનનાં સાધનોને વપરાતાં અનુભવી રહ્યા હતા. ડૉ. લેન્ગ વચ્ચેવચ્ચે બોલતા હતા કે હું તમારા સૂક્ષ્મ શરીરને સ્થૂળ શરીરથી જુદું પાડી રહ્યો છું. ફ્લુઇડની તપાસ કરી રહ્યો છું, ક્રિસ્ટલ, લેન્સ, રેટિના....વગેરે. થોડીવાર પછી તેમણે કહ્યું કે હવે ઑપરેશન પૂરું થઈ ગયું છે. તમારા સિલિયરી મસલ્સ ખૂબ કડક થઈ ગયા હતા. ત્યાર પછી ડૉ. લેન્ગે પોતાના મદદનીશોને કહ્યું કે જો હિપેટાઇટિસનો ઇલાજ કરવામાં નહિ આવે તો આ ઑપરેશનથી કોઈ ખાસ ફાયદો નહિ થાય. ડૉ. લેન્ગે ફરીવાર આંખો બંધ કરી અને એ જ મુદ્રામાં હટનના શરીર પર હાથ ફેરવ્યો. હટનને એવું લાગતું હતું કે જાણે તેમના મૂર્છિત શરીર પર સ્પર્શ કરવામાં આવી રહ્યો છે.

ઑપરેશન પૂરું કર્યા પછી ડૉ. લેન્ગે હાથનો ટેકો આપીને હટનને બેઠા કર્યા. તે વખતે તેમને ખૂબ અશક્તિ લાગતી હતી. ત્યારે એક નર્સ મીસ માર્ગારિટ આવી અને તેણે હટનને ઊભા કર્યા. જતી વખતે ડૉ. લેન્ગે કહ્યું કે મિ. હટન, હું તમને કાયમ મદદ કરતો રહીશ અને મારા સૂક્ષ્મશરીરથી ઑપરેશન પણ કરતો રહીશ. તમારી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આંખોની જ્યોતિ ફરીથી પાછી આવી જશે અને તમારું જીવન સુખેથી પસાર થશે એવી મને પૂરેપૂરી આશા છે.

મીસ માર્ગારિટે હટનને કારમાં બેસાડ્યા. તે વખતે તેમને કશું જ દેખાતું નહોતું, પરંતુ થોડીવારમાં જ ધીરેધીરે તેમને બધું જ દેખાવા લાગ્યું. તેઓ ખુશ થઈને પોતાને ઘરે આવી ગયા. તેમનું હૃદય પ્રેતાત્માએ કરેલી અણધારી મદદને યાદ કરીને વારંવાર ગદ્ગદ થઈ જતું હતું. આ વિલક્ષણ ઘટનાએ તેમના સમગ્ર જીવનક્રમને બદલી નાખ્યો.

સાઇકિક હિલિંગની આવી અનેક ઘટનાઓ છે, જે દર્શાવે છે કે સહાયક પિતૃઆત્માઓ કોઈ સુપાત્રને પોતાનું માધ્યમ બનાવીને પરપીડાને દૂર કરવાની પોતાની જવાબદારીને સારી રીતે નિભાવતા રહે છે. બ્રાઝિલના એવા જ એક ડૉક્ટર એરિગોનું વૃત્તાંત બહુ ચર્ચિત છે. તેમની મદદથી કોઈ જર્મન ડૉક્ટરનો પ્રેતાત્મા ઑપરેશન કરતો હતો. ફિલિપાઈન્સમાં પણ એવા સાઇકિક હિલર આત્માઓ છે, જેમના માધ્યમથી મરણોત્તર અવસ્થામાં પણ મૃતાત્માઓ સતત સારવાર આપતા રહે છે.

ફિલિપાઇન્સના એક વિખ્યાત ડૉક્ટર હતા ટૉની એપગોઆ. તેમની સારવારપદ્ધતિ આજના ચિકિત્સકોને પણ અચરજ પમાડતી હતી. તેઓ તેમને જોવા જતા હતા અને તેમની પદ્ધતિ જોઈને આશ્ચર્યચકિત થઈ જતા હતા. એ બધું કઈ રીતે શક્ય બને છે તેને તેઓ સમજી શકતા નહોતા.

૩૭ વર્ષનો ટૉની ચિકિત્સાનો વ્યવસાય કરતો હતો. તે મુખ્યત્વે સર્જરીનું કામ કરતો હતો. ટ્યુમર, કેન્સર તથા મોતિયાનાં ઑપરેશનો કરતો હતો અને શરીરમાંથી સડી ગયેલું માંસ બહાર



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કાઢી નાખતો હતો. તેની પાસે ચાકુ, કાતર, સોય કશું જ નહોતું, એમ છતાં તે ઑપરેશન કરતો હતો તે અદ્દભુત બાબત હતી. ટૉનીનું હમણાં થોડા સમય પહેલાં જ અવસાન થઈ ગયું.

ટૉની ક્લેજનના કુવાઓ વિસ્તારમાં બે માળના મકાનમાં રહેતો હતો. ઉપરના માળે તે પોતાના પરિવાર સાથે રહેતો હતો અને નીચે તેનું દવાખાનું હતું. અનેક જાતના રોગીઓ ઑપરેશન કરાવવા માટે તેની પાસે આવતા હતા. તેમને ટેબલ પર સુવડાવીને તે મંત્ર બોલતો હતો. ચાકુનું કામ તે હાથથી કરતો હતો. આંગળીઓથી જ કાપવા તથા ચીરવાનું કામ કરતો હતો. ટ્યુમર, કેન્સરની ગાંઠ, પરુ વગેરે અંદરથી બહાર કાઢી નાખતો હતો. ત્યાર પછી તે સોયની મદદ વગર ટાંકા લઈ લેતો હતો. ઑપરેશન દરમ્યાન તેનો પિત્રાઈ ભાઈ આલ્ફ્રેડો તેની સાથે રહેતો હતો અને તે હાથરૂમાલ તથા બીજી વસ્તુઓ લેવામૂકવાનું કામ કરતો હતો. થોડુંક લોહી નીકળતું જોવા મળતું, પરંતુ દર્દીને સહેજ પણ દર્દ થતું નહોતું અને ઑપરેશન સારી રીતે સફળ થતું. દરરોજનાં આવાં દસથી વીસ જેટલાં ઑપરેશનો તે કરતો. તેણે અનેક અસાધ્ય દર્દીઓને સાજા કર્યા હતા. દર્દીઓ તથા પ્રશંસકોની ભીડ તેને ઘેરી વળતી. પહેલાં તે ફિલિપાઈન્સની રાજધાની મનીલામાં રહેતો હતો. ખ્યાતિના કારણે ભીડ ખૂબ વધી ગઈ, તેથી તેણે તે સ્થળ છોડી દીધું અને કોઈક નવી જગ્યાએ જતો રહ્યો. ત્યાં તેણે પોતાના નામનું બોર્ડ લગાવ્યું નહોતું, છતાં પણ લોકોએ તેનું સરનામું શોધી કાઢ્યું અને તેઓ ત્યાં પણ પહોંચી ગયા. આધુનિક ઑપરેશનોથી જે થઈ શકે તે બધું જ કરી આપવાનો દાવો ટૉની કરતો હતો. તેની સારવાર પદ્ધતિ જોવા માટે ડૉક્ટરો, વૈજ્ઞાનિકો વગેરે આવતા અને તેની સમગ્ર પ્રક્રિયાના



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ફોટો પાડતા તથા ફિલ્મ ઉતારતા, પરંતુ એ અસંભવ લાગતું કાર્ય કેવી રીતે કરી શકે છે તે તેમને કદાપિ સમજાયું નહિ.

ટૉની એપગોઆ પોતાના આ કાર્યનું શ્રેય કોઈક દેવાત્માને આપતો હતો. તે કહેતો હતો કે મારો અદ્ભુત રક્ષક જે કરાવે છે તે જ હું કરું છું. ઑપરેશન વખતે તે જ મારી સાથે રહે છે અને મદદ કરે છે. આ સિવાય તે દેવતા વિશે બીજું કશું જણાવતો નહોતો. છેવટ સુધી એ રહસ્ય તેના પૂરતું જ સીમિત રહ્યું.

મિયામી ફ્લોરિડાના વેલ્સ પેરાસાઇકોલોજી ફાઉન્ડેશનના એક પ્રતિનિધિ ત્યાં ગયા અને એ બધું જોયું. તેમણે ફોટા પણ પાડ્યા, એમ છતાં એ બધું કઈ રીતે થાય છે તેના કોઈ નિષ્કર્ષ પર તેઓ પહોંચી શક્યા નહિ.

વાસ્તવમાં અદૃશ્ય રૂપે સહાયકની ભૂમિકા નિભાવવી તે પિતૃઆત્માઓનો સ્વભાવ હોય છે. તેઓ ગમે તેને પોતાનું માધ્યમ બનાવીને પોતાના શુભ આશયોનો પરિચય આપતા રહે છે.

## મદદનાં અનેક માધ્યમો –

સમાજમાં મોટેભાગે એવો ભ્રમ ફેલાયેલો છે કે મર્યા પછી દરેક જણ ભૂતપ્રેત બને છે અને તેઓ જેના સંપર્કમાં આવે છે તેને ડરાવવા કે દુખ દેવાનું જ કામ કરે છે. જો કે એવા થોડાઘણા આત્માઓ હોય છે. તેઓ મોટેભાગે હલકી કક્ષાના હોય છે અને વિક્ષોભગ્રસ્ત દશામાં મર્યા હોય છે. આનાથી ઊલટું, એવા દિવંગત પુણ્યાત્માઓ પણ હોય છે, જેઓ જીવતેજીવ તો સદ્ભાવપૂર્વક ઉદારતાથી બીજાઓની સેવા કરતા હતા, પરંતુ મર્યા પછી પણ એ જ રીતે મદદ કરતા રહે છે. શરીર ન રહેવા છતાં પણ આત્માનો સ્તર તથા વલણો મરણોત્તર જીવનમાં પણ એવાં ને એવાં જ રહે છે. ઉદાર મનઃસ્થિતિવાળા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લોકો મર્યા પછી પણ તેમની ઉદાર પ્રવૃત્તિઓ કરતા રહે છે. તેનાં અનેક ઉદાહરણો જોવા મળે છે. તેના માટે ક્યારેક સ્વપ્ન માધ્યમ બને છે તો ક્યારેક સૂક્ષ્મ નિર્દેશ મળે છે.

સન ૧૮૮૧ના મધ્યમાં કેપ્ટન નિલ કેરી પોતાનાં બે સંતાનો સાથે લારા નામનું જહાજ લઈને લીવરપુલથી ફ્રાંસિસકો તરફ જઈ રહ્યા હતા. મેક્સિકોની પશ્ચિમ તરફની ખાડીથી પંદરસો માઈલ દૂર હતા ત્યારે જહાજમાં આગ લાગી ગઈ. કેપ્ટન નિલ પોતાના પરિવાર તથા જહાજના બત્રીસ કર્મચારીઓની સાથે જીવ બચાવવા માટે જહાજ છોડીને ત્રણ નાની લાઇફ બોટોમાં બેસી ગયા.

લાંબી મુસાફરી કરી રહેલા બીજા બધા લોકોને તરસ લાગી. દૂરદૂર સુધી ફેલાયેલા અફાટ સાગરમાં પીવાના પાણીનું કોઈ ચિહ્ન દેખાતું નહોતું. તરસના લીધે છત્રીસ પ્રવાસીઓમાંથી છ જણા તો બેહોશ થઈ ગયા.

કેપ્ટન કેરીને ઊંઘ આવી ગઈ. તેમણે સ્વપ્નમાં જોયું કે નજીકમાં થોડેક દૂર જ સમુદ્રના નાના ઘેરામાં પીવાયોગ્ય પાણી છે, જે કોઈ પાદરીનો વેશ ધારણ કરેલ સંત તેને બતાવી રહ્યા છે. અચાનક તેમની ઊંઘ ઊડી ગઈ અને કેપ્ટનની બોટ લીલા પાણી પર તરી રહી હતી. થોડુંક પાણી એક વાસણમાં લઈને પી જોયું તો સ્વપ્નમાં જોયેલા પાણી કરતાં પણ વધારે મીઠું તથા સ્વચ્છ હતું. સૌએ પાણી પીધું અને પોતાના જીવનનું રક્ષણ કર્યું. કેપ્ટન નિલે તેને એક સમુદ્રી નખલિસ્તાન ઉપમા આપી. આ કેવી રીતે શક્ય બન્યું, તે પાદરી કોણ હતા, કેવી રીતે તે મદદ માટે આવ્યા તેની કોઈ ચોક્કસ સંગતિ બેસાડી શક્યું નહિ.

આવાં અનુદાનો ક્યારેક ક્યારેક કોઈકને અનાયાસે જ મળતાં હોય છે. આ તો અપવાદની વાત છે. તેની પાછળનો ચોક્કસ આધાર



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મનુષ્ય પોતાના વ્યક્તિત્વને દેવાત્માઓને પ્રિય હોય તેવું બનાવે એના પર રહેલો છે.

અનેક સિદ્ધપુરુષો પોતાના દૂર રહેતા શિષ્યોને પોતાની સૂક્ષ્મસત્તાથી પ્રત્યક્ષ મદદ પહોંચાડે છે. પ્રસિદ્ધ આર્યસમાજી સંત સ્વર્ગસ્થ શ્રી આનંદસ્વામીના પુત્ર લેખક તથા પત્રકાર રણવીરે થોડા સમય પહેલાં પોતાના સંસ્મરણ લેખમાં જણાવ્યું હતું કે તે દિવસોમાં તેમના પિતા જીવતા હતા અને રણવીર વિદેશ પ્રવાસે હતા ત્યારે એકવાર તેમના પિતાએ તેમને ચેતવણી આપીને એક ઊંડા ખાડામાં પડતાં બચાવ્યા હતા. બીજા પણ અનેક પ્રસંગોએ તેમને મદદ તથા માર્ગદર્શન આપવાનું કાર્ય તેમના પિતાએ કર્યું હતું. એ વખતે તેઓ તેમનાથી સેંકડો માઈલ દૂર હતા.

વિકસિત થયેલી આત્મિક શક્તિના આ લાભો સિદ્ધપુરુષો પોતાના આત્મીયજનોને અનાયાસે જ પહોંચાડતા રહે છે. પિતૃઓની પણ આવી જ સ્થિતિ હોય છે. આવા ઉચ્ચ આત્માઓ સાથે શ્રદ્ધાભાવ રાખવો તે યોગ્ય અને જરૂરી છે.

વધારે ઉચ્ચ કક્ષાના પિતૃઆત્માઓ તો મહામાનવો તથા મહાયોગીઓની જેમ ઉદાત્ત હોય છે. તેમના માટે પોતાના-પારકા જેવો કોઈ ભેદભાવ હોતો નથી. જ્યાં પણ પાત્રતા તથા જરૂર જણાય ત્યાં તેમનાં અનુદાનો અનાયાસે જ વરસવા લાગે છે. ફક્ત તેમને અનુકૂળ બનવાની તથા ઉત્કૃષ્ટ જીવન જીવવાની અને તેમના પ્રત્યે ઊંડો શ્રદ્ધાભાવ રાખવાની જ જરૂર હોય છે.

મૃત્યુ પછી પણ જીવનનું અસ્તિત્વ જળવાઈ રહે છે. પરિપક્વ ઉંમરે મૃત્યુ થતાં ચેતના થોડાક સમય માટે વિશ્રામમાં ચાલી જાય છે. જેવી રીતે આખા દિવસનો થાક્યાપાક્યો માણસ ગાઢ નિદ્રામાં



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પોઢી જાય છે ત્યાર પછી તેને જેવી તાજગી મળે છે એવી જ રીતે મર્યા પછી જીવ પોતાની અવસ્થાને અનુરૂપ બે મહિનાથી લઈને બે વર્ષ સુધી વિશ્રામ કર્યા પછી નવો જન્મ ધારણ કરે છે, પરંતુ ઘણીવાર કેટલાક આત્માઓને બરાબર ઊંઘ આવતી નથી. અફીણી અને દારૂડિયાઓની આંખો ઘેરાયેલી હોય છે. એવા લોકોને મૃત્યુ પછી પણ સરખી ઊંઘ આવતી નથી, આથી તેઓ નવો જન્મ લીધા પછી પણ થાક્યાપાક્યા અને અસ્તવ્યસ્ત હોય છે. જેમને પૂરી ઊંઘ આવી જાય છે અને જેમનાં મન શુદ્ધ તથા પવિત્ર હોય છે તેઓ બીજા જન્મમાં બાળપણથી જ પૂર્વજન્મની સ્મૃતિઓ દોહરાવવા લાગે છે.

જેમની ઈન્દ્રિયવાસનાઓ પ્રબળ હોય છે અથવા જેમનું મૃત્યુ હત્યા કે આત્મહત્યાથી થયું હોય છે તેઓ નીચોવી નાખેલા મધપુડા જેવા હોય છે. મધપુડાને કાપી નાખવામાં આવે તો તેનું મધ આપમેળે નીચે ટપકવા લાગે છે. તે બિલકુલ શુદ્ધ હોય છે, પરંતુ તેને નીચોવવાથી તેમાં મીણ વગેરેના અંશો પણ આવી જાય છે. એવી જ રીતે મૃત્યુ પછી પણ સ્થૂળ અવયવો જળવાઈ રહે છે. એવા જ આત્માઓ પ્રેત, પિશાચ, ભૂત, વૈતાળ, કિન્નર, યક્ષ વગેરે બને છે. તેઓ કબ્રસ્તાનમાં પોતાનાં શબોની આસપાસ તથા જેમના પ્રત્યે તેમને આસક્તિ હોય છે તેમની પાસે હરતાં ફરતાં રહે છે, પરંતુ જેમના શરીરમાં આગ્નેય અણુઓ વધારે હોય છે તેમની પાસે એવા અપવિત્ર આત્માઓ જઈ શકતા નથી. એવા આત્માઓની ઊંઘ જ્યારે પૂરી થાય છે ત્યારે તેઓ પોતાની આસક્તિને અનુરૂપ નિમ્ન યોનિઓમાં ચાલ્યા જાય છે.

વિશ્રામ કર્યા પછી દેવાત્માઓ અથવા જેમની ગતિ ઊર્ધ્વમુખી હોય છે, સારાં કામોમાં રહી હોય છે, જેમનાં શરીરોનો આણવિક



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વિકાસ પ્રકાશપૂર્ણ બની ગયો હોય છે તેવા આત્માઓ દિવ્યલોકમાં જતા રહે છે અને જ્યાં સુધી તેમને ત્યાં રહેવાની ઈચ્છા હોય ત્યાં સુધી રહે છે. પછી પોતાની ઈચ્છા અનુસાર સારાં ઘરોમાં જન્મ લઈને પુણ્ય, પરમાર્થ, નેતૃત્વ વગેરે જવાબદારીઓ સંભાળે છે, પરંતુ જેમનું મન અશુભ સંસ્કારોવાળું હોય છે તેઓ અધોગામી લોકમાં રહીને છેવટે હલકી યોનિઓમાં ચાલ્યા જાય છે. આમ સંસારમાં ગુણકર્મનો આ પ્રવાહ પણ પ્રકૃતિ જેવા જટિલ રૂપમાં ચાલતો રહે છે.

પિતૃઆત્માઓની ગતિ ઊર્ધ્વમુખી હોય છે. તેઓ કેટલીકવાર થોડા વધારે સમય સુધી વિશ્રામ કરતા હોય છે. એ દરમિયાન તેઓ પોતે તો પ્રકાશપૂર્ણ વાતાવરણમાં રહે છે, પરંતુ સાથે સાથે બીજા સ્વજનો અથવા જેમના પ્રત્યે તેમના મનમાં આકર્ષણ હોય છે તેમને પણ અવારનવાર જરૂરી માર્ગદર્શન તથા અનુદાન આપતા રહે છે.

## પિતૃઓનું મમતાપૂર્ણ માર્ગદર્શન -

શ્રી લેડવિટરે તેમના પુસ્તક 'ઈનવિઝિબલ હેલ્પર્સ' માં લંડનના પાદરી ડૉ. જહોન મેસન નીલના એક સંસ્મરણમાં જણાવ્યું છે કે એક સ્ત્રી તેનાં બે બાળકોને મૂકીને મરી ગઈ. થોડાક સમય પછી તેનો પતિ બાળકો સાથે પોતાના એક મિત્રને ઘેર ફરવા ગયો. બંને મિત્રો વાતોમાં મશગૂલ થઈ ગયા. બાળકો રમતાં હતાં.

તેઓ રમતાં રમતાં તે મકાનના એક અવાવરુ ખૂણાની સીડી નજીક જઈ પહોંચ્યાં. તે સીડી ભોંયરામાં જતી હતી. બાળકો નીચે ઊતરી રહ્યાં હતાં, એટલામાં જ તેમની મા સામેથી આવતી દેખાઈ. માએ તેમને કહ્યું કે ત્યાં ના જશો, ઉપર જાઓ. માની વાત સાંભળીને તેઓ પાછાં ઉપર આવ્યાં. એ દરમિયાન પેલા બંને મિત્રોનું ધ્યાન



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પણ તેમના તરફ ગયું. બાળકોના પિતાનો મિત્ર ગભરાઈ ગયો કે બાળકો ક્યાંક ભોંયરા તરફ તો નથી ગયાં ને ! તે લોકો એ તરફ દોડી આવ્યા, તો બાળકો સીડી પર જ સામાં મળ્યાં. ભોંયરામાં એક કૂવો હતો. સીડી તે તરફ જતી હતી. જો બાળકો તેમાં ઊતર્યાં હોત તો કૂવામાં પડી જાત અને મૃત્યુ પામત, આથી મિત્ર ગભરાઈને દોડ્યો હતો. બાળકોએ જણાવ્યું કે હમણાં જ માએ આવીને અમને ઉપર પાછા જવાનું કહ્યું, પછી ખબર નહિ તે ક્યાં ચાલી ગઈ !

આ શુભ આશયવાળા આત્માઓ દ્વારા સ્વજનોને માર્ગદર્શન આપવાનું અને તેમની ઉપર પોતાની આત્મીયતાપૂર્ણ છાયા બનાવી રાખવાનું ઉદાહરણ છે. એવી હજારો પ્રામાણિક ઘટનાઓ જોવા તથા વાંચવામાં આવે છે, જે મરણોત્તર જીવન તથા તે સમય દરમિયાન પણ ઉદાર આત્માઓ દ્વારા આત્મીયજનોના સંરક્ષણ તથા માર્ગદર્શનનું વિવરણ રજૂ કરે છે.

આઇઓવાનગરમાં રહેતા એક ખેડૂત મિખાઇલ કોનલેનું મૃત્યુ થઈ ગયું. મિખાઇલ ખૂબ શ્રીમંત હતો, પરંતુ તે હંમેશાં ગંદાં કપડાં જ પહેરતો હતો. તેનું મૃત્યુ પણ ગંદાં કપડાંમાં જ થઈ ગયું. મહિનાઓનું મેલું ખમીશ પહેરેલા તેનું સંદિગ્ધ અવસ્થામાં મોત થયું હતું. આ મોતની તપાસ કરનારા અધિકારીએ શબને જોઈને કહ્યું કે તેનાં જૂનાં પકડાં અહીં મડદાઘરમાં જ ફેંકી દો અને તેને નવાં સ્વચ્છ કપડાં પહેરાવીને તેનું શબ મારે ઘરે મોકલી દો. ખેડૂતના દીકરાએ તે પ્રમાણે કર્યું. સફેદ કપડાં પહેરાવીને મૃતદેહને તે અધિકારીના ઘરે મોકલી દેવામાં આવ્યો. છોકરો જેવો પોતાને ઘરે આવ્યો ત્યારે જોયું તો તેની બહેન બેહોશ થઈ ગઈ હતી. ઘણીવાર પછી તે ભાનમાં આવી ત્યારે તેણે જણાવ્યું કે મેં હમણાં જ પિતાજીને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સ્વચ્છ કપડાંમાં જોયા. એવાં કપડાં તેઓ ક્યારેય પહેરતા નહોતા. તેમણે મને કહ્યું છે કે મારું જૂનું ખમીશ મડદાઘરમાં પડ્યું છે. તેમાં કેટલાંક બિલો અને રૂપિયા છે.

છોકરીની આ વાતને તેના ઘરનાં અને આજુબાજુના લોકોએ ભ્રમ કહીને હસી કાઢી, પરંતુ જ્યારે છોકરાએ કહ્યું કે હા, ખરેખર એમનાં જૂનાં કપડાં ઉતારીને મડદાઘરમાં ફેંકી દીધાં છે ત્યારે લોકોની આતુરતા વધી ગઈ અને તેઓ સૌ મડદાઘર ગયા. ખમીશ લઈને જોયું તો તેની અંદર ખૂબ ચીવટપૂર્વક એક ખિસ્સું સીવેલું હતું. તેમાં બીલો પણ હતાં અને થોડાક રૂપિયા પણ હતા. આ ઘટનાથી બધા આશ્ચર્યચકિત થઈ ગયા અને ત્યાં હાજર રહેલા લોકોએ માન્યું કે મૃત્યુ પછી પણ ચેતના પોતાની બૌદ્ધિક ક્ષમતા સાથે જીવતી રહે છે તથા આત્મીયજનો સાથે સંપર્ક સાધીને તેમને જરૂરી સૂચનાઓ આપીને લાભ પહોંચાડે છે.

આ પિતૃઆત્માઓ આત્મીય સ્વજનો પ્રત્યે પ્રેમ તથા આકર્ષણ તો ધરાવે છે, પરંતુ હીનતા તથા દુષ્ટતાથી મુક્ત હોવાને કારણે તેમનો એ પ્રેમ ભોગ કે વાસનાપરક નહિ, પરંતુ સહાયતાપરક હોય છે.

ભોગ માટે ઉત્સુક વાસનાની આગથી બળતા મૃતાત્માઓ તો સ્વજનોને પોતાની છીછરી ચેષ્ટાઓથી રંજાડે છે અને તેમની ચેતના પર દબાણ લાવીને તેમને અયોગ્ય કાર્યો કરવાની ફરજ પાડતા જોવા મળે છે. આવા દુરાત્માઓ ગંદી અભિલાષાઓ પણ રાખતા હોય છે કે મારો અમુક પરિજન બીમાર થઈને મરી જાય અને અકાળ મૃત્યુ તથા પ્રેતાવેશના કારણે અમારી બિરાદરીમાં આવતો રહે તો અમે અમારી અધૂરી રહેલી વાસનાઓને ભોગવવાની કલ્પના સાથે સાથે કરી શકીએ.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સુસંસ્કારથી સંપન્ન પિતૃઆત્માઓ પણ આત્મીયજનો સાથે સંપર્ક સાધવા ઈચ્છતા હોય છે, પરંતુ તેમનો ઉદ્દેશ્ય આવાં પ્રેતો કરતાં તદ્દન જુદો હોય છે. તેઓ સલાહસૂચન તથા વિવેકપૂર્ણ માર્ગદર્શન આપીને પોતાના સાચા અને સાત્ત્વિક પ્રેમનો પરિચય આપે છે.

## જન્મજન્માંતરોથી જોડાયેલી સહાયક પિતૃસત્તાઓ -

સ્કોટલેન્ડના સેન્ટ કુર્રી નામના ગામમાં ડેનિયલ ડગલાસ હોમ નામનો એક બાળક જન્મ્યો. તેના પિતા ગરીબ હતા, તેથી બાળકને તેના કાકાએ ઉછેર્યો. ચૌદ વર્ષની ઉંમર સુધી તે બાળક અનેક જાતની બીમારીઓથી ગ્રસ્ત રહીને દિવસો પસાર કરતો રહ્યો. તે દરમિયાન તેને એવો અનુભવ થતો રહ્યો કે કોઈ પ્રેતાત્મા તેની સાથે સંપર્ક સાધીને જાતજાતના સંદેશાઓ પહોંચાડી રહ્યો છે. ડરતાં ડરતાં તેણે એ સંકેતો ઘરના લોકો તથા પડોશીઓને જણાવ્યા. અગાઉ મળેલી એવી માહિતી જ્યારે સાચી નીકળી ત્યારે તેમનો વિશ્વાસ વધતો ગયો અને તેમની સમસ્યાઓનો ઉકેલ પ્રેતાત્માને પૂછીને જણાવવા માટે તેઓ તે બાળકનો ઉપયોગ કરવા લાગ્યા. જે સલાહ મળતી તેમાંની મોટાભાગની ખૂબ જ ઉપયોગી અને અકલ્પનીય રહેતી.

જ્યારે ભૂતપ્રેતની વાત બહુ ફેલાઈ ગઈ ત્યારે તેની કાકી ગભરાઈ ગઈ અને તેણે એ ઝંઝટવાળા છોકરાને ઘરની બહાર કાઢી મૂક્યો. ત્યાંથી તે ઈંગ્લેન્ડ જતો રહ્યો. પોતાની શારીરિક નબળાઈની સારવાર દરમિયાન એક વાર તેનો સંપર્ક ડૉ. કોક્સ સાથે થયો. તેઓ અધ્યાત્મવાદી હતા. તેમણે ખૂબ પ્રેમપૂર્વક તેનો ઈલાજ કર્યો, એટલું જ નહિ તે છોકરાની આત્મિક શક્તિ વધારવામાં પણ મદદ કરી, જેથી તે પરલોકના આત્માઓ સાથે વધુ સારી રીતે સંબંધ સ્થાપી શકે. આ સાધનાથી તેને આશ્ચર્યજનક સફળતા મળી. તેને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રેતાત્માઓનો પ્રામાણિક સંદેશવાહક માનવામાં આવ્યો. એ સંદર્ભમાં ઈંગ્લેન્ડના ઉચ્ચકક્ષાના લોકો પોતાની સમસ્યાઓના ઉકેલ માટે આવવા લાગ્યા અને સંતુષ્ટ થઈને પાછા જતા. એવા ખ્યાતનામ લોકોમાં 'ઇવનિંગ પોસ્ટ'ના સંપાદક વિલિયમ કુલેન બ્રોમેટ, પ્રખ્યાત નવલકથાકાર વિલિયમ થેકર, પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રી સર ક્રુક્સ જેવા મોટા લોકોનાં નામ ખાસ ઉલ્લેખનીય છે. તેની વિલક્ષણ પ્રતિભા વિશે અખબારો તથા મેગેઝીનોમાં ઘણા લેખો ઘટનાઓના વિવરણ સાથે પ્રકાશિત થયા.

સ્વર્ગસ્થ સમ્રાટ નેપોલિયનનો એક સંદેશો લઈને તે ૨૭ ફેબ્રુઆરી, ૧૮૬૦ના રોજ સમ્રાટને મળ્યો. સામ્રાજ્ઞી યુજીન તો આવા અદ્ભુત અને ઉપયોગી સંદેશાથી એટલી બધી પ્રભાવિત થઈ ગઈ કે તેને ઇનામમાં લાખો રૂપિયાની કીમતી ભેટો આપી દીધી.

હોમના પૂર્વજન્મની પત્ની રશિયામાં જન્મી હતી. તે તેની સાથે લગ્ન કરવા માગતો હતો, પરંતુ છોકરી રશિયાના શાહી જનરલ કોલની એકમાત્ર પુત્રી હતી, તેથી તેની સાથે લગ્ન કરવાનું મુશ્કેલ હતું. આટલા બધા પ્રતિષ્ઠિત અને સંપન્ન પિતાની સુશિક્ષિત પુત્રીને એક બીમાર અને પ્રેતવ્યવસાયનો બદનામ ધંધો કરનારની સાથે તે કેવી રીતે પરણાવી શકે? વળી તેઓ એકબીજાથી સાવ અપરિચિત હતાં અને દૂરદૂરના દેશોમાં રહેતાં હતાં. આ મુશ્કેલ કાર્ય કાઉન્ટ ઓફ મોન્ટક્રિસીના પ્રસિદ્ધ નવલકથાકાર ડ્યુમાએ પોતાના માથે લીધું. તેમણે સંદેશવાહકની સફળ ભૂમિકા નિભાવી અને અંતે ૮ ઑગસ્ટ, ૧૮૬૦ના રોજ તે બંનેનાં લગ્ન થઈ ગયાં. બંનેએ ભેગાં મળીને પ્રેતવિદ્યાના સંશોધન કાર્યને ખૂબ આગળ વધાર્યું.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હોમ ૧ જૂન,૧૮૮૯ના રોજ મરી ગયો. તે પહેલાં તે પ્રેતાત્માઓના અનુભવો વિશે એક શોધપૂર્ણ પુસ્તક પ્રકાશિત કરી ચૂક્યો હતો. 'લાઈટ્સ એન્ડ શેડોઝ ઓફ સ્પિરિચ્યુઆલિઝમ' નામના એ પુસ્તકનું ધૂમ વેચાણ થયું હતું અને એનાથી હોમને સારી એવી કમાણી થઈ હતી. તેના મૃત્યુ સમયે તેની પત્ની ઓશિકા પાસે બેસીને રડી રહી હતી. હોમે તેને આશ્વાસન આપતાં કહ્યું, "અરે ગાંડી, હું ક્યાં મરી રહ્યો છું ! શરીર છૂટ્યા પછી પણ હું તારી સાથે સતત સંપર્ક જાળવી રાખીશ. આત્મા અને કલા ક્યાં મરે છે ?"

મૃતાત્માઓ સાથે સંબંધ જોડવાનો એક બીજો ખૂબ જ પ્રસિદ્ધ પ્રસંગ સાહિત્યકાર જ્યોર્જ બર્નાર્ડ શો સાથે જોડાયેલો છે.

બ્રિટનના ગ્લોસેસ્ટરશાયર કસબામાં રહેતી ૪૬ વર્ષની પેટ્રીશિયા મૂળ કેનેડાની નિવાસી એક લેખિકા છે. તેનું કહેવું છે કે ઘણાં વર્ષો પહેલાં તે મહાન નાટ્યકાર જ્યોર્જ બર્નાર્ડ શોને આયર્લેન્ડના કિર્લાની સરોવરના કિનારે આવેલી એક હોટલના રૂમમાં મળી હતી અને તે બંને વચ્ચે પ્રેમ થઈ ગયો હતો. તે કહેતી કે બર્નાર્ડ શો તેમના મૃત્યુ પછી પણ રોજ રાત્રે મારા ઓરડામાં આવીને મને મળે છે. મૃત્યુ પછી પહેલી રાત્રે જ્યારે શોનો આત્મા આવ્યો ત્યારે બંનેએ એક વર્ણમાળા તૈયારી કરી હતી. તેના આધારે બંને વચ્ચે વાતચીત થાય છે. પેટ્રીશિયા બર્નાર્ડ શોને બર્ની કહેતી હતી. તેના કહેવા પ્રમાણે બર્નીએ તેને લગ્ન વખતે રિવાજ પ્રમાણે એક વીંટી આપી હતી. તેમનાં લગ્ન બર્નાર્ડ શોના મૃત્યુ પછી થયાં હતાં. પેટ્રીશિયા તે વીંટી હંમેશાં પહેરી રાખતી હતી. તેને એક બાળક પણ છે, જેને તે બર્નીનું સંતાન ગણાવે છે. જો કે જ્યોર્જ બર્નાર્ડ શોના મૃત્યુના દસ વર્ષ પછી એ બાળક જન્મ્યું હતું.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પેટ્રીશિયાના કહેવા પ્રમાણે તે દિવસોમાં જે કાંઈ સાહિત્ય તે લખતી હતી તે બર્નીની પ્રેરણાથી જ લખી રહી હતી. તેના ઓરડામાં જ્યોર્જ બર્નાર્ડ શોનું મોટું ચિત્ર છે. આ યુગમાં પણ તે મકાનમાં ક્યારેય વીજળી વપરાતી નથી, જૂનાં ફાનસો ટમટમે છે. બાકીના ભાગમાં ગાઢ અંધકાર છવાયેલો રહે છે. તે એકાંતમાં મોટેભાગે બર્ની સાથે વાતો કરતી હોય છે. તેના સાહિત્યને જોતાં તેની વાત પર અવિશ્વાસ પણ થઈ શકે તેમ નથી.

## દૈવી સહાયતા – પરોક્ષ માર્ગદર્શન

ફિલોસોફીના પરોક્ષ વિદ્યાના પ્રખ્યાત સંશોધક સી.ડબલ્યુ. લેડવિટર મરણોત્તર જીવન વિશે આજીવન સંશોધન કરતા રહ્યા. તેમના શોધગ્રંથોમાં તેમણે લખ્યું છે કે ઉચ્ચતર લોકોમાં સક્રિય અદૃશ્ય પિતૃસત્તાઓ જ્યારે મનુષ્યોને જુએ છે ત્યારે તેમને અસ્થિમાંસના પિંડમાં કેદ થયેલા જોઈને દુખી પણ થાય છે અને સાથે સાથે તેમના પ્રત્યે તેમના મનમાં કરુણા પણ જાગે છે. સામાન્ય લોકો મૃત વ્યક્તિને સુખ તથા આનંદથી વંચિત માનતા હોય છે, જ્યારે ખરેખર તો પોતાની સંકુચિતતાથી ઘેરાયેલો શરીરધારી મનુષ્ય જ સહજ આનંદથી વંચિત હોય છે. આવા વંચિતોમાંથી જેઓ આનંદપૂર્ણ પ્રકાશની દિશામાં આગળ વધે છે અથવા જેમનામાં આગળ વધવાની સંભાવના હોય છે અને જેઓ દોષદુર્ગુણોથી લેપાયેલા હોતા નથી તેમને મદદ કરવા માટે આવી પિતૃસત્તાઓ હંમેશાં જાગરૂક રહે છે. નિર્દોષ બાળકો તથા સજ્જન પ્રકૃતિના લોકોને સંકટના સમયે આવી પિતૃસત્તાઓ આવી અણધારી મદદ પહોંચાડતી હોય છે અને મુશ્કેલીઓના પહાડ નીચે દબાયેલા લોકોનો વાળ પણ વાંકો થતો નથી. આવી પિતૃસત્તાઓની કરુણા અને શક્તિનો પરિચય



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આપતી ઘટનાઓ મોટી સંખ્યામાં રોજેરોજ બનતી જોવા તથા સાંભળવા મળે છે.

શ્રી લેડવિટરે એવાં અનેક ઉદાહરણો અને અનુભવો રજૂ કર્યા છે.

એક વાર લંડનના હોલબર્ન માર્ગ પર ભયંકર આગ લાગી. તેમાં બે મકાનો બળીને ખાખ થઈ ગયાં. એક ઘરમાં એક વૃદ્ધા ધુમાડાના કારણે શ્વાસ રૂંધાવાથી મૃત્યુ પામી હતી. તેના સિવાયનાં બીજાં બધાંને બચાવી લેવાયાં હતાં. આગ એટલી ભયંકર હતી કે કોઈપણ સામાન બચાવી શકાયો નહિ. જે સમયે લગભગ બંને મકાનો પૂરેપૂરાં સળગી ચૂક્યાં હતાં ત્યારે ઘરની માલિકણને યાદ આવ્યું કે તેની એક બહેનપણી પોતાના બાળકને એક રાત માટે તેની પાસે મૂકીને કોઈ કામ માટે કૉલચેસ્ટર ગઈ હતી. તે બાળકને ઓસરીમાં સુવડાવ્યો હતો. તે સ્થાન આગની જ્વાળાઓથી ઘેરાઈ ગયું હતું. આગની ગરમીથી પથ્થરો પણ ઓગળી ગયા હતા.

એવી હાલતમાં બાળક જીવતું હોવાની આશા રાખવી વ્યર્થ હતી. વળી તેની શોધ કરવા પણ કોણ જાય ? તેમ છતાં અગ્નિશામક દળના એક લાશ્કરે એવું સાહસ કર્યું. સાધનો લઈને તે બાળકને જ્યાં સુવડાવ્યો હતો તે સ્થળે જઈ પહોંચ્યો. ત્યાં સુધીમાં ઘરનો મોટો ભાગ બળીને નીચે પડી ગયો હતો, પરંતુ બાળક જ્યાં સૂતો હતો ત્યાં આગ પહોંચી ના શકી. બાળક જાણે પોતાની માતાના ખોળામાં સૂતો હોય તે રીતે સૂઈ રહ્યો હતો. બહારનું દશ્ય જોઈને તે ગભરાઈ જાય એ સ્વાભાવિક હતું, પરંતુ આગની એક પણ જ્વાળા તે બાળક તરફ ગઈ નહોતી. જે ખૂણામાં તે સૂતો હતો તે ભાગ બિલકુલ બચી ગયો હતો. ત્યાં એક પ્રકારનું દિવ્યતેજ ફેલાયેલું હતું. જ્યાં સુધી આગ બુઝાવનારે બાળકને બચાવી ન લીધો ત્યાં સુધી તે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રકાશ ત્યાં પ્રગટેલો રહ્યો, પણ જેવો પેલો માણસ બાળકને લઈને પાછો ફર્યો કે તરત જ ત્યાં પણ આગ ફેલાઈ ગઈ અને પેલું દિવ્યતેજ અદૃશ્ય થઈ ગયું.

બર્કિંગધમશાયરમાં બર્નહોલવિયોની નજીક બનેલી એક ઘટનામાં આવો દૈવી હસ્તક્ષેપ લગભગ એક કલાક સુધી જોવા મળ્યો હતો. એક ખેડૂત પોતાના ખેતરમાં કામ કરી રહ્યો હતો. તેની સાથે તેનાં બે નાનાં બાળકો પણ હતાં, જે ઝાડના છાંયામાં રમી રહ્યાં હતાં. ખેડૂતનું ધ્યાન રહ્યું નહિ અને બંને બાળકો રમતાં રમતાં જંગલમાં દૂર સુધી જતાં રહ્યાં અને રાત્રિના અંધકારમાં ભૂલાં પડી ગયાં.

આ બાજુ ખેડૂત જ્યારે ઘેર આવ્યો અને બાળકોને ન જોયાં ત્યારે ચારેય બાજુ શોધખોળ કરી. પરિવાર અને આડોશપાડોશના અનેક લોકો ખેતરે ગયા. ત્યાં જઈને તેમણે જોયું તો દીવાની જ્યોતિ જેવો એક ભૂરા રંગનો પ્રકાશ કોઈપણ માધ્યમ વગર ત્યાં ફેલાયેલો હતો. પછી તે પ્રકાશ રસ્તા પર આગળ વધ્યો. બધા લોકો તેની પાછળ પાછળ ગયા. પ્રકાશ ધીરે ધીરે જંગલ તરફ ગયો. પેલાં બાળકો એક ઝાડ નીચે સલામત રીતે ઊંઘતાં હતાં. માબાપે જેવાં તે બાળકોને ઊંચકી લીધાં કે તરત જ પેલો પ્રકાશ અદૃશ્ય થઈ ગયો.

## આવા પ્રસંગોને માત્ર સંજોગ કહીને ટાળી ન શકાય –

અદૃશ્ય દૈવી સત્તાઓ હંમેશાં પરહિત માટે તત્પર રહેતી હોય છે. એવી અનેક ઘટનાઓ બને છે કે જેનું કોઈ કારણ સમજમાં આવતું નથી. ભયંકર વિપત્તિમાંથી કોઈ કેવી રીતે બચીને બહાર નીકળી શક્યું તેનું કોઈ વિજ્ઞાનસંમત સમાધાન આપી શકાતું નથી. જો કોઈ ઉત્તર મળતો હોય તો તે આત્મિક વિજ્ઞાનની ભાષામાં પરોક્ષજગતની સત્તાને સ્વીકારીને જ મળે છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લીસવેની દરિયાઈ દીવાદાંડી આજે જ્યાં ઊભી છે ત્યાં એક જમાનામાં જહાજો માટે મોટો ભય રહેતો હતો. તે ખડકાળ જગ્યામાં ફસાઈને અનેક જહાજો ડૂબી જતાં હતાં. તે સ્થળે દીવાદાંડી બનાવવી પણ શક્ય નહોતી કારણ કે નીચેની જમીન રેતાળ હતી.

સન ૧૭૭૧માં રૂ ભરેલું એક અમેરિકન જહાજ દુર્ઘટનાનો શિકાર બનીને ત્યાં ડૂબી ગયું. વિચિત્ર સંજોગો એવા બન્યા કે રૂ, રેતી અને પાણીના સંમિશ્રણથી તે રૂ પથ્થર જેવું કઠણ બની ગયું. એના પરિણામે ત્યાં દીવાદાંડી ઊભી થઈ શકી. એના લીધે તે ક્ષેત્રમાં જહાજો ડૂબી જવાની સંભાવના દૂર થઈ ગઈ. તે એક જહાજ ડૂબવાથી જે દીવાદાંડી બની તેના કારણે બીજાં અમેરિકન જહાજો કાયમ માટે અકસ્માતોથી બચી ગયાં અને બીજાં જહાજોને પણ એ સંકટમાંથી છુટકારો મળી ગયો. અભિશાપને વરદાનમાં બદલી નાખનારી આ દુર્ઘટના એ બતાવે છે કે કોઈ અનિષ્ટની પાછળ પણ મંગલ છુપાયેલું હોય છે. તત્ત્વજ્ઞાનીઓનું માનવું છે કે ઉદાત્ત અશરીરી આત્માઓએ બીજાં જહાજોને દુર્ઘટનામાંથી બચાવવા માટે આવો કોઈક રસ્તો અપનાવ્યો હશે.

બિહારમાં સન ૧૭૩૬માં એક ભયંકર ધરતીકંપ થયો. ઘણા દિવસો સુધી જમીન અવારનવાર ધ્રૂજતી રહી. જ્યારે બધું શાંત પડ્યું ત્યારે ખબર પડી કે નગરોનાં નગરો જમીનદોસ્ત થઈ ચૂક્યાં છે. એ દુર્ઘટનામાં હજારો લોકો મરી ગયા હતા. ભૂકંપ થયો તે દિવસે બપોરના સમયે મૂંગેર નગરના બજારમાં હજારો લોકો ખરીદી કરવામાં વ્યસ્ત હતા. એકાએક આવેલા ભૂકંપથી હજારોની સંખ્યામાં ગ્રાહકો તથા દુકાનદારો કાટમાળ નીચે દટાઈ ગયા.

પછીથી સૈનિકો, પોલીસ તથા સમાજસેવી સંસ્થાઓના કાર્યકરો રાહતકામ માટે આવી પહોંચ્યા. કાટમાળ ખસેડવાનું શરૂ થયું. એકબે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દિવસ સુધી તો કેટલાક જીવતા અને ઘાયલ લોકો નીકળ્યા, પરંતુ પછીથી તો લાશો જ નીકળવા માંડી. પંદર દિવસ સુધી લાશો નીકળતી રહી અને મડદાંના ઢગલા થઈ ગયા.

કાટમાળ ખસેડવાનું કામ હજુ ચાલી જ રહ્યું હતું. એક સ્થળે કામ ચાલતું હતું ત્યારે નીચેથી અવાજ આવ્યો કે જરા ધીરેથી ખસેડજો. બધા ચોંકી ઉઠ્યા. પંદર દિવસ સુધી કાટમાળ નીચે દટાયેલા રહેવા છતાં કોણ જીવતું હશે તે આશ્ચર્યથી બધા નવાઈ પામ્યા. સાવધાનીપૂર્વક માટી ખસેડવામાં આવી.

બધો કાટમાળ ખસેડ્યા પછી કેળાંનાં છોતરાં પર પડેલો એક વૃદ્ધ માણસ જોવા મળ્યો. તેના શરીર પર એક ઘસરકો પણ પડ્યો નહોતો. બધાને આશ્ચર્ય એ વાતનું થયું કે આટલા કાટમાળ નીચે દબાયેલા આ માણસે કંઈ પણ ખાધાપીધા વગર તથા શ્વાસ લીધા વગર પંદર દિવસ કેવી રીતે કાઢ્યા હશે ? તેને જ પૂછ્યું કે ભાઈ, તમે કેવી રીતે બચી ગયા ? ત્યારે તેણે પોતાની આપવીતી સંભળાવી.

"હું આવ્યો હતો કેળાં વેચવા. આ મકાનની છત નીચે માથા પર કેળાંનો ટોપલો લઈને ઊભો હતો. એટલામાં જ ભૂકંપ આવ્યો. મકાનની છત તૂટીને મારી ઉપર પડતાં હું દબાઈ ગયો. ટોપલો એવી રીતે ઊંધો પડ્યો કે બધાં કેળાં તેની નીચે સલામત રહ્યાં. તેમાંથી કેળાં કાઢી કાઢીને હું ખાતો રહ્યો."

"પેટની નીચેનો ભાગ માટીથી એવી રીતે દબાઈ ગયો હતો કે ઉપરના તથા નીચેના ભાગનો સંબંધ જ તૂટી ગયો. એના લીધે ઝાડા પેશાબની દુર્ગંધથી બચી ગયો. ફરી એકવાર ધરતી હાલી. તેની સાથે કાટમાળ પણ હાલ્યો અને આકસ્મિક રીતે એક બાકોરું થઈ ગયું. તેમાંથી થોડોક તડકો અને હવા અંદર મળવા લાગ્યાં. હવે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જીવતા રહેવા માટે ફક્ત પાણીની જરૂર હતી. નસીબજોગે ધરતી ત્રીજી વાર ધ્રૂજી. એના કારણે દુકાનનું ભોંયતળિયું તૂટ્યું અને તેમાંથી પાણીની એક ધારા આ બાજુ આવી અને એક ખાડાને પાણીથી ભરી દીધો. કેળાં તો મારી પાસે હતાં જ અને પરમાત્માએ પાણી પણ મોકલી દીધું. આ બધી વ્યવસ્થા ભગવાને જ કરી આપી, તેથી મને વિશ્વાસ થઈ ગયો કે મારે હજુ જીવવાનું છે."

"આ વિશ્વાસની મદદથી જ આજ સુધી જીવતો રહ્યો. આજનો દિવસ છેલ્લો દિવસ હતો કારણ કે કેળાં પણ ખલાસ થઈ ગયાં છે અને પાણી પણ બચ્યું નથી, પરંતુ એટલામાં જ તમે બધા આવી ગયા, તેથી હું તમને લોકોને ભગવાને મોકલેલી મદદ જ માનું છું. આટલું કહેતાં જ તેની આંખોમાંથી આંસું સરી ગયાં."

મેક્સિકોમાં આવેલા ભૂકંપ (ઑક્ટોબર, ૮૫)માં પણ આવી જ રીતે તેર માળની એક હોટલના કાટમાળમાંથી બે નવજાત બાળકો જીવતાં નીકળવાના સમાચાર મળ્યા હતા. જ્યાં ૩૫ હજાર લોકો કરતાં પણ વધુ લોકો મરી ગયાના સમાચાર હોય ત્યાં તે બાળકોના બચી જવાને માત્ર સંજોગ ન કહી શકાય. આ પ્રસંગ મહાભારતના યુદ્ધમાં હાથીના ઘંટ નીચે ટિટોડીનાં ઈંડાં બચી ગયાં હતાં એના જેવો જ હતો. વાસ્તવમાં આવી ઘટનાઓ તથા પ્રસંગો બતાવે છે કે અદૃશ્ય સત્તાઓ પીડિત તથા સદાચારી લોકોને મદદ કરવા માટે હંમેશાં આતુર રહે છે.

ઈંગ્લેન્ડની એક ઘટના છે. વેલ્સના મુખ્ય રસ્તા ઉપર ૨૨ વર્ષની પેપિટા હેરિસન નામની એક યુવતી તેના પિતાના જન્મદિવસોત્સવમાં ભાગ લેવા માટે લંડન જઈ રહી હતી. અચાનક તેની કાર બરફના એક ખડક સાથે ટકરાઈ ગઈ અને દીવાલ તોડીને બાજુના ખેતરમાં



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઘૂસી ગઈ. કમનસીબે ખેતર ઢાળવાળું હોવાથી કાર ત્યાંથી ગગડીને એંશી ફૂટ ઊંડા કોતરમાં પડી. તે વખતે બચવા માટે તે પ્રયત્ન કરવા લાગી. ત્યારે તેને એવું લાગ્યું કે જાણે કોઈએ તેનો હાથ પકડીને તેને ઉપર ખેંચી લીધી હોય. અંતે આપમેળે તે જીવતી બહાર નીકળી.

## અદૃશ્ય શક્તિઓનો પરોક્ષ સહયોગ -

સૂક્ષ્મરૂપે વિચરણ કરતા આત્માઓ હંમેશાં સહયોગ કરતા રહે છે. જ્યારે મનુષ્યના પ્રયત્નો, પુરુષાર્થ તથા શક્તિ તેમને બચાવવામાં અસમર્થ નીવડે છે ત્યારે અંતઃકરણમાં દિવ્યપ્રેરણા રૂપે અદૃશ્ય આત્માઓની અનુકંપા વરસતી જોવા મળે છે. એ દિવ્યશક્તિઓની પરોક્ષ પ્રેરણા અંતઃકરણની સ્ફુરણાના રૂપમાં જોવા મળે છે. ક્યારેક તો તેઓ પ્રત્યક્ષ રીતે પણ લોકોને મદદ કરે છે.

રાજસ્થાનના જેસલમેરની પશ્ચિમે આવેલા રણપ્રદેશમાં અનેક જાતના ખતરનાક સાપ જોવા મળે છે. તેમાં સૌથી ભયંકર અને ઝેરી સાપ છે - પીના. એવું કહેવાય છે કે એ સાપ રાત્રે નીકળે છે તથા ઊંઘતા માણસોની છાતી પર ચઢી જાય છે. તેમના નાકની નજીક જઈને માણસોનો ઉચ્છ્વાસ પીએ છે અને પોતાનો ઝેરી શ્વાસ છોડે છે. તે શ્વાસ એટલો ઝેરી હોય છે કે સાપના ગયા પછી તે માણસના ગળામાં ભયંકર ફોલ્લા થઈ જાય છે. થોડાક દિવસ પછી એ ફોલ્લા ફૂટતાં જ તે માણસનું મૃત્યુ થઈ જાય છે.

એ સાપની ચામડી રબર જેવી હોય છે, તેથી લાકડીઓ મારવાથી પણ તે મરતો નથી. સૂર્યના પ્રકાશમાં તે આંધળો થઈ જાય છે. અમેરિકાનાં સંગ્રહાલયોમાં પણ તે પીના સાપ રાખવામાં આવ્યા છે.

૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૭૮ ના રોજ જેસલમેરના ભૈરવ ગામમાં આવી જ એક ઘટના બની હતી, જે અદૃશ્ય સત્તાના પ્રત્યક્ષ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સહયોગની સાબિતી આપે છે. આ ગામના એક મદદનીશ ખેતીવાડી અધિકારી સરકારી ફાર્મમાં કામ કરતા હતા. તેઓ હનુમાનજીના પરમ ભક્ત હતા. ઈશ્વર પ્રત્યે તેમને અતૂટ આસ્થા હતી. એક દિવસ તેઓ પોતાના ફાર્મમાં નિરીક્ષણ કરતાં ફરી રહ્યા હતા ત્યારે તેમણે જોયું તો ઝાડ પર કેટલાંક વાંદરાં કૂદાકૂદ કરી રહ્યાં હતાં. વાંદરાઓની પાસેથી નીકળતાં તેમને એકાએક અવાજ સંભળાયો કે સાપથી સાચવજો. ચમકીને તેમણે ઉપર જોયું, પરંતુ કોઈ દેખાયું નહિ. એક વાંદરો ઝાડ પર બેઠેલો હતો. અધિકારીએ પોતાના મનનો ભ્રમ માનીને તેને ભૂલવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે ચેતવણીનો ડર તો જળવાઈ જ રહ્યો.

રાત્રે જ્યારે તેઓ સૂવાનો પ્રયત્ન કરી રહ્યા હતા ત્યારે તેમને પોતાના શરીર પરથી કોઈ વસ્તુ પસાર થતી હોય એવું લાગ્યું. તેઓ પથારીમાંથી એકદમ ઊભા થઈ ગયા, આથી તે વસ્તુ નીચે પડી ગઈ. બાજુમાં મૂકેલી ટોર્ચ ચાલુ કરીને જોયું તો એક મોટો સાપ હતો. બચાવવા માટે તેમણે જોરજોરથી બૂમો પાડી, તેથી ફાર્મમાં સૂતેલા બીજા કર્મચારીઓ દોડી આવ્યા. લાકડીઓથી ખૂબ મારવા છતાં સાપ મર્યો નહિ. કેટલાક લોકો તેને ઓળખતા હતા. તેમણે કહ્યું કે આ પીના સાપ છે, જે લાકડીથી મારવાથી મરતો નથી. પછી ભાલાથી તે સાપને મારી નાખવામાં આવ્યો. સાપની જાડાઈ સાડા ત્રણ ઈંચ તથા લંબાઈ સવા પાંચ ફૂટ હતી અને તેનું વજન તેર કિલો હતું.

ઈશ્વરની વિશિષ્ટ કૃપાનું વર્ણન કરતાં તે અધિકારીએ અદૃશ્ય ચેતવણીની વાત સૌને જણાવી. તેમણે કહ્યું કે મને આપવામાં આવેલી ચેતવણીના કારણે મને ઊંઘ આવતી નહોતી. જો હું ઊંઘી ગયો હોત તો સાપથી બચવું અશક્ય હતું.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કહેવાય છે કે માનવીય ચેતના દરેક પરિસ્થિતિ તથા ઘટના સાથે જોડાવામાં અસમર્થ છે, પરંતુ આ વાત પ્રત્યક્ષ દેખાતી ઘટનાઓના સંદર્ભમાં જ લાગુ પડે છે. કેટલીક ઘટનાઓ એવી હોય છે કે જેમના વિષયમાં જાણકારી હોતી નથી અથવા તો કેટલીક એવી વિશિષ્ટ પરિસ્થિતિઓ સામે આવીને ઊભી થઈ જાય છે કે જેમાં જીવનને બચાવવું અશક્ય લાગે છે. આવા પ્રસંગોએ માણસ અસમર્થ અને લાચાર હોય છે ત્યારે એકમાત્ર આધાર પરમાત્માનો જ હોય છે. એવી ઘટનાઓ જોવા મળે છે કે અસહાય પરિસ્થિતિમાં કોઈ અદૃશ્ય શક્તિએ મદદ કરીને મુશ્કેલીમાં રક્ષણ કર્યું હોય.

પ્રતાપગઢ (ઉત્તરપ્રદેશ)ના જેઠવારા પોલીસસ્ટેશનના પ્રાંતી ગામમાં એક આવી જ ઘટના બની ગઈ, જેમાં દૈવી અનુકંપા પ્રત્યક્ષ રૂપે જોવા મળી. તે ગામની એક સ્ત્રીનો પતિ મરી ગયો. તે સ્ત્રીને બે વર્ષનું એક બાળક હતું. વિધવાએ પુનર્લગ્ન માટે એક યુવકને સંમત કર્યો, પરંતુ લગ્નમાં વિઘ્ન આવ્યું. યુવકનું કહેવું હતું કે જો તે બાળક તારી સાથે જ રહે તો મારે લગ્ન કરવાં નથી. પરિણામે એ છોકરીનાં માતાપિતા તે બાળકને લઈને મારી નાખવા માટે એક ખેતરમાં લઈ ગયાં. તેઓ બાળકની ઉપર પ્રહાર કરે તે પહેલાં જ એક ભયંકર સાપ ફુંફાડા મારતો તેમને કરડવા માટે તેમની સામે ધસી આવ્યો. સાપને જોઈને તેઓ ગભરાઈને ભાગી ગયાં. પાછળથી પોલીસે તે બંનેની ધરપકડ કરી લીધી. આમ બાળકનો આબાદ રીતે બચાવ થઈ ગયો.

દૈવી શક્તિઓ સમયે સમયે પોતાનાં પ્રિય પાત્રોને મદદ કરતી રહે છે. સાથે સાથે દુષ્ટ અને જુલ્મી લોકોને તેમનાં કુકૃત્યો બદલ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભયંકર દંડની વ્યવસ્થા પણ કરે છે. સૂક્ષ્મજગતમાં વિચરણ કરતા દિવ્યઆત્માઓનો સહયોગ અનાયાસે જ પ્રાપ્ત થતો જોવા મળે છે.

ઈંગ્લેન્ડના ન્યાયિક ઇતિહાસમાં ઓગણીસમી સદીની શરૂઆતમાં એક ઘટના બની, જેણે કાયદો અને વ્યવસ્થાને પણ પડકાર ફેંક્યો. ઈંગ્લેન્ડની એકસ્ટર જેલમાં જ્હોન લી નામનો એક ગુનેગાર કેદ હતો. હત્યાના આરોપમાં અદાલતે તેને મૃત્યુદંડની સજા ફરમાવી હતી. તે વખતે આજની જેમ વીજળી દ્વારા ફાંસી આપવાની વ્યવસ્થા નહોતી. દોરડાનો ગાળિયો કરીને ફાંસી આપવામાં આવતી હતી.

નક્કી કરેલી તારીખ અને સમય ડૉક્ટરે તેના સ્વાસ્થ્યનું પરીક્ષણ કર્યું. પાદરીએ જ્હોન લીએ કરેલા ગુનાઓ બદલ પરમાત્માને પ્રાર્થના કરી. ફાંસીનો ગાળિયો તેના ગળામાં નાંખતાં પહેલાં જલ્લાદ જેમ્સ વેરાએ ફાંસીનાં બધાં સાધનોને બરાબર તપાસી લીધાં. ફાંસી આપવા માટે ખેંચવામાં આવતું દોરડું સરખું કર્યું. મેજિસ્ટ્રેટની દેખરેખ હેઠળ નીચેનું પાટિયું પાડવામાં આવ્યું, પરંતુ તે પડ્યું જ નહિ. ફરીથી પાટિયાનું નિરીક્ષણ કરવામાં આવ્યું કે તે ક્યાંક જામ તો નથી થઈ ગયું ને ? પરંતુ તે બિલકુલ બરાબર હતું. ફરીથી જોર કરીને પાટિયું પાડવામાં આવ્યું, પરંતુ આશ્ચર્યની વાત એ હતી કે તે જરાય હાલ્યું નહિ. જલ્લાદે ત્રીજીવાર તપાસ કર્યા પછી પ્રયત્ન કર્યો, છતાંય પાટિયું પડ્યું જ નહિ.

ત્રીજી વાર ફાંસીના માંચડે ચડાવવાની માનસિક પીડાથી જ્હોન લીને સખત ઠંડીમાં પણ પરસેવો થઈ ગયો હતો. સામે ઊભા રહીને મેજિસ્ટ્રેટ બધી જ કાર્યવાહી જોઈ રહ્યા હતા. તેમના જીવનની આ અભૂતપૂર્વ ઘટના હતી. તેમને આશ્ચર્ય એ વાતનું હતું કે ફાંસી આપવાનું પાટિયું બરાબર હતું, છતાં તે પડ્યું કેમ નહિ ? સતત



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સાત મિનિટ સુધી પ્રયાસો કરવા છતાં અને ત્રણ વાર ફાંસીના માંચડે ચઢાવ્યા છતાં જ્હોન લીને ફાંસી આપી શકાઈ નહિ, આથી ફાંસીને સ્થગિત કરવાનો આદેશ આપવામાં આવ્યો. ફાંસીનો નિર્ધારિત સમય વીતી ગયો હતો.

સર વિલિયમે આ મામલો કોર્ટમાં રજૂ કરતાં જણાવ્યું કે અદાલત દ્વારા નિર્ધારિત સમયે સંપૂર્ણ સાવધાની રાખવા છતાં પણ જ્હોન લીને મૃત્યુદંડ આપી શકાયો નથી, આથી ન્યાયના રક્ષણ માટે ફાંસી આપવા બીજો કોઈ સમય નક્કી કરવામાં આવે. ઉચ્ચ અદાલતે અપીલને કાઢી નાખતાં જણાવ્યું કે "અપરાધિક દંડસંહિતા અનુસાર અદાલત દ્વારા મૃત્યુદંડની બધી જ કાર્યવાહી પૂરી થઈ ચૂકી છે, તેથી આ સમયને આગળ વધારવો તે અદાલતના અધિકારની બહારનો વિષય છે." વિશ્વના ન્યાયિક ઈતિહાસમાં આ એક આશ્ચર્યજનક ઘટના હતી, જેમાં એક વ્યક્તિને સતત સાત મિનિટ સુધી ફાંસી આપવામાં આવતી રહી, છતાં તે બચી ગઈ.

પત્રકારોએ જ્હોન લીને પૂછ્યું કે તું કેવી રીતે બચી ગયો ? જવાબમાં તેણે કહ્યું કે હું સાવ નિર્દોષ છું. હત્યાના કેસમાં મને ખોટી રીતે ફસાવી દેવામાં આવ્યો છે. અદાલતમાં સાક્ષીઓ ન હોવાના કારણે હું મારો બચાવ કરી ના શક્યો, પરિણામે મને મૃત્યુદંડની સજા મળી. ફાંસીના માંચડા પર ઈશ્વરને હું ન્યાય તથા મદદ કરવા માટે સતત પ્રાર્થના કરતો રહ્યો. તેણે કોઈ અદશ્ય શક્તિનું અનુદાન વરસતું અનુભવ્યું હતું.

સહાયકોની, પિતૃઓની શક્તિની પણ એક મર્યાદા હોય છે, પરંતુ તેનાથી મોટી અને વિશાળ ભૂમિકા જીવનમુક્ત આત્માઓ, દેવસત્તાઓ તથા તે બધાની ઉદ્ગમસ્થાન એવી સર્વોચ્ચ સત્તાની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હોય છે. ધર્મના રક્ષણ તથા અધર્મ, અનીતિ અને અનાચારનો સામનો કરવાની ઈશ્વરીય પ્રક્રિયા બ્રહ્માંડવ્યાપી છે અને તે દરેક દેશકાળમાં નિરંતર ચાલતી રહે છે.

અન્યાયી કૌરવો ભરીસભામાં દ્રૌપદીનું ચીરહરણ કરવા માટે તત્પર હતા. તે અનીતિનો સામનો કરવા કોઈ તૈયાર ન થયું. ભીષ્મ તથા દ્રોણ જેવા વિદ્વાન નીતિજ્ઞો માથું ઝુકાવીને બેસી રહ્યા. તે લાચાર અબળાની લાજ લૂંટવામાં આવી રહી હતી. પરમસત્તાથી એ અન્યાય જોઈ ન શકાયો, આથી તેણે મદદ કરીને દ્રૌપદીની લાજ બચાવી.

દમયંતી ઘનઘોર જંગલમાં એકલી હતી. એક શિકારી તેનું સતીત્વ નષ્ટ કરવા માગતો હતો. ત્યાં કોઈ મદદ કરનારું ન હતું. દમયંતીની નેત્રજ્યોતિમાંથી ભગવાન પ્રગટ થયા અને શિકારી બળીને ભસ્મ થઈ ગયો. દમયંતીને કોઈ આંચ ન આવી. પ્રહ્લાદનો પિતા જ તેનો જીવ લેવા માટે આતુર હતો, પછી તે બચીને ક્યાં જાય ? તે વખતે થાંભલામાંથી નરસિંહ ભગવાન પ્રગટ થયા અને પ્રહ્લાદનું રક્ષણ કર્યું. પોતાના જ ઘરમાંથી કાઢી મૂકવામાં આવેલા પાંડવોને મદદ કરવા માટે, તેમના રથના ઘોડા હંકારવા માટે ભગવાન પોતે આવ્યા હતા. નરસિંહ મહેતાના સન્માનનું રક્ષણ ભગવાને કર્યું હતું. મગરના મોઢામાંથી હાથીને બચાવવા માટે પ્રભુ ખુલ્લા પગે દોડી આવ્યા હતા.

મીરાબાઈને ઝેરનો પ્યાલો અને સાપ ભરેલો કરંડિયો મોકલવામાં આવ્યા હતા, પરંતુ તેઓ  મર્યાં નહિ. કોણ જાણે કઈ શક્તિએ તે હળાહળને ચૂસી લીધું અને મીરા બચી ગયાં. ગાંધીજીને અનેક સહયોગીઓ મળ્યા અને દુર્દાંત શક્તિ સામે તેઓ નિઃશસ્ત્ર લડીને જીત્યા. ભગીરથની તપશ્ચર્યાથી ગંગા દ્રવિત થઈ ગઈ અને ધરતી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પર આવવા માટે સંમત થઈ. શિવજી પણ સહયોગ આપવા માટે આગળ આવ્યા અને ગંગાને જટામાં ધારણ કરી. ભગીરથની સાધના પૂરી થઈ. દુર્વાસાના શાપથી ત્રાસી ગયેલા રાજા અંબરીષની મદદ માટે ભગવાનનું સુદર્શનચક્ર દોડી આવ્યું હતું.

સનાતન સત્તા તો કાળની ગતિ અને બ્રહ્માંડથી સાવ પર છે. જેવી તે પ્રાચીનકાળમાં હતી તેવી આજે પણ છે અને તેની અદૃશ્ય મદદ પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ સુધી આજે પણ પ્રાપ્ત કરી શકાય છે. ટંગસ્ટનના તાર પર ધન તથા ઋણ વિદ્યુતપ્રવાહો અભિવ્યક્ત થાય છે. તેવી જ રીતે ઈશ્વરીય અનુદાનો જે બે પ્રવાહોના સંમિશ્રણથી કોઈપણ કાળમાં પ્રગટ થતાં રહે છે તે શ્રદ્ધા અને વિશ્વાસરૂપી પ્રવાહો જ્યાં પણ હાર્દિક અભિવ્યક્તિ પામે છે ત્યાં પરમેશ્વરની અદૃશ્ય સહાયતા પહોંચ્યા વગર રહી શકતી નથી.

## અવિજ્ઞાતની અનુકંપા પણ અદૃશ્ય સત્તાનું જ અનુદાન –

ઉપનિષદના ઋષિનો અનુભવ છે કે આત્મા જેનું વરણ કરે છે તેની સામે પોતાનાં રહસ્યો ખોલી નાખે છે. આનો અર્થ એ છે કે રહસ્યનું પ્રગટીકરણ ચેતનાના ઊંડાણમાંથી જ થાય છે. માનવી સંસારની સામયિક જરૂરિયાતો પૂરી કરવા માટે તે અનુદાનોને ધરતી પર ઉતારતો રહે છે. આ અવતરણ જેમના માધ્યમથી થાય છે તેઓ સહજ રૂપે શ્રેયના અધિકારી બની જાય છે.

વૈજ્ઞાનિક શોધખોળોનું શ્રેય જેમના દ્વારા તે પ્રકાશમાં આવે છે તેમને જ મળે છે, પરંતુ વિચારણીય બાબત એ છે કે શું તે જ વ્યક્તિએ એ પ્રક્રિયા પૂરી કરી હતી ? સંશોધકો જે રૂપમાં પોતાના પ્રયોગોને રજૂ કરી શક્યા છે તેને પ્રારંભિક સ્વરૂપ જ કહી શકાય. સૌપ્રથમ જે સંશોધનો રજૂ કરવામાં આવ્યાં તે કુતૂહલવર્ધક તો હતાં, આશા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને ઉત્સાહ પેદા કરનારાં પણ હતાં, પરંતુ લોકપ્રિય થઈ શકે તથા સહેલાઈથી બધાની જરૂરિયાતો પૂરી કરી શકે તેવાં નહોતાં. રેલવે, મોટર, ટેલિફોન, વિમાન વગેરેના જે નમૂના શરૂઆતમાં બનાવવામાં આવ્યા હતા તે બધાને ઉપયોગમાં આવી શકે તેવા નહોતા. આ સ્થિતિ ધીરેધીરે સુધરી છે અને પાછળના અનેક લોકોએ તેમના વિકાસમાં ફાળો આપ્યો છે.

સંસારનાં મહાન આંદોલનો શરૂઆતમાં ખૂબ નાનાં હતાં. તેમના પ્રારંભિક સ્વરૂપને જોતાં કોઈ એવું અનુમાન કરી શકતું નહોતું કે તે ભવિષ્યમાં વિરાટ રૂપ ધારણ કરશે અને સંસારની મોટી સેવા કરી શકશે, પરંતુ કોઈક અજાણી શક્તિએ એવાં આંદોલનોને જન્મ આપનારી પ્રેરણાનું ઝરણું વહાવ્યું અને કોઈ ઉત્કૃષ્ટ વ્યક્તિના માધ્યમથી તેને વિકસિત કર્યું. સાથેસાથે એવી વ્યવસ્થા પણ કરી કે તેને આગળ વધારવા માટે સહયોગીઓની હારમાળા ઊભી થતી જાય. ઈસુ ખ્રિસ્ત, બુદ્ધ, ગાંધીજી વગેરેનાં મહાન આંદોલનોની શરૂઆત અને અંત જોતાં એવું લાગે છે કે એ શ્રેય આપનાર કોઈ અજાણી શક્તિઓમાં પિતૃસત્તાઓનો પણ સમાવેશ છે. પ્રકૃતિ પાત્રતા પારખીને અનુગ્રહ કરે છે તથા અનુદાન આપે છે.

ઐતિહાસિક પુસ્તકોમાં આવી શોધખોળોની ચર્ચા જે રીતે થાય છે તે તો ઘણી પાછળની સ્થિતિ છે. શરૂઆત ક્યાંથી થઈ તે જોવામાં આવે તો ખબર પડશે કે તેમને જરૂરી પ્રકાશ અને સંકેત અનાયાસે જ પ્રાપ્ત થયા હતા. તે સંશોધકોની પૂર્વ તૈયારી તો નહિવત્ જ હતી. જો કે તે સંકેતોને સમજીને બતાવેલા માર્ગે મનોયોગપૂર્વક આગળ વધવા માટે તેમની પ્રતિભાની પ્રશંસા કરવી પડશે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લગભગ બે હજાર વર્ષ પહેલાંની વાત છે. એશિયા માઈનોરના કેટલાક ગોવાળિયાઓ પહાડો પર ઘેટાં ચરાવી રહ્યા હતા. તેમની લાકડીઓની નીચે લોખંડના ખીલા મારેલા હતા. ત્યાંથી પસાર થતી વખતે ગોવાળિયાઓએ જોયું કે તેમની લાકડી પથ્થર સાથે ચોંટી જાય છે અને જોર કરવાથી જ ઊખડે છે. પહેલાં તો તેને ભૂતપ્રેત માનવામાં આવ્યું, પણ પછી સંશોધન કરવામાં આવ્યું અને એમાંથી ચુંબકનું વિજ્ઞાન શરૂ થયું. આજે તો ચુંબક એક ખૂબ મોટી શક્તિ ગણાય છે.

ન્યુટને જોયું કે સફરજનનું ફળ ઝાડ પરથી તૂટીને જમીન પર પડ્યું. એવું દૃશ્ય પહેલાં પણ બધાએ જોયું હશે, પરંતુ ન્યુટને તેની પર વિશેષ ધ્યાન આપ્યું અને ખૂબ ચિંતન કર્યું કે ફળ નીચે જ કેમ પડ્યું ? ઉપર કેમ ના ગયું ? વિચાર કરતાં તેને પૃથ્વીની આકર્ષણ શક્તિની જાણકારી મળી, પછી તેણે સાબિત કર્યું કે ગ્રહોનક્ષત્રો આ ગુરુત્વાકર્ષણની શક્તિથી જ પરસ્પર જોડાયેલાં છે. આ સિદ્ધાંત મળવાથી ખગોળવિજ્ઞાનની અનેક પ્રક્રિયાઓને સમજવી સરળ બની ગઈ.

ઝાડ પરથી ફળને નીચે પડતું ન્યુટનની પહેલાં પણ ઘણા લોકોએ જોયું હશે, પરંતુ કોઈ અજાણી શક્તિએ ન્યુટનના કાનમાં ગુરુત્વાકર્ષણની સંભાવના રજૂ કરી દીધી અને તેણે એ સંકેતનું પૂંછડું બરાબર પકડી લીધું. પરિણામે તેને શ્રેય પ્રાપ્ત થયું.

આજથી ત્રણસો વર્ષ પહેલાંની વાત છે. હોલેન્ડનો એક ચશ્માં વેચનારો બે લેન્સને એકબીજા પર મૂકીને જોવા લાગ્યો. બંને કાચ ભેગા કરીને આંખ સામે ધરતાં તેને એક વિચિત્ર અનુભવ થયો. દૂર રહેલું દેવળ તેને નજીક દેખાયું અને તેના પર કરવામાં આવેલી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કોતરણી બિલકુલ સ્પષ્ટ દેખાવા લાગી. આ ઘટનાથી દૂરબીનનો સિદ્ધાંત પ્રાપ્ત થયો. એના પરિણામે આજે અનેક જાતનાં દૂરબીનો વિજ્ઞાનની શોધખોળોમાં ખૂબ મહત્ત્વનો ફાળો આપી રહ્યાં છે.

એક્સરેની શોધ કરવાનું શ્રેય જેને મળ્યું તેણે તે પોતાની રીતે નહોતું શોધ્યું. તેની પાછળ પણ કોઈ અવિજ્ઞાત શક્તિ જ કામ કરી રહી હશે, નહિ તો એવા સંજોગો તો રોજ કેટલાય લોકોની સામે ઊભા થતા હશે. તે તરફ કોઈનું ધ્યાન પણ જતું નથી. વાત શોધખોળોની હોય કે કોઈ આંદોલનની હોય. તેની શરૂઆત કોઈ અવિજ્ઞાત શક્તિની પ્રેરણાથી જ થાય છે. આ અવિજ્ઞાતને ભ્રમ કહેવામાં આવે કે પ્રકૃતિ તેનાથી કોઈ ફેર પડતો નથી. માત્ર પ્રગતિ થવી જોઈએ. તે આત્મા તથા પરમાત્માના ઉદ્‌ગમકેન્દ્રમાંથી જ પેદા થાય છે. સહયોગીઓ દ્વારા તેનો વિકાસ થાય છે. તે સહયોગીઓ પિતૃઓ કે બીજા કોઈ શ્રેષ્ઠ આત્માઓ દ્વારા પણ પ્રાપ્ત થાય છે.

શ્રદ્ધાભાવ રાખવાથી તથા શ્રેષ્ઠ જીવન જીવવાથી ઉચ્ચકક્ષાના પિતૃઆત્માઓ ખરેખર આવાં જ મહત્ત્વનાં અનુદાનો, પ્રકાશ તથા પ્રેરણા પ્રદાન કરે છે, જે વ્યક્તિ તથા સમાજને સુખસગવડોથી ભરી દે છે. આવા પિતૃઓને એક જ અપેક્ષા હોય છે કે તે ઉદાર અનુદાનોનો દુરુપયોગ ન થવો જોઈએ. પરમેશ્વર પણ મનુષ્યો પાસે એવી જ અપેક્ષા રાખે છે, પરંતુ કૃતઘ્ન મનુષ્ય તેમની એટલી અપેક્ષા પણ પૂરી કરતો નથી.

*



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

# અનીતિની અવરોધક પરોક્ષ શક્તિઓ

મનુષ્ય જેવું વિચારે છે અને કરે છે તેનો પ્રભાવ તેના પૂરતો મર્યાદિત ન રહેતાં આસપાસના વાતાવરણ અને સંબંધિત વ્યક્તિઓને પણ પ્રભાવિત કરે છે. જડ વસ્તુઓ ઉપર પણ તેનો સારો કે નરસો પ્રભાવ પડતો જોવા મળે છે. ઘટનાઓના સૂક્ષ્મ સંસ્કારો લાંબા સમય સુધી જળવાઈ રહે છે અને જુદા જુદા પ્રકારની પ્રેરણાઓના રૂપે પોતાનો પરિચય આપે છે. આ વાતનો પ્રત્યક્ષ અનુભવ સારા કે ખરાબ લોકોને મળીને તથા તેમની સાથે જોડાયેલાં સ્થાનો પર જઈને કરી શકાય છે. ભલે પછી તેઓ હાલમાં જીવતા ન હોય. દેવાલયો, મંદિરો, દેવપુરુષો, મહામાનવો, સંતો કે ઋષિઓનાં તપસ્થળોમાં જવાથી મનમાં પરમાર્થની તથા લોકમંગળની સાત્ત્વિક ભાવનાઓ હિલોળા લેવા લાગે છે. તેનાથી ઊલટું, કતલખાના જેવાં સ્થળોએ જતાં જ મનમાં અશાંતિ અને વિક્ષોભ પેદા થાય છે અને ત્યાંથી જલદીથી ભાગવાની ઈચ્છા થાય છે. આ બધો સ્થળો અને તેમની સાથે જોડાયેલા સૂક્ષ્મ વાતાવરણનો પ્રભાવ છે.

પ્રચલિત માન્યતા પ્રમાણે મૃત્યુ પછી પણ આત્મા તેની સાથે જોડાયેલા વાતાવરણમાં લાંબા સમય સુધી હાજર રહે છે અને પોતાની સારી કે ખરાબ ભાવનાઓનો પરિચય સહયોગ કે હેરાનગતિના રૂપમાં આપે છે. સૂક્ષ્મ આત્માઓ કોઈપણ જાતની અનધિકાર ચેષ્ટા અથવા લૂંટફાટની અનીતિપૂર્ણ પ્રવૃત્તિને પોતાની ભૂમિકા નિભાવીને યોગ્ય દંડ આપે છે. ધરતી પર ભૂમિગત વિશેષતાઓ તથા સંપત્તિનું નિર્માણ તે ક્ષેત્રના નિવાસીઓ તેમની જરૂરિયાતો પૂરી કરી શકે તે માટે થયું છે. અનાજ, ફળ, ઔષધિઓ વગેરે વિશે કહેવાય છે કે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તે ત્યાં જન્મેલા લોકોને જ વધારે અનુકૂળ આવે છે. આજે ઝડપી સાધનો દ્વારા પદાર્થોને દૂરનાં સ્થળોએ મોકલી શકાય છે, પરંતુ ત્યાંના લોકોની શારીરિક રચનામાં જે તત્ત્વો હોય છે તેની સાથે તેમનો તાલમેળ બેસી ન શકવાથી તે ફાયદાને બદલે નુકસાનકારક નીવડે છે.

ખનીજ પદાર્થો તથા બીજી કુદરતી સંપત્તિ માટે પણ આ જ વાત લાગુ પડે છે. તે જે તે ક્ષેત્રના નિવાસીઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને જ પેદા કરવામાં આવી હોય છે. ઉત્તરધ્રુવના નિવાસીઓ અને પ્રાણીઓની શારીરિક રચના તથા ત્યાં મળતા પદાર્થોને જોતાં એવું અનુમાન કરી શકાય કે કુદરતની વ્યવસ્થા ખૂબ દીર્ઘ દૃષ્ટિવાળી છે. ખનીજો તથા બીજી કુદરતી સંપત્તિ વિશે પણ આવું જ છે.

કુદરતી પેદાશોનો લાભ લેવાનો પહેલો અધિકાર ત્યાંના સ્થાનિક લોકોનો જ છે. ત્યારપછી બીજા લોકોને લાભ મળી શકે. સ્થાનિક લોકો માટે મળેલી કુદરતી પેદાશોનું બીજા લોકો જ્યારે અપહરણ કરે છે ત્યારે અવ્યવસ્થા અને અનીતિ ફેલાય તે સ્વાભાવિક છે. આવા શોષણ અને અપહરણનો વૈશ્વિક ન્યાયના આધારે વિરોધ તો થાય છે, પરંતુ સાથેસાથે ઈશ્વરીય વ્યવસ્થા પણ તેને નાબૂદ કરવામાં મદદરૂપ બને છે. જ્યારે શક્તિશાળી લોકો અસમર્થ લોકોની સંપત્તિનું બળજબરીથી અપહરણ કરે છે ત્યારે પ્રાકૃતિક વિરોધ જોવા મળે છે.

અમેરિકાની ભૂમિ પર મૂળ અધિકાર તે દેશના સ્થાનિક નિવાસીઓનો જ ગણાય. ત્યાંની કુદરતી સંપત્તિનો લાભ તેમને જ મળવો જોઈએ, પરંતુ ગોરા લોકોએ બળજબરીપૂર્વક તે ભૂમિ પર કબજો જમાવી દીધો છે, પરંતુ કુદરત ત્યાંના મૂળ નિવાસીઓની તરફેણમાં જ પોતાનું સમર્થન આપે છે અને લૂંટારાઓના પ્રયત્નો ને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

નિષ્ફળ બનાવે છે. આ સંદર્ભમાં ત્યાંની સોનાની ખાણો બાબતમાં ગોરાઓને મળેલી નિષ્ફળતા ખાસ વિચારણીય છે.

અમેરિકાના એરિઝોના રાજ્યમાં ખીણોવાળાં ગીચ જંગલો છે. તે માત્ર દુર્ગમ અને ડરામણાં જ નથી, પરંતુ તેમાં રહસ્યમય વિશેષતાઓ પણ જોવા મળે છે. તે રહસ્ય વૈજ્ઞાનિકો તથા સંશોધકો માટે એક કોયડો બની રહ્યું છે.

એવું કહેવાય છે કે તે પ્રદેશમાં આકાશમાંથી સોનાની રજકણો વરસે છે અથવા તો પહાડો તેને અદૃશ્ય લાવાની જેમ બહાર કાઢે છે. એ જે હોય તે, પરંતુ ત્યાંની ટેકરીઓને સોનાના પર્વતો કહેવામાં આવે છે. તે સંપત્તિની લાલચમાં અનેક લોકો ત્યાં જાય છે.

સંપત્તિનો લોભ જેટલો આકર્ષક છે એટલો જ ત્યાંના ચોકીદાર એવાં પ્રેતપિશાચોનો ડર પણ રહે છે. તે સંપત્તિના લોભમાં અત્યાર સુધીમાં હજારો સાહસિક લોકો ત્યાં ગયા છે. તેમાંના મોટા ભાગનાને જીવ ખોવો પડ્યો છે. જેઓ ગમે તે રીતે જીવતા પાછા આવ્યા છે તેમણે સોનાના અસ્તિત્વનું આંખે જોયેલું વિવરણ સંભળાવ્યું છે, પરંતુ સાથે સાથે એવું પણ કહ્યું છે કે ત્યાં અદૃશ્ય આત્માઓનો આતંક બહુ ભયંકર છે. સોનું મેળવવાની લાલચમાં જેઓ ત્યાં જાય છે તેમનો તેઓ પીછો કરે છે અને જેઓ ભાગી ન જાય તેમનો જાન લઈ લે છે.

અમેરિકામાં મિસીસિપી નદીના કિનારે ફેલાયેલું જંગલ હોમોચિટો દુનિયાનાં સૌથી સુંદર વનોમાંનું એક છે. આ જંગલના એક ભાગમાં નેટચેજ નામનું એક નાનકડું ગામ વસેલું છે. એ ગામથી આશરે વીસેક માઈલ દૂર રીડર બોવ નામના એક ધનવાન ખેડૂતનું કૃષિફાર્મ આવેલું છે. ફાર્મની ઉત્તરબાજુએ મિસીસિપી નદીનો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એક કાદવવાળો ત્રિકોણ પ્રદેશ આવેલો છે. એ ડેલ્ટામાં એક ખૂબ પહોળો હોલ જોવા મળે છે. એવું કહેવાય છે કે એ હોલ દરરોજ પહોળો થતો જાય છે. તેમાં સાત ફૂટ પહોળો અને ચાર ફૂટ ઊંચો કીમતી રત્નો અને સોનાથી ભરેલો ઘડો છે. ત્યાં વસતા લગભગ બધા લોકોને તેની જાણકારી છે. એટલા બધા કીમતી ખજાના વિશે જાણીને કોનો જીવ ના લલચાય ? પરંતુ કહેવાય છે કે તેને પ્રાપ્ત કરવા માટે અત્યાર સુધી જેટલા પ્રયાસો થયા છે તેમાંનો એક પણ સફળ થયો નથી.

છેલ્લાં દોઢસો વર્ષોથી તેને મેળવવા માટે અનેક પ્રયત્નો કરવામાં આવ્યા છે, પરંતુ તે બધા જ નિષ્ફળ નીવડ્યા છે. તેનું કારણ એવું જણાવવામાં આવે છે કે તેના પર એક પ્રેતાત્મા અડ્ડો જમાવીને બેઠો છે અને તેને કાઢવાના તમામ પ્રયત્નોને તે નિષ્ફળ બનાવી દે છે. રીડર બોવ અને તેના પૂર્વજો એ ખજાનો મેળવવા માટે કેટલાય સમયથી પ્રયત્નો કરી રહ્યા છે. તેમણે એ ડેલ્ટા પ્રદેશની પાસે એક મકાન પણ બનાવ્યું હતું, પરંતુ કેટલીક એવી ઘટનાઓ બની જેના કારણે રીડર બોવના પૂર્વજોએ એ સ્થળે ભૂતપ્રેતોનું આધિપત્ય માનીને તેને છોડી દીધું. ત્યારથી એ સ્થળ ખાલી જ પડી રહ્યું છે. ત્યાં રહેવાનું તો ઠીક, પરંતુ ત્યાં જવાની પણ કોઈ હિંમત કરતું નથી.

એ દટાયેલા ખજાના વિશે એવું કહેવાય છે કે ક્યારેક ડાકુઓ દ્વારા લૂંટીને તેને જમીનમાં દાટી દેવામાં આવ્યો હતો. એક જમાનામાં નેટચેજ અને ન્યુ ઓર્લિયન્સ વચ્ચે પાંચસો માઈલ લાંબો એક રસ્તો હતો અને તેની ઉપર ખૂબ અવરજવર રહેતી હતી. તે ક્ષેત્રમાં અનેક ડાકુ ટોળીઓ સક્રિય હતી અને તેઓ ખૂબ જ લૂંટફાટ કરતા હતા. એ ડાકુઓના સરદાર લેફિટ, મેસિન, હાર્પ વગેરેમાંથી કોઈકે એ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ધન ભેગું કરીને સલામત સ્થળે દાટી દીધું. તે વખતે ત્યાં કાદવ નહોતો. પાછળથી નદીનું પાણી ત્યાં ઝમતું રહ્યું અને તે પ્રદેશ દલદલવાળો બની ગયો. ડાકુઓ પકડાઈ ગયા અને માર્યા ગયા, પણ પેલું ધન જમીનમાં દટાયેલું પડી રહ્યું. રીડર બોવના પૂર્વજોએ ખજાના વિશે પ્રચલિત લોકવાયકાઓના આધારે તે આખો વિસ્તાર જ ખરીદી લીધો અને ત્યારથી કેટલાય એન્જિનિયરો, કોન્ટ્રાક્ટરો તથા બીજા નિષ્ણાત લોકો અવારનવાર તે ખજાનો મેળવવાની યોજના લઈને આવતા રહ્યા.

તે ખજાનામાંથી અમુક ચોક્કસ ભાગ આપવાના લેખિત કરાર કરીને તે લોકોએ મોટાં મોટાં મશીનો, વાંસ, દોરડાં વગેરે સાધનો તથા અનેક મજૂરોની મદદથી તે ખજાનો કાઢવા તનતોડ મહેનત કરી, પરંતુ છેવટે નિષ્ફળતા જ મળી. જેમ વધારે મહેનત કરવામાં આવે તેમ ખજાનો વધારે ઊંડો જતો રહેતો અને ખોદકામનો વિસ્તાર પહોળો થતો જતો હતો. સોનાનો એ ખજાનો તથા હોલ અમેરિકનોની બુદ્ધિ, કૌશલ્ય અને ટેકનિકલ જ્ઞાન માટે આજે પણ પડકારરૂપ છે.

સન ૧૯૩૯માં તે ચરુ કાઢવા માટે સૌથી મોટો પ્રયત્ન કરવામાં આવ્યો. તેના માટે ભારે બુલડોઝર મશીનોથી કાદવ ખસેડવાનો તથા રસ્તો બનાવવાનો પ્રયત્ન કરવા માટે એન્જિનિયરોની એક સમિતિ બનાવવામાં આવી અને ખૂબ ઉત્સાહપૂર્વક એ યોજના શરૂ કરવામાં આવી. પેલો ચરુ તેને કાઢનારા લોકોના પુરુષાર્થને પડકાર ફેંકતો રહ્યો. તેમના બધા જ પ્રયાસો નિષ્ફળ નીવડતા ગયા. ક્રેનની મદદથી જ્યારે ઘડાને કંઠેથી પકડીને બહાર કાઢવાનો પ્રયત્ન કરવામાં આવ્યો ત્યારે ઓચિંતો ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો. આથી બુલેક અને સ્ટિકલોન કે જેમના નેતૃત્વમાં એ યોજના ઘડવામાં



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આવી હતી તેઓ તે ચરુને કાઢવાનો પ્રયત્ન પડતો મૂકીને પાછા વળી ગયા. ત્યાર પછી પણ ઘણા લોકોએ પ્રયાસો કર્યા, પરંતુ ઘડો પોતાના સ્થાનેથી ખસવાનું નામ લેતો નહોતો. જે લોકોએ એ પ્રયાસોમાં ભાગ લીધો તેઓ અકાળે મૃત્યુ પામ્યા.

આ સમગ્ર ઘટનાક્રમ પર નજર નાખતાં કેટલીક જિજ્ઞાસાઓ પેદા થાય છે. એક તો એ કે શું આ બધી દંતકથાઓ ખોટી હશે ? બીજું કે આજના મનુષ્ય પાસે તમામ પ્રકારનાં વૈજ્ઞાનિક સાધનો અને ટેકનોલોજી છે, છતાં પણ તેઓ ઘડાને કેમ ન કાઢી શક્યા ? ત્રીજી વિચારણીય બાબત એ છે કે સર્જનહારની અનેક વિધિવ્યવસ્થા, ધન સંબંધી નીતિ, મર્યાદા અને વ્યવસ્થા શું છે ? એક વાત સારી રીતે સમજી લેવી જોઈએ કે નીતિયુક્ત સંપત્તિની સાથે એક ખાસ મર્યાદા જોડાયેલી છે કે તેનો ઉપભોગ કે સંગ્રહ થઈ શકતો નથી. તેનો ઉપયોગ અને વિતરણ પણ થાય તે જરૂરી છે.

આ નીતિમર્યાદાની કસોટી પર ખજાનાની સંપત્તિને કસવામાં આવે છે ત્યારે જણાય છે કે તે દરેક રીતે ખોટી છે. તેમાં ધનસંબંધી નીતિમર્યાદાનું સાવ ઉલ્લંઘન થયું હતું, પરિણામે તેના સંઘરાખોરો તેનો લાભ લઈ શક્યા નહિ. જેવી રીતે તેમણે તેને હડપી લેવાનો પ્રયત્ન કર્યો તેવી જ રીતે પ્રકૃતિએ પણ તેમના હાથમાંથી તે છીનવી લીધી અને તે પણ સામાન્ય રીતે નહિ, પરંતુ જોરદાર થપ્પડ મારીને તેને ઓકી નાખવાની ફરજ પાડવામાં આવી.

એવું લાગે છે કે સૂક્ષ્મજગતમાં કોઈક એવા અદૃશ્ય પ્રહરીઓ ચોકી કરી રહ્યા છે, જેઓ ન્યાયનું સમર્થન અને લૂંટફાટનો વિરોધ કરવા માટે પોતાની જાગરૂકતાનો પરિચય આપતા રહે છે. સંભવ છે કે તે ક્ષેત્રના ખજાનાનું રક્ષણ તેઓ કરતા હોય. એવું પણ અનુમાન



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરી શકાય કે જેમની સંપત્તિનું અપહરણ કરવામાં આવ્યું અને જેમને નિર્દયતાપૂર્વક મારી નાખવામાં આવ્યા હતા તેમના આત્માઓ બદલાની ભાવનાથી પીડાઈને તે ક્ષેત્રમાં નિવાસ કરતા હશે અને તેમની દરમિયાનગીરીના કારણે તે મફતનું ધન મેળવનારાઓને નિષ્ફળતા મળતી હશે. એવા આત્માઓ દ્વારા ન્યાયનું સંરક્ષણ અને અનીતિનો વિરોધ થવો તે એક હકીકત છે. સાથે સાથે પ્રકૃતિની વ્યવસ્થામાં સ્થાનિક લોકોને લાભ મળવાની જે મર્યાદાઓ છે તેનું ઉલ્લંઘન પણ આવાં પરિણામો પેદા કરી શકે, જેવાં અમેરિકા તથા બીજાં સ્થળોએ સોનું કે બીજી દટાયેલી સંપત્તિ મેળવવા માટે આતુર લોકોએ ભોગવવાં પડ્યાં છે.

*



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# પિતૃઓ પ્રત્યે શ્રદ્ધા અને કૃતજ્ઞતાની અભિવ્યક્તિ

ભારતીય સંસ્કૃતિએ જાહેર કર્યું છે કે મૃત્યુની સાથે જ જીવનનો અંત આવી જતો નથી. મૃત્યુ તો અનંત જીવનશૃંખલાની એક કડી છે. આથી સંસ્કારોના ક્રમમાં જીવની તે સ્થિતિને પણ બાંધવામાં આવી છે, જ્યારે તે એક જન્મ પૂરો કરીને નવા જીવન તરફ આગળ વધે છે. એવી કામના કરવામાં આવે છે કે સંબંધિત જીવાત્માનું નવું જીવન પાછલા જીવન કરતાં વધારે સુસંસ્કારી બને. એ માટે જે કર્મકાંડ કરવામાં આવે છે તેનો લાભ જીવાત્માને કર્મકાંડ કરનારની શ્રદ્ધાના માધ્યમથી જ મળે છે, આથી મરણોત્તર સંસ્કારને શ્રાદ્ધકર્મ પણ કહેવામાં આવે છે.

આ દૃશ્ય સંસારમાં સ્થૂળ શરીર ધરાવનારને જેમ ઇન્દ્રિયભોગો, વાસના, તૃષ્ણા તથા અહંકારની પૂર્તિમાં સુખ મળે છે તેવી જ રીતે પિતૃઓનું સૂક્ષ્મ શરીર શુભકર્મોથી પેદા થતી સુગંધનું રસાસ્વાદન કરીને તૃપ્તિ અનુભવે છે. તેમની પ્રસન્નતા તથા આકાંક્ષાનું કેન્દ્રબિંદુ શ્રદ્ધા છે. શ્રદ્ધાભર્યા વાતાવરણમાં પિતૃઓ પોતાની અશાંતિ ભૂલીને આનંદનો અનુભવ કરે છે. શ્રદ્ધા જ તેમની ભૂખ છે અને તેનાથી જ તેમને તૃપ્તિ થાય છે, આથી પિતૃઓની પ્રસન્નતા માટે શ્રાદ્ધ તથા તર્પણ કરવામાં આવે છે. જેઓ પાછલું શરીર છોડી ચૂક્યા છે, પરંતુ બીજું નવું શરીર જેમને હજુ પ્રાપ્ત થયું નથી તેમને પિતૃઓ કહેવામાં આવે છે. એ વચલી સ્થિતિમાં રહીને તેઓ મનુષ્યો જેવો જ અનુભવ કરે છે.

મુક્ત આત્માઓ અને પિતૃઓ પ્રત્યે દેવો તથા પરમાત્મા જેવો જ શ્રદ્ધાભાવ રાખવો જોઈએ. મુક્ત, દેવો, પ્રજાપતિઓ તથા બ્રહ્મને તો મનુષ્યોની મદદની કોઈ જરૂર હોતી નથી, પરંતુ પિતૃઓને એવી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મદદની જરૂર હોય છે. તેમને એવી મદદ કરવામાં આવે તે માટે ઋષિઓએ પિતૃપૂજન તથા શ્રાદ્ધકર્મની પરંપરા શરૂ કરી હતી. તેની સાચી વિધિ અને તેમાં રહેલી પ્રેરણાઓને જાણીને પિતૃઓને સાચી ભાવનાથી શ્રદ્ધાંજલિ આપવાથી તેઓ પ્રસન્ન થાય છે અને બદલામાં પ્રકાશ, પ્રેરણા, શક્તિ અને સહયોગ આપે છે. પિતૃઓને સ્થૂળ મદદની નહિ, પરંતુ સૂક્ષ્મ ભાવનાત્મક મદદની જરૂર હોય છે કારણ કે તેઓ સૂક્ષ્મ શરીરમાં રહે છે. આ દૃષ્ટિએ મૃત્યુ પછી પિતૃપક્ષમાં મૃત્યુની તિથિના દિવસે અથવા પર્વો પર શ્રાદ્ધકર્મ કરવાનું વિધાન આપણી દેવસંસ્કૃતિએ બનાવ્યું છે.

શ્રાદ્ધ કયા તત્ત્વ પર ટકેલું છે ? શરીર નષ્ટ થઈ જવા છતાં પણ જીવનું અસ્તિત્વ નાશ પામતું નથી. તે સૂક્ષ્મરૂપમાં આપણી ચારેય બાજુના વાતાવરણમાં ફરતો રહે છે. મૃત્યુ પછી પણ જીવને પોતાના પરિવાર પ્રત્યે થોડીક મમતા રહી જાય છે. સૂક્ષ્મ આત્માઓ સહેલાઈથી બધા લોકોમાંથી આવીને આપણી ચારેય બાજુ આંટા મારતા રહે છે. આપણા વિચારો અને ભાવનાઓ આ સૂક્ષ્મ વાતાવરણમાં ફેલાય છે. તેમને આપણે જેટલી ઝડપથી બહારના વાતાવરણમાં ફેંકીએ છીએ એટલી જ ઝડપથી તે દૂર દૂર સુધી ફેલાઈ જાય છે, આથી શ્રાદ્ધમાં વ્યક્ત કરવામાં આવેલા આપણા પૂર્વજો પ્રત્યેના કૃતજ્ઞતાના ભાવો, આત્મીયતા તથા સદ્‌ભાવના તે આત્માઓની પાસે પહોંચી જાય છે. તેનાથી તેમને સુખ, શાંતિ, પ્રસન્નતા અને સંતોષ મળે છે.

શ્રાદ્ધમાં હવિષ્યાન્નના પિંડો દ્વારા શ્રદ્ધાની અભિવ્યક્તિ કરવામાં આવે છે. આ પિંડ સાધનદાનનું પ્રતીક છે. સ્વર્ગસ્થ આત્માઓની તૃપ્તિ માટે તર્પણ કરવામાં આવે છે. જળની એક અંજલિ ભરીને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કૃતજ્ઞતાના ભાવથી આપણે સ્વર્ગસ્થ પિતૃ કે દેવતાઓનાં ચરણોમાં અર્પિત કરીએ છીએ. આમ શ્રદ્ધા, પ્રેમ, કૃતજ્ઞતા અને અભિનંદન એ બધાનું સંયુક્ત સ્વરૂપ શ્રાદ્ધ છે.

'યોગવાશિષ્ઠ' અનુસાર મૃત્યુ વખતે દરેક જીવ મૂર્છાનો અનુભવ કરે છે. તે મૂર્છા મહાપ્રલયની રાત્રિ જેવી હોય છે. ત્યારપછી દરેક વ્યક્તિ પોતે જ પોતાના સ્વપ્ન અને સંકલ્પો પ્રમાણે પોતાના પરલોકની રચના કરે છે તે વાત નીચેના શ્લોકોમાં કહેવામાં આવી છે -

**મરણાદિમયી મૂર્ચ્છા પ્રત્યેકેનાનુભૂયતે।**
**યૈષાં તાં વિદ્ધિ સુમતે મહાપ્રલયયામિનીમ્ ॥**
**તદન્તે તનુતે સર્ગં સર્વ એવ પૃથક્ પૃથક્।**
**સહજ સ્વપ્નસંકલ્પાન્સંભ્રમાચલ નૃત્યવત્ ॥**

- યોગવાસિષ્ઠ ૩/૪૦/૩૧, ૩૨

આ જ સંદર્ભમાં આગળ જણાવ્યું છે કે -

**સ્વવાસનાનુસારેણ પ્રેતા એતાં વ્યવસ્થિતમ્।**
**મૂર્છાન્તેઽનુભવન્ત્યન્તઃ ક્રમેણૈવાક્રમેણ ચ ॥**

- યોગવાશિષ્ઠ ૩/૫૫/૨૬

અર્થાત્ પ્રેતો પોતપોતાની વાસના પ્રમાણે જ ભાવનાત્મક ઉતારચઢાવનો અનુભવ કરે છે. મરેલી વ્યક્તિની પ્રેતાવસ્થામાં જે લોકો સાથે આસક્તિ રહેલી છે તેમની ભાવસંવેદના, પરિસ્થિતિ તથા મનઃસ્થિતિ પ્રેતોને ખૂબ પ્રભાવિત કરે છે. પિંડદાન તથા શ્રાદ્ધકર્મનું મહત્ત્વ એ જ છે કે તે ક્રિયાઓની સાથે જે ભાવનાઓ જોડાયેલી હોય છે તે પ્રેતો કે પિતૃઓને સ્પર્શે છે. એવી જ રીતે પિતૃઓના સંસ્કારોના અનુભવો પોતાનાં પ્રિયપાત્રોની સ્થિતિ પ્રમાણે તેમને આંદોલિત કરે છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

યોગવાસિષ્ઠમાં જણાવ્યું છે કે મૃત્યુ પછી પ્રેત એટલે કે મરી ગયેલો જીવ પોતાના બંધુબાંધવોના પિંડદાન દ્વારા પોતાનું શરીર ટકી રહેલું અનુભવે છે.

**આદૌ મૃતાવયમિતિ બુધ્યન્તે તદનુક્રમાત્ ।**
**બંધુ પિંડાદિદાનેન પ્રોત્પન્ના ઇતિ વેદિનઃ ।।**

– યોગવાશિષ્ઠ ૩/૫૫/૨૭

અર્થાત્ પ્રેતો પોતાની સ્થિતિ વિશે એવું અનુભવે છે કે અમે મરી ગયા છીએ અને હવે બંધુઓના પિંડદાનથી અમારું નવું શરીર બન્યું છે.

સ્પષ્ટ છે કે આ અનુભૂતિ ભાવનાત્મક જ હોય છે. આથી પિંડદાનનું વાસ્તવિક મહત્ત્વ તેની સાથે જોડાયેલી ભાવનાઓના કારણે જ હોય છે. જેમના પ્રત્યે આત્મીયતા હોય છે તેમનાં ભાવનાત્મક અનુદાનોથી પ્રેતો પ્રભાવિત થાય છે કારણ કે મરણોત્તર જીવનની અનુભૂતિઓ વાસના અને સંસ્કારોની છાયા જ હોય છે. આથી જેની સાથે આત્મીયતાના સંસ્કારો હોય તેની ભાવનાઓ પરલોકમાં રહેલા જીવને પ્રભાવિત કરે છે.

ગીતાના આઠમા અધ્યાયમાં કહ્યું છે કે હે અર્જુન ! જેઓ અંત સમયે જે ભાવોનું સ્મરણ કરતાં કરતાં દેહ છોડે છે તે જ ભાવોથી અનુપ્રાણિત થઈને એવું જ નવું શરીર તેઓ પ્રાપ્ત કરે છે.

સંન્યાસ લેતી વખતે સંન્યાસીના શ્રાદ્ધસંસ્કાર પણ તેમના સ્વજનો દ્વારા કરાવી દેવામાં આવે છે, જેથી તેમની કોઈ ઇચ્છા કે આસક્તિ સૂક્ષ્મ રૂપે પણ બાકી ન રહી જાય.

મૃત્યુ પામેલ લોકોનું શ્રાદ્ધકર્મ કરવાથી કોઈ લાભ થાય છે કે નહિ તેના જવાબમાં એટલું જ કહી શકાય કે અવશ્ય લાભ થાય



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. સંસાર એક સમુદ્ર સમાન છે, જેમાં જળકણોની જેમ બધા જીવો છે. જો વિશ્વને એક શિલા કહીએ તો વ્યક્તિ તેનો એક પરમાણુ છે. આ વિશ્વમાં જીવતા તથા મૃત આત્માઓ મોજૂદ છે અને તેઓ બીજા બધા આત્માઓ સાથે જોડાયેલા છે. સંસારમાં ગમે ત્યાં અનીતિ, યુદ્ધ, કષ્ટ, અનાચાર કે અત્યાચાર થઈ રહ્યાં હોય તો દૂરના દેશોમાં રહેતા લોકોના મનમાં પણ ઉદ્વેગ પેદા થાય છે. શિયાળા અને ઉનાળાની ઋતુમાં દરેક વસ્તુ ઠંડી કે ગરમ થઈ જાય છે. નાનકડો યજ્ઞ કરવાથી પણ તેની દિવ્ય સુગંધ તથા ભાવના સમગ્ર સંસારનાં પ્રાણીઓને લાભ પહોંચાડે છે. આ સૂક્ષ્મ ભાવતરંગો તૃપ્તિકારક અને આનંદદાયક હોય છે. સદ્ભાવનાના તરંગો જીવતા તથા મૃત એમ બધા આત્માઓને તૃપ્ત કરે છે, પરંતુ જેમના માટે શ્રાદ્ધ કરવામાં આવ્યું હોય તેમને વધારે ભાગ પહોંચે છે.

## શાસ્ત્રોની તર્પણવ્યવસ્થા –

શ્રાદ્ધ પ્રક્રિયામાં દેવતર્પણ, ઋષિતર્પણ, દિવ્યમાનવતર્પણ, દિવ્યપિતૃતર્પણ, યમતર્પણ અને મનુષ્યપિતૃતર્પણ એમ છ પ્રકારનાં તર્પણ કરાવવામાં આવે છે. આ બધાની પાછળ જુદી જુદી દાર્શનિક પૃષ્ઠભૂમિ રહેલી છે.

દેવતર્પણ અર્થાત્ ઈશ્વરની બધી મહાન વિભૂતિઓ પ્રત્યે શ્રદ્ધાની અભિવ્યક્તિ, જેઓ માનવકલ્યાણ માટે નિઃસ્વાર્થભાવથી પ્રયત્નો કરી રહ્યા છે. વાયુ, સૂર્ય, અગ્નિ, ચંદ્ર, વિદ્યુત તેમજ ઈશ્વરીય અંશ ધરાવતા મુક્ત આત્માઓ તેની અંતર્ગત આવે છે.

ઋષિતર્પણ વ્યાસ, વશિષ્ઠ, યાજ્ઞવલ્ક્ય, કાત્યાયન, જમદગ્નિ, અત્રિ, ગૌતમ, વિશ્વામિત્ર, નારદ, ચરક, સુશ્રુત, પાણિનિ, દધીચિ વગેરે ઋષિઓ પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત કરવા માટે કરવામાં આવે છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દિવ્યમાનવતર્પણ જેઓ લોકકલ્યાણ માટે સમર્પિત તથા ત્યાગમય જીવન જીવ્યા હોય અને વિશ્વમાનવ માટે પ્રાણનો ત્યાગ કર્યો હોય તેમના માટે કૃતજ્ઞતાની અભિવ્યક્તિ છે.

દિવ્યપિતૃઓ એમને કહેવાય છે, જેઓ કોઈ મોટી લોકસેવા તો ના કરી શક્યા હોય, પરંતુ વ્યક્તિગત રીતે આદર્શવાદી જીવન જીવીને પોતાની પાછળ અનુકરણીય ઉદાહરણ મૂકતા ગયા હોય.

યમ એટલે જન્મમરણનું નિયંત્રણ કરનારી શક્તિ. કુમાર્ગ પર ચાલતાં અટકાવનારી વિવેકશક્તિ જ યમ છે. તેની નિરંતર પુષ્ટિ થતી રહે અને મૃત્યુનું હંમેશાં ધ્યાન રહે તેના માટે યમતર્પણ કરવામાં આવે છે.

છેલ્લે મનુષ્યપિતૃતર્પણ કરવામાં આવે છે. તેનાથી પરિવાર સાથે જોડાયેલાં નરનારી પિતા, દાદા, પરદાદા, માતા, દાદી, પરદાદી, પત્ની, પુત્ર, પુત્રી, કાકા, ભાઈ, ફોઈ, માસી, સાસુ, સસરા અને અંતે ગુરુપત્ની, શિષ્ય તથા મિત્રગણ આવે છે.

આમ, શ્રાદ્ધતર્પણની સાર્વભૌમ વ્યવસ્થામાં તમામ સમુદાયો પ્રત્યે કૃતજ્ઞતાની અભિવ્યક્તિ કરવામાં આવે છે. આ માત્ર કર્મકાંડ પૂરતું સીમિત ન રહેતાં આપણા વ્યવહારમાં પણ ઊતરવું જોઈએ. આપણી પૃથ્વી એક વિરાટ પરિવાર છે એવી ભાવના જીવંત થાય તથા ઉદાર દાનશીલતાના રૂપમાં લોકકલ્યાણનાં કાર્યો થઈ શકે તો જ તેની સાર્થકતા છે.

હિંદુધર્મ અને સંસ્કૃતિમાં પિતૃપક્ષનું ખૂબ માહાત્મ્ય છે. જેઓ પિતૃઓ પાછળ શ્રાદ્ધ અને પિંડદાન કરતા નથી તેમને સાચા સનાતન ધર્મી અને દેવસંસ્કૃતિના સાચા અનુયાયી માની શકાય નહિ. શાસ્ત્રોની મર્યાદા અનુસાર મૃત્યુ થયા પછી મનુષ્યનો જીવાત્મા ચંદ્રલોક તરફ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જાય છે તથા તેનાથી ઉપર જઈને પિતૃલોકમાં પહોંચે છે. આવા મૃતાત્માઓને તેમના નિર્ધારિત સ્થાન સુધી પહોંચવાની શક્તિ પ્રદાન કરવા માટે તથા શાંતિ આપવા માટે જ પિંડદાન તથા શ્રાદ્ધનું વિધાન બનાવવામાં આવ્યું છે. શ્રદ્ધાથી શ્રાદ્ધ શબ્દ બન્યો છે. શ્રદ્ધાપૂર્વક કરવામાં આવેલું કર્મ જ શ્રાદ્ધ કહેવાય છે. શ્રાદ્ધથી શ્રદ્ધા જીવતી રહે છે. આપણા અદૃશ્ય સહાયક પિતૃઓ, ગુરુજનો તથા પૂર્વજો પ્રત્યે શ્રદ્ધા પ્રગટ કરવા માટેનું કર્મ શ્રાદ્ધતર્પણ છે. મૃતપિતૃઓ પ્રત્યે કૃતજ્ઞતાના ભાવને ટકાવી રાખવા માટે આપણી સંસ્કૃતિના અનુયાયીઓએ વર્ષમાં સોળ દિવસનો સમય ફાળવ્યો છે. પિતૃભક્તિનું આનાથી વધારે ઉજ્જવળ ઉદાહરણ બીજે ક્યાંય જોવા મળતું નથી.

હંમેશાં એક વાત યાદ રાખવી જોઈએ કે જો પિતૃઓને સાચી શ્રદ્ધા આપવામાં આવશે અને તેમને તૃપ્ત રાખવામાં આવશે તો તેઓ અવશ્ય આપણને શક્તિ, પ્રકાશ, પ્રેરણા, માર્ગદર્શન, સહયોગ તથા ભાવનાત્મક અનુદાન આપશે. પિતૃઓ પ્રત્યે વ્યક્ત કરવામાં આવેલી કૃતજ્ઞતા અનેકગણી થઈને આપણી ઉપર વરસે છે. આપણી જાડી બુદ્ધિને તાર્કિક બનાવીને આપણે પરોક્ષજગતના અસ્તિત્વને શ્રદ્ધાપૂર્વક સ્વીકારવું જોઈએ તથા પિતૃલોકમાં રહેલા સહાયક આત્માઓ સાથે સંપર્ક સ્થાપીને તેમનાં અનુદાનોનો લાભ લેતા રહેવું જોઈએ.

*

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.(ઉ.પ્ર.)

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org